અભક્ષ્ય અનંતકાય વિચાર.

પ્રકાશક-
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ,
મ્હેસાણા.
તરફથી શેઠ વેણીચંદ સુરચંદ.

વાંચો.

પુસ્તકને જેમ તેમ જ્યાં ત્યાં રખડતું મુકવું નહિ,
અશુદ્ધ હાથે પુસ્તકને અડકવું નહિ તેમજ
ઉઘાડે મુખે પુસ્તક વાંચવું નહિ

અગત્યની સૂચના.

સહુ કોઇ ભવ્ય આત્માઓને પવિત્ર જ્ઞાનામૃતનો અપૂર્વ લાભ અનુકૂળતાથી મળે એવા શુદ્ધ ઉદ્દેશથી ભેટ દાખલ આપવામાં આવતાં કોઈ પણ પુસ્તક ઉપર કોઇએ પણ મિથ્યા મારાપણાની મમતા બુદ્ધિ રાખી કોઇ રીતે પુસ્તકનો દુરૂપયોગ કરવો નહિં પણ પ્રમાદ રહિત પૂરતી કાળજી રાખી તેનો જાતે લાભ લઇ બીજા ગમે તે જિજ્ઞાસુ ભાઈ બ્હેનોને તે ભેટ દાખલ મળેલાં પુસ્તકનો છૂટથી લાભ લેવા દેવો અને એવી રીતે બમણો ફાયદો ઉપજાવી, ભેટ દાખલ અપાતાં પુસ્તકોનો પવિત્ર ઉદેશ સફળ કરવો. એ રીતે દરેક ભાઇ બ્હેનોને નમ્રતાપૂર્વક ખાસ ભલામણ કરીએ છીએ. જે ઉચ્ચ ઉદ્દેશથી પુસ્તકો ભેટ દાખલ આપવામાં આવે છે તે ઉદ્દેશ સફળ થાય અને તેની કોઇ રીતે આશાતના થતી અટકે એટલું સૂચવી વિરમીએ છીએ.

કિંમત–કાળજીપૂર્વક **પઠન, મનન અને પરિશીલન.**

૧૭

પરોપકારાય સતાં વિભૂતયઃ

અભક્ષ્ય અનંતકાય વિચાર.

યોજક

પ્રાણુલાલ મંગળજી શાહ. મહેસાણા.

રસનેંદ્રિયમાં લુબ્ધ થવાથી જાણતાં અજાણતાં સેવાતા દૂષણોથી દૂષિત થયેલા અને થતા જૈનબન્ધુઓના અનુગ્રહાર્થે.

શ્રીવરતેજ નિવાસી ભાવસાર ગાંડાલાલ માનચંદ વેલાણી તરફથી ભેટ.

છપાવી પ્રસિદ્ધ કર્તા.
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મ્હેસાણા.

આવૃત્તિ ૩ જી. પ્રત. ૩૦૦૦

અમદાવાદ.

શ્રી સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં શા સાંકળચંદ હરિલાલે છાપ્યું.

વીર સંવત ૨૪૪૧. સને ૧૯૧૪. વિક્રમ સંવત ૧૯૭૧.

ગ્રંથ સંબંધી અમારો અભિપ્રાય.

આ ગ્રંથ છપાયા પહેલાં તેનું આદ્યંત અવલોકન કરીને જ્યાં સુધારવા જરૂર જણાઇ ત્યાં સુધારવા ગ્રંથકર્ત્તાને સૂચવ્યું હતું, તેથી તેમણે ફેર કૉપી કરતાં લક્ષ્ય રાખ્યું લાગે છે. ઉક્ત ગ્રંથ તૈયાર કરવામાં મિ. પ્રાણુલાલ મંગળજીએ અથાગ પરિશ્રમ લીધો છે. તેમજ પુષ્કળ વખતનો વ્યય કરી અનેક શંકિત સ્થળે પૂછવા લાયક વિદ્વાન્ સાધુઓ તથા શ્રાવકોના અભિપ્રાય મેળવી જેમ બને તેમ કાળજીથી અભક્ષ્ય અનંતકાય સંબંધી સવિસ્તર વ્યાખ્યાન આપવા પ્રયત્ન કર્યો છે. ખપી શ્રાવક શ્રાવિકાઓને ઉક્ત વિષય બાબત એક ઉપયોગી ગાઇડની ગરજ સારે એટલે દરજ્જે ગ્રંથકર્ત્તાએ તેમા મથન કર્યું છે, તે ફળીભૂત થાઓ! વિશેષે કરીને પ્રસ્તુત ગ્રંથ જૈન મતાનુયાયીને ઉપયોગી છે, કેમકે અભક્ષ્ય અનંતકાયને સમજી તેનો ત્યાગ કરવામા જૈનો જેવા મશહુર છે તેવા અન્ય મતાનુયાયી નથી, તોપણ જો આ ગ્રંથને કોઇ તત્ત્વરુચિ હોઇ મધ્યસ્થતા પૂર્વક વાચશે તો તે કાંઇને કાંઇ લાભ મેળવી શકશે. છપાયેલો ગ્રંથ મેં ઉતાવળથી ઉપર ટપકે જોયો છે, એકંદર તેથી ખપી જનોને તો લાભજ સંભવે છે; દૂધમાં પોરા જોનારા છિદ્ર બુદ્ધિને તો તેથી લાભ થઇ નહીં જ શકે એ સ્વાભાવિક સમજાય છે. આ છોટા પણ ગ્રંથ ઉપરથી કર્તાનું ધર્મમાં કેવું ઝનુન છે, તથા વ્રત નિયમોમાં તેની કેવી દ્રઢ ટેક છે, તે પ્રસંગે ઝળકી આવે છે. વધારે પ્રશંસા કરવાનો અત્ર અવકાશ નથી. ફક્ત તેનો પ્રાથમિક શ્રમ સફળ થાય માટે દરેક તત્ત્વજીજ્ઞાસુ સજ્જનને આ ગ્રંથ આદ્યંત વાંચી તેમાથી ગુણ ગ્રહણ કરી લેવા સાગ્રહ ભલામણ કરી અત્રે વિરમું છું.

લી. સન્મિત્ર કર્પૂરવિજય.

પ્રસ્તાવના.

વ્રતધારી શ્રાવકો મુખ્યત્વે કરીને બાવીશ અભક્ષ્યના ત્યાગી હોય છે તેમના ઉપયોગની જાગૃતિને અર્થે તથા ધન્ય ભવ્ય પ્રાણિઓના હિતને માટે બાવીશ અભક્ષ્ય, અનાચરણીય વસ્તુઓ વગેરે સંબંધી કિંચિત્ અધિકાર દર્શાવ્યો છે, તે વાંચી વિચારી તદનુસાર વર્તન રાખવા તેઓ યથાશક્તિ ઉજમાલ થશે તો સ્વપરને અતિ હિતકારી થશે. કેટલાક બંધુઓ બાવીશ અભક્ષ્ય અગર બીજા નિયમો લે છે પણ તેનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વગર લેવાથી પાછળથી વ્રતમાં સ્ખલના પડે છે, જેથી પ્રથમ-થીજ તેનું વાસ્તવિક સ્વરૂપ સમજવાને માટે આ પ્રયાસ કર્યો છે. જેમાંની ઘણીખરી બાબતોનો ખુલાસો વિદ્વાન્ મુનિમહારાજાઓ તથા ઉપયોગવંત શ્રાવકો વગેરેને પૂછી લખ્યો છે. કેટલીક બા-બતોમાં મતભેદ હોવાથી મધ્યસ્થપણું રાખવું ઉચિત જાણી યથાયોગ્ય લખ્યું છે; છતાં પણ શંકા જેવી બાબતોનો વિશેષ જ્ઞાની પાસેથી નિર્ણય કરી લેવો. આ ગ્રંથમા મતિમંદતાથી જે કાંઇ શ્રીવીતરાગની આજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તે સંબંધી શ્રીસંઘ સમક્ષ મિથ્યાદુષ્કૃત દઉં છું તથા દષ્ટિદોષથી જે કાંઇ કાનો, માત્રા, અનુસ્વાર તથા હ્રસ્વ દીર્ઘની ભૂલ રહી ગઇ હોય તેને માટે સુજ્ઞ વાંચકજનને તે સુધારી વાચવા સવિનય પ્રાર્થના કરૂં છું.

આ પુસ્તક અથથી ઇતિ સુધી વાંચવા જરૂર ખપ કરવો તથા જે રસોઇનું કામ કરતા હોય તેને ઉપયોગ પૂર્વક સમ-જાવી તે મુજબ વર્તવા શીખામણ આપવી; તથા આ પુસ્તક વાંચી સમજી યથાશક્તિ નિયમ લેવા અવશ્ય ઉદ્યમ કરવો અને જેઓ વિરતિવંત છે તેઓએ અવશ્ય બીજા અન્ય મુગ્ધ સંસાર

જાળમાં ફસાએલા પ્રાણિઓને વિરતિરૂપી સુખડી ચખાડવી. આ પુસ્તક તેમજ બીજા જ્ઞાનના દરેક પુસ્તકની આશાતના કરવી નહિ. "**આગમની આશાતના નવી કરીએ**" એ પૂજાનું રહસ્ય વારંવાર મનન કરી જ્ઞાન આશાતનાથી ભય પામી જેમ બને તેમ જ્ઞાનનું અતિ આદર–વિનય પૂર્વક બહુમાન કરવું; જ્ઞાન પુસ્તક પાસે રાખી આહાર નિહાર કરવો નહિ; અશુદ્ધ હાથે કે લઘુનીતિ કર્યા પછી હસ્ત સ્વચ્છ કર્યા વગર જ્ઞાનને અડવું નહિ; જ્ઞાન પાસે છતાં સુવું નહિ; થુંકવાળી આંગળી લગાડવી નહિ; પગ ઉપર પગ ચડાવી બેસવું નહિ; જ્ઞાન તરફ પીઠ કે પગ રાખવો નહિ; જ્ઞાન જમીનઉપર નીચે ન મૂકવું; અશુદ્ધ જગ્યાએ કે અકાલે ભણવું નહિ; પગ ઉપર કે ચરવલા ઉપર રાખીને ભણવું નહિ કારણ કે નાભી નીચેનો ભાગ અશુદ્ધ છે અને ચરવલો તો પુંજવાનું સાધન છે, તેથી સાપડા ઉપર મૂકી મુખ આગળ મુહપત્તિ કે વસ્ત્ર રાખીને વાંચવું! (મુહપત્તિનો ઘણો પ્રચાર મંદ થતો જાય છે જેથી જ્ઞાનને શ્વાસ, થુંક વગેરે લાગવાથી બહુ આશાતના થાય છે તેથી અવશ્ય મુહપત્તિનો ઉપયોગ ચુકવો નહિ. વળી ગૌતમ મહારાજે વીર પ્રભુને પૂછ્યું જે ઇંદ્ર સાવદ્ય ભાષા બોલે કે નિરવદ્ય? ત્યારે ભગવંતે ઉત્તર આપ્યો કે મુખ આગળ વસ્ત્ર પ્રમુખ રાખી બોલતાં નિરવદ્ય ભાષા બોલે અન્યથા તે સાવદ્ય જાણવી. જેથી અષ્ટ પ્રવચન માતાના રક્ષક મુનિમહારાજાઓને પણ અમે પ્રાર્થના કરીએ છીએ કે પ્રમાદ ત્યજી મુહપત્તિ કે જે નામની થઇ ગઇ છે તેનો સદ્‌ઉપયોગ કરવા કાળજી રાખવામાં આવે તો પાસે રહેનારા શ્રાવક શ્રાવિકા વર્ગ પણ તેનો સદુપયોગ કરતાં શીખે!) રસ્તે ચાલતાં પણ જ્ઞાન નાભી ઉપર

અને મસ્તક નીચે (છાતી સરસું) રાખવું; જેમ રાજા, શેઠ પ્રમુખ આવતાં ઉભા થઇ તેમનું બહુમાન કરીએ છીએ તેમ જ્ઞાનનું બહુમાન, વંદન, પૂજન કરવું. જો જ્ઞાનાવરણીય કર્મ શીઘ્ર ક્ષય કરવાં હોય તો જ્ઞાનની આશાતના કોઇ પણ પ્રકારે ન થાય તેવો શુદ્ધ ઉપયોગ રાખો ! જેથી લોકાલોકપ્રકાશક ઉત્તમ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ! સુજ્ઞેષુ કિંબહુના ?

લી૦ ગ્રંથકર્તા.

ભૂમિકા

પ્રિય વાંચનાર !

કોઇ કોઈ જાતિની દેશી પરદેશી દવાઓ, હમેશની ઉપયોગની વસ્તુઓ, ઘન અને પ્રવાહી પદાર્થો કે જે દોષવાળા છતાં તે વસ્તુઓની ઉત્પત્તિ અને દોષના જ્ઞાનના અભાવે ભવભીરૂજનોથી પણ તે વસ્તુઓ જાણ્યે અજાણ્યે વપરાશમાં લેવાતી, તેમજ પાશ્ચિમાત્યની છાયાના વધુ સંસર્ગથી ભક્ષ્યાભક્ષ્યનો વિવેક બહુજ ઓછા હૃદયોમાં રહેવા પામ્યો અને તેને લઇને ઘણીક વસ્તુઓ કે જે એક જૈન તરીકે ઓળખાતી વ્યક્તિને કદી પણ નહીં ખાવી પીવી જોઇયે એવી વસ્તુઓ પણ વપરાવી શરૂ થઇ; આવા સમયમાં દોષવાળી અભક્ષ્ય અનંતકાય વસ્તુઓ કે જે શું કારણથી નહીં વાપરવી જોઇયે ? વાપરવાથી શું દોષ થાય છે ? તે અને તેને લગતી વધુ હકીકતો સુચવનારા એક પુસ્તકની ખાસ જરૂર હતી; તેવા સમયમાં જુનાગઢ નિવાસી મી. પ્રાણલાલ મંગળજીએ કેવળ ઉપકાર બુદ્ધિથીજ આ ગ્રન્થની યોજના કરી છે. જે જરૂરીયાતના વખતમાં જીજ્ઞાસુ જનોને ઘણીજ ઉપયોગી થઇ પડવાથી પ્રથમની બે આવૃત્તિ ટુંક મુદતમાં થઇ

રહી છે, હજુ પણ પેયાપેય અને ભક્ષ્યાભક્ષ્યની બાબતનો વિવેક પ્રાપ્ત કરવાના જીજ્ઞાસુઓ તરફથી ઉપરાઉપર માગણીઓ થવાથી બીજી આવૃત્તિમાં બનતો સુધારો વધારો કરીને આ ત્રીજી આવૃત્તિ છપાવી છે. આ આવૃત્તિમાં કેટલીક ફુટનોટ શ્રી ભાવનગર નિવાસી શ્રીયુત વોહોરા અમરચંદ જસરાજે લખી આપેલ દાખલ કરી છે.

આ પુસ્તક વાંચી ધર્મના ખપી પુરૂષો પોતે અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કરશે અને અન્યબન્ધુઓને વંચાવી, ઉપદેશથી સમજાવી ત્યાગ કરાવશે તો યોજકનો અને અમારો ઉદ્દેશ અને પ્રયત્ન સફળ થયો સમજીશું.

આજકાલ કેટલેક સ્થળે શ્રીપર્યુષણપર્વમાં અઠ્ઠાઇ આદિ તપ કરનારે નવકારશી કરવીજ જોઇએ એવો ફરજીયાત રીવાજ પડી ગયેલ છે તેથી કરી સામાન્ય સ્થિતિવાળા જનો આવા ઉત્તમ તપનો લાભ લઇ શકતા નથી; અને સાત કે નવ ઉપવાસ કરી મનને સંતોષ માને છે. તેવો રીવાજ શ્રી **વરતેજ** ગામમાં પણ હોવાથી મુનિ મહારાજ શ્રી ભક્તિવિજયજીના સદુપદેશથી તે રિવાજ દૂર કરવા ખાતર ભાવસાર ગાંડાલાલ મામચંદે તેમના સુપત્નિ પુરીબાઇએ કરેલ અઠ્ઠાઈ તપનિમિત્તે નવકારશી નહિ કરતાં રૂ. ૧૯૦) ની મદદ અમોને મોકલીને આ પુસ્તકની ૧૦૦૦ કોપી તેમના તરફથી છપાવી છે.

આ ગ્રંથની પ્રથમની બે આવૃત્તિઓ અમોએ શાસ્ત્રી ટાઈપમાં છપાવી હતી પરંતુ ગુજરાત કાઠીયાવાડના કેટલાક ભાઇઓને શાસ્રી અક્ષરનું જ્ઞાન નહિ હોવાથી તેઓના લાભને ખાતર આ આવૃત્તિ ગુજરાતીમાં છપાવી છે.

આ ગ્રન્થના યોજક કે જેમણે પોતાનો કિમ્મતી વખત રોકી કેવળ હિતબુદ્ધિથીજ આ બાબતોની માહેતી મેળવી ગ્રન્થરૂપે યોજના કરી છે તે બદલ તેમનો, જે મહાશયોએ આ ગ્રન્થને તપાસી સુધારો વધારો કરવાની સૂચના આપી છે તેમનો, શ્રીયુત અમરચંદભાઇએ આ આવૃત્તિમાં પરિશ્રમ લઇ જે સુધારો વધારો કરી આપ્યો તે ખાતર તેમનો અને આ ગ્રન્થ છપાવવા માટે મદદ આપી છે તે ઉદાર દિલના દાના ગૃહસ્થોનો આ પ્રસંગે અમો અંતઃકરણપૂર્વક આભાર માનીયે છીયે અને પુન પુનઃ આવાજ પરમાર્થના કાર્ય પરત્વે તન, મન, અને ધનનો યથાશક્તિ ભોગ આપ્યા કરે એવું ઇચ્છી વિરમીએ છીએ.

તાજાકલમ—પોતાના પંચત્વ પામેલા વ્હાલાઓના સ્મરણાર્થે કાઢેલી રકમમાંથી અને પોતાની કમાઇમાંથી અગર વ્યાપારમાંથી શુભખાતા માટે રાખેલા હિસ્સામાંથી,—એકંદરે જેને પોતાના દ્રવ્યનો સદુપયોગ કરવાની જીજ્ઞાસા હોય તે બન્ધુઓ અને બ્હેનોને અમો સવિનય જણાવીયે છીયે કે તેઓએ સર્વને અતિહિતકારક અને જનતાને વધુઉપયોગી થઇ પડે એવા પુસ્તકો છપાવી ભેટ આપવા અપાવવા માટે બનતુ કરવું.

આ ગ્રન્થની અંદર કોઇપણ બન્ધુઓને સુધારવા જેવું અગર ઉમેરવા જેવું જણાય તે બંધુઓએ જરૂર અમારાપર લખી જણાવવાની કૃપા કરવી. જેથી ચોથી આવૃત્તિમાં સુધારી શકાય.

સજ્જનોને સુધારીને વાંચવા વિજ્ઞપ્તિ કરીયે છીયે. અને મદદ કરનારા સદ્‌ગૃહસ્થોનો આભાર માની વિરમીએ છીએ. ભૂલચૂકમાટે ત્રિવિધ મિચ્છામિ દુક્કડં—ઇતિશમ્. સંવત ૧૯૭૧ ચૈત્ર શુદી ૧૫.

લી. પ્રસિદ્ધ કર્તા.

અનુક્રમણિકા.

॥ नमः श्रीपरमात्मने ॥

अभक्ष्य अनंतकाय विचार.

॥ मंगलाचरण. ॥

જેણે અતિ દુષ્કર એવો તપ કરી રાગ દ્વેષનો ક્ષય કરી વિશાલ શિવ સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે એવા નિકટોપકારી શાસન નાયક શ્રમણ ભગવંત શ્રી મહાવીર જિનેશ્વરને અમે નમસ્કાર કરીએ છીએ.

જે અષ્ટ મદનો જય કરવા સાથે ઇંદ્રિયોનું દમન કરવામાં તથા ઉત્તમ ધર્મ ધ્યાન, શુકલ ધ્યાન ધ્યાવામાં તત્પર છે એવા શ્રીમાન્ મુનિયોમાં પ્રધાન ગણધર મહારાજ તથા પૂર્વાચાર્યો અમારૂં મંગલ કરો !

ચૌદ પૂર્વધારી શ્રી ભદ્રબાહુસ્વામી, સ્થૂલીભદ્રજી, દશપૂર્વી શ્રી વજ્રસ્વામી તથા શ્રી દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણાદિ નિર્ગ્રંથ સાધુઓનું અમોને શરણ હોજો !

શ્રી મૃગાવતિ અને શ્રી ચંદનબાલા પ્રમુખ સાધ્વીજીના ઉત્તમ ચારિત્ર શિયલ તથા વિનયાદિક ગુણોનું અમને અનુમોદન અહર્નિશ હો!

શ્રી આણંદજી, શ્રી કામદેવજી, શ્રી પુણિયાજી અને શ્રી જીરણજી પ્રમુખ શ્રાવકોનાં ઉત્તમ દ્વાદશ વ્રતો, જ્ઞાન, દર્શન,

ચારિત્ર એ રત્નત્રયીની આરાધકતા તથા દૃઢ સમ્યકત્વાદિ ઉત્તમ આચારોનું અમે શીઘ્ર અનુકરણ કરતા થઇએ !

શ્રી સુલસા અને રેવતી પ્રમુખ શિયલવતી શ્રાવિકાઓના દૃઢ સમ્યક્‌ત્વાદિ સુચરિત્રોનું સ્મરણ, અનુકરણ અમને સદા પ્રાપ્ત થાઓ !

શ્રી જિનશાસનની અધિષ્ઠાયિકા શ્રી સરસ્વતી દેવી સકલ સિદ્ધિ આપો !

શ્રી મહાવીર ભગવંતના શાસનની રક્ષા કરવાવાળા માતંગ યક્ષ દેવતા તથા સિદ્ધાયિકા દેવીની સ્તુતિ વિઘ્નશાંતિ માટે કરૂં છું.

શ્રીજૈનધર્મમાં તત્પર સમ્યગ્દૃષ્ટિદેવનું સ્મરણ કરીને, **અભક્ષ્ય અનંતકાય વિચાર** નામના ગ્રંથનો શ્રી સૂત્ર સિદ્ધાંતમાંથી ઉદ્ધરીને જિનાજ્ઞાનુસારે પ્રારમ્ભ કરીએ છીએ.

શ્રાવકને ઉત્સર્ગ માર્ગે તો પ્રાસુક આહાર લેવો કહ્યો છે જો શક્તિ ન હોય તો સચિત્ત ત્યાગી હોય, જો તે પણ ન કરી શકે તો બાવીશ અભક્ષ્ય અને બત્રીશ અનંતકાયનો તો જરૂર ત્યાગ કરે.

पंचुंबरि चउ विगई, हिमविसकरगे अ सव्वमट्टी अ ।
राईभोयणगं चिय, बहुबीअअणंत[1] संधाणा ॥ १ ॥
घोलवडा वायंगण, अमुणिअनामाइं पुप्फफलाइं ।
तुच्छफलं चलिअरसं, वज्जे वज्जाणि बावीसं ॥ २ ॥

ભાવાર્થ—પાંચ પ્રકારના ઉંબર ફળ ૫, ચાર મહા વિગઇ ૯, હિમ ૧૦, વિષ ૧૧, કરા ૧૨, સર્વ પ્રકારની માટી ૧૩,

૧ અણુંત–બત્રીશ અનંતકાયનું વર્ણન બાવીશમું દર્શાવ્યુંછે બાકીના ક્રમવાર લખ્યાં છે.

રાત્રીભોજન ૧૪, બહુબીજ ૧૫, અનંતકાય ૧૬, બોળ અથાણું ૧૭, ઘોલવડા ૧૮, વેંગણુ ૧૯, નામ ન જાણીએ એવા અજાણ્યા ફૂલ ફળ ૨૦, તુચ્છ ફળ અને ચલિત રસ ૨૨, એ બાવીશ વર્જવા યોગ્ય અભક્ષ્યોને વર્જવા જોઇએ. ૧-૨.

૧ * વડની પીપુ (ટેટા), ૨ પારસપીંપલીની[1] તથા પીંપલાની પીપુ, ૩ પ્લક્ષ (પીંપળની જાતિ છે), ૪ ઉંબર (ગૂલર) ની પીપુ, ૫ કચુંબર (કાલુંબર)ની પીપુ, એ પાંચે વૃક્ષના [2]ફળમાં ઘણા સૂક્ષ્મ ત્રસ જીવો હોયછે જેની ગણત્રી થઇ શકતી નથી માટે તે સઘળા અભક્ષ્ય છે તેથી તેનો ત્યાગ કરવો. દુર્ભિક્ષમાં અન્ન ન મળે તોપણ વિવેકી પુરૂષો પૂર્વોક્ત ફળો ખાય નહિ.

૬ મધ, ૭ મદિરા, ૮ માંસ, ૯ માખણ, એ ચારે વસ્તુનો જેવો રંગછે તેવાજ રંગના તેમાં નિરંતર અસંખ્ય જીવો ઉપજે છે માટે તે અભક્ષ્ય છે, વળી તે ચાર મહાવિગઈ અતિ વિકાર કરવાવાળી છે, તેનું વિશેષ વર્ણન યોગશાસ્ત્ર, જૈનતત્વાદર્શ વગેરેમાં દર્શાવ્યુંછે જેથી અત્રે સંક્ષેપમાં કહ્યુંછે.

[3]મધ—વાઘરી લોકો મધનાં પુડાં લાવેછે ત્યારે પ્રથમ

---

* આ ટેટામા અતિ સૂક્ષ્મ બીજ તથા જીવ ઘણા છે.

૧ પીપરની પેપડીમા સૂક્ષ્મ બીજ અને જીવ ઘણા છે.

૨ કોઇ પણ ફળમા જેટલા બીજ તેટલા જીવો વનસ્પતિકાયના જાણવા તે બધાની અલ્પ સ્વાદ સારૂ હિંસા કરવી તે યુક્ત નથી.

૩ કોતાનુ. ભમરીનુ અને માખીનુ એમ ત્રણ પ્રકારનુ મધ ભાષ્યકારે વર્ણવ્યુ છે. તેમાંનુ દરેક મધ કે જે જીવ જંતુની લાળ છે, તે જૂઓ તો વિષ્ટાદિ દુગંછનીય વસ્તુથી લાવે છે, તેથી તે એકઠુ કરેલુ એઠુ છે તે ભલે મીઠુ લાગે છતાં પણ પાપભીરૂએ ચાખવા જેવુ પણ નથી.

તેઓ તે જગ્યાએ ધૂમાડો કરી મધમાખીઓને અત્યંત ત્રાસ ઉપજાવી તેનાં ઘરમાંથી કાઢેછે; તેમાં નાનાં બચ્ચાંઓ અનેક હોય, જેઓ ઉડવાને અશક્ત હોવાથી તેના પ્રિય પ્રાણથી મુક્ત થાયછે. જેમ એક માણસે ઘણા વર્ષ પર્યંત અત્યંત પરિશ્રમથી સંગ્રહેલું ધન હોય તે એક રાત્રિમાં ચોર આવી ચોરી જાય ત્યારે તેને તથા તેના કુટુંબને કેટલું દુખ થાય? તેમજ આ અનેક જીવોએ ઘણા વખતના કરેલા પરિશ્રમથી સ્વભક્ષણ અર્થે તૈયાર કરેલું મધ (તેઓનું મધપોડું--આનંદી ગૃહ) વાઘરી વગેરે અનાર્ય લોકો તેને અત્યંત કિલામણા (પરાભવ-કષ્ટ) ઉપજાવી ચોરી જાય ત્યારે તેઓને કેટલું દુઃખ થતું હશે? અને તેવા અનાર્ય લોકોને આપણે ઉત્તેજન આપીએ તે કેવું ત્રાસજનક! વળી તે મધમાં નિરંતર અસંખ્ય જીવો ઉપજેછે તેથી તેનો અવશ્ય ત્યાગ કરવો યુક્ત છે. કોઇ રસ લંપટતાથી મધ ખાય એ વાતતો દૂર રહી પણ જો ઔષધ માટે મધ ખાય તો પણ તે નરકનું કારણ છે; જેમ પ્રમાદના ઉદયથી જીવવાને માટે કોઇ કાલકૂટ વિષનું કણ માત્ર ભક્ષણ કરે તોંપણ જરૂર પ્રાણનો નાશ થાય, તેમ મધ ખાવાથી નરક ગતિ પ્રાપ્ત થાય; તેથી સર્વથા તેનો ત્યાગ કરવા પુરાણ વગેરે અન્ય શાસ્ત્રમાં પણ કહ્યુ છે. આત્મ શૂરાઓજ પરના જીવોને સ્વ સમાન ગણી આવી અભક્ષ્ય ચીજોનો સર્વથા ત્યાગ કરેછે અને મહારોગ વશે કે પ્રાણાન્ત કષ્ટે પણ તેનો સ્પર્શ પણ કરતા નથી, તેઓને સહસ્ર વાર ધન્ય છે! માટે હે બંધુઓ! પ્રમાદ ત્યજી આ ચીજ પરિહરવા શૂરવીર થાઓ.

મદિરા—તેનો સર્વથા ત્યાગ કરનારે ઇંગ્રેજી દવા પ્રમુખ

વર્જવું જોઇએ, કારણ કે તેમાં પ્રાય: ટિન્કચર-સ્પીરીટ[1] (દારૂ) આવેછે; વળી કેટલીક પાઉડર (ભૂકો–ચૂર્ણ) વાળી દવામાં પણ અભક્ષ્ય વસ્તુના મિશ્રણ થાયછે; જેથી [2]ઇંગ્રેજી દવાનો ત્યાગ કરવોજ ઉત્તમછે.

૧–૧ દ્રાક્ષાસવ, ૨ કુમારાસવ, ૩ લોહાસવ, એ દેશી દવા પણ એવીજ છે દ્રાક્ષ અને મહુડાને સોડવે છે તેવી સોડતુ નામ આસવ છે. શરબતમાં પણ અભક્ષ્યના કારણો વિચારવતો દેખી શકે છે. ૨ અનેક જાતનો વાઇન (દારૂ) પીનારા વ્યસની છે તે દરેકના બુરા હાલ જગ જાહેર છે, કોઈ જાતનો કેફ હિતકારી નથી. ગાંજો, લીલાગર પણ તજવા જોઇએ. દારૂ એટલે અનેક વસ્તુનો સડો કરી તેમાં ત્રસ જીવો ઉપજે તે સુદ્ધાંનો યત્રથી રસ કાઢી લેવો તે કેટલાએક ભોળા જનો કોલનવોટર વાપરે છે પણ તે અચિત્ત નથી અને તેના ઉપર દારૂ તરિકેની મોટી જગાત લેવાય છે.

જયારે આયુર્વેદના કર્તાએ અનાર્યોની ખાતર અભક્ષ્ય ઔષધો–ચરબી તેલ વગેરે બતાવેલુ છે ત્યારે યુનાની હકીમોએ આર્યાવર્તને માસ, ઇંડા અને મચ્છી વગેરે અભક્ષ્ય પદાર્થનો ભોગ સહેજે ફરમાવ્યો છે માટે દરેક દવા લેતા આર્ય ધર્મ જાળવનારા થવુ જોઇએ.

ઇંગ્રેજી દવા જેમાં અભક્ષ્ય પદાર્થ હોય છે તેની વિગત.

૧ કૉડલીવર પીલ્સ–દરિયાઇ માછલીના કલેજાના તેલની ગોળી.
૨ સ્કૅાટઇમલશન ઑાવરીલ–બળદ અને પાડાના અમુક ભાગનું માસ.
૩ વિરોલ–ગાયના મગજનો માસ રસ.
૪ બીફ્રાઇરન વાઇન–ઘેટાના માંસ યુક્ત બ્રાંડી
૫ કારતિક લીકવીડ–માસ મિશ્રિત
૬ સરોવાની ટોનિક–સ્પીરીટ (મદિરા) યુક્ત.
૭ એક્ષટેટ મોલ્ટ–મધ અને માસ મિશ્રિત
૮ એક્ષેટેટ ચિકન–કુકડીના બચ્ચાનો રસ.
૯ વેસેન ઇન–ડુકરની ચરબી.
૧૦ પેપસીન્ટ પાઉડર–કુતરા અને ડુકરની બે ગોળીનો ભૂકો.

. માંસ-જે અનેક જીવોને મારીને તૈયાર કરે છે તે મુખ્ય ત્રણે ભેદે અભક્ષ્ય કહેલું છે-જળચરનું મચ્છી વગેરેનું સ્થળચરનું પાડા, બકરા, હરણ, ગાય, ઘેટાં, અને સસલાં વગેરેનું અને ખેચરનું ચકલાં, કુકડા અને પારેવાં વગેરે ત્રસ પંચેંદ્રિય અનેક પ્રાણીઓને શીકાર તરીકે કે ધંધા તરીકે મરણ પમાડીનેજ નીપજાવેલું છે અર્થાત્ તેઓ નિરપરાધિ છતાં તેઓનો નાશ થાય છે. તે પ્રાણી સઘળાએ માબાપના પીશાબથીજ પેદા થએલ છે માટે ક્ષત્રિયોને અને મોહમેદનોને પણ તજવા યોગ્ય મહા-દુગંછનિક માસ છે

પૂરાણમા તેમજ કુરાનમાં તેને અભક્ષ્ય ફરમાવેલું છતાં બળ પુષ્ટી અને જીભના લોલપી તેવુ અખાદ્ય ખાય છે, પણ પરના પ્રાણ લીધેથી કોઇને પોતાનું મોત અળસાતું નથી જેમ આપણને મરવું ગમતું નથી, બાળબચ્ચાંનો કે માવતરનો વિજોગ પોસાતો નથી, તેમ દરેક જીવ મરણ કે વિજોગ ઇચ્છતા નથી માટે જેવું વર્ત્તન પોતે બીજા તરફથી ઇચ્છવું તેવું વર્ત્તન આપણે અન્ય દરેક પ્રાણી પ્રત્યે રાખવું એવી ન્યાય ભરેલી દ્રષ્ટી રાખશો તે.જ પોતાનું શ્રેય થશે.

. પવિત્રતા અને આર્યપણું જે હીંદુસ્થાનમાં છે તે માંસાહાર તજીને ફક્ત વનસ્પતિ તથા દુધના ખોરાકથી જ જળવાય છે પરંતુ કોઇ રીતે (પ્રત્યક્ષ કે પરોક્ષ) માંસ, લોહી કે ચરબીજન્ય કોઈપણ પાપમય ચીજો ખાવા પીવાથી જળવાતું નથી તેમજ તંદુરસ્તી પણ બગડે છે તે અવશ્ય સમજો. રાક્ષસ જેને કહેવાય છે તે મનુષ્ય સુધાતને ખાય ત્યારે જેનો માંસભક્ષક ધર્મ છે તેને પાપ હોવાનું બાકીશ્યું ?

એક ધર્મવાળાએ કુકડા, હરણ અને માછલા વગેરેના ભક્ષણથી અનેક પ્રાણીયો મારવાનું પાપ થાય માટે તે તજવા સારૂ એક હાથીને

મારવાથી ઘણી મુદત માંસ પહોંચે જથા થોડી હિંસા થાય એવું ચલાવ્યું. જુઓ ન્યાય શું છે ? હમેશાં નરકગામી (માઠીગતિ જનારા) ઓને સિંહ વાઘ અને હાથી મારવાનું સૂઝે છે. જેઓ આ જીંદગીમાં ઇંદ્રનુ વાહન તથા ગણપાતની આકૃતિ રૂપ હાથી જેવા પ્રાણીનો નાશ કરે તે અવશ્ય પાપી છે.

ખાટકી પોતાનો ધંધો છતાં બકરાં ઘેટાં કે પાડાનું ગળું કાપવાની છરી પોતાને હાથે નહીં પણ એકાદ પૈસો આપીને બીજા નીચ માણુસને હાથે મૂકાવે છે.

માંસની અંદર પળે પળે અનેક જીવો (ત્રસ) ઉપજે છે તે માંમને અગ્નિ ઉપર પચાવતાં અને પચાવ્યા પછી પણ ઉપજ્યા કરે છે. ખાત્રી સારૂ જુઓ મુએલા જનાવરનું કલેવર વધારે વખત પડી રહે તેમાં બારિકરૂપે ઉપજેલા હોઇને જ પછી મોહોટાં થતાં દ્રષ્ટિગોચર થાય છે. તે સત્ય વકતાયે તદ્દ વર્ણે (માંસનાંજ કલરવાળા) કહ્યા છે. એજ પરોપકારી નરવીરે સર્વ જંતુઓને પોતાની સમાન ગણવા માટે પરના પ્રાણુ બચાવવાના હેતુએ પ્રાણીથી નીપજતી ચીજો માંસ, ઈંડા કે મચ્છીના તેલવાળી કોઇપણ વસ્તુ, ભોગ્ય ન કરવી એમ ફરમાવ્યું છે.

એજ હીસાબે શ્રીજિનશાસનમાં પંદર કર્માદાન તજવાનું દરેક ધર્મિઓને અનાદિ કાળથી હમેશને માટે ફરમાવ્યું છે. કેટલાક દગાખોર લોકો ઘીમાં ચરબીનો ભેગ કરે છે; વિલાયતી બિસ્કૂટ પ્રમુખમાં તેવું મિશ્રણ કરે છે, તેવી ચીજનું આજે કેટલાક ભક્ષણ કરેછે, તે ખેદજનક છે. તેથી બિસ્કૂટ વગેરે આભડછેટવાળી ચીજોનો સ્પર્શ પણ ન કરવો. કેટલીક ઇંગ્રેજી દવાઓ જેમ કે [1]કૉડલીવરઓઈલ (માછલીનું

---

૧ કૉડલીવર ઓઇલની ગરજ ખોપરેલથી સરેછે જૂઓ ડા૦ ત્રીભોવનદાસકૃત વૈદ્યક ગ્રંથ.

તેલ) સ્કૉટ ઇમલશન, બાવરીલ અને મુંબઇ[1] પ્રમુખ, ચરબી વિગેરે નો ભેગ કરી બનાવે છે તેનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ. તન્દુરસ્ત થવા માટે ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કર્યા વગર આવી ચીજો વાપરો છો, પણ હે ભવ્યો ! તેના કિંપાક સમાન બહુ માઠી ગતિનાં ફળ ભોગવવાં પડશે, તે વિચારો ! અનાદિ કાળથી તન (પુદ્ગલ) ની સંભાળમાંજ આ જીવે ચતુર્ગતિમાં ભ્રમણ કર્યું પણ મન દુરસ્ત વગર આત્માનું કલ્યાણ થવાનું નથી. તેથી જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિના દુઃખનું નિવારણ કરવા આવી અભક્ષ્ય ચીજોનો ત્યાગ કરો ! ધન્યછે વંકચુલ રાજકુમારને કે જેણે પ્રાણાન્તે પણ માંસનું ભક્ષણ કર્યું નહિ અને દેવ ગતિ સાધી. કયારે આપણે તેવા મહાત્મા પુરૂષોનું અનુકરણ કરતાં શીખીશું અને શિવસંપદા પામીશું ?

માખણ—જેમ દુધને કાળાંતરે બગડવાપણું થયે અભક્ષ્ય છે, દહીંને મેળવ્યા પછી બે રાત્રી ગયે અભક્ષ્ય છે અને ઉંદડી પ્રમુખના દુધમાં એક મુહૂર્તમાં જીવાત ઉપજે છે માટે અભક્ષ્ય છે, ત્યારે સઘળા સર્વજ્ઞોએ સરખી રીતે દર્શાવેલું માંખણ અભક્ષ્યજ છે. છાશમાં સહજ સ્વભાવિક માખણ આવી જવા સંભવછે તેથી વિરતિવંતે તો તે ગાળીને વાપરવી અથવા અજાણતા આવીજાય તેની જયણા રાખવી. માખણ છાશમાંથી

---

૧ મુબઇ નામની દવા જે માણસ તથા જનાવરના કલેજામાંથી બનાવે છે તે તો પ્રગટપણે અભક્ષ્ય છે તેના બદલે શીલાજીત વાપરવાથી તે દવાનુ કામ કરશે

૨ નબળાઇના દરદ માટે જો તેલનો ખપ હોય તો બદામનુ તાજું તેલ સર્વ દવાથી ચઢીયાતુ કામ આપે છે.

બહાર કાઢે કે તરતજ [1]અંતર્મુહૂર્ત્તમાં સૂક્ષ્મ તદ્વર્ણ જીવ ઉત્પન્ન થાય છે; તેમાં શંકા કરવી ઉચિત નથીઃ કારણ વસ્તુ માત્ર બે પ્રકારે સિદ્ધ થાય છે, એક હેતુગમ્ય, બીજું આગમગમ્ય; માખણ તથા દ્વિદલ પ્રમુખમાં જે જીવ ઉત્પન્ન થાય છે તે હેતુગમ્ય નથી પણ આગમગમ્ય છે. માટે જિનેશ્વરભગવંતે જે પ્રરૂપ્યું છે તે સત્ય માનવું જ જોઇએ, જો કોઇ પણ પુરૂષ કોઇપણ શાસ્ત્ર ન માને અને ચક્ષુએ દીઠેલી વસ્તુજ માને તો નરક સ્વર્ગાદિ જે અદૃશ્ય છે તેમજ પરમેશ્વર (સિદ્ધના જીવો) સાતમા કે ચઉદમા રાજલોક ઉપર છે, અને સ્વર્ગ તથા નરકમાં જીવો પુન્ય, પાપ કરવાથી જાય છે તે પણ માની શકાશે નહિ; તેની સાતમી કે આગળની પેઢી હતી કે કેમ તે શંકા થશે; પણ તેમ નથી. કારણ કે કેટલીક વસ્તુ હેતુગમ્ય હોય અને કેટલીક માટે આગમપ્રમાણ પણ માનવુ; કારણ સર્વ વસ્તુ આપણા જોવામાં આવતી નથી. માટે માખણ પ્રમુખમાં જે જીવની ઉત્પત્તિ થાયછે તે આગમગમ્યજ સમજી અરિહંત ભગવાનના વચનમાં કિંચિત્ શંકા કરવીજ નહિ. છાશમાંથી માખણ કાઢતાં તરતજ તાવડામાં ચૂલા ઉપર મૂકી દેવુ યુક્તછે.

ઉપરની ચાર મહા વિગઇ (મધ–મદિરા–માંસ—માખણ) નો અવશ્ય ત્યાગ કરવો જોઇએ. પ્રભુની આજ્ઞા પાળવી તેજ ધર્મ છે.

---

૧ અહીં જઘન્ય અંતર્મુહૂર્ત સમજવુ તેનો કાળ નવ સમય છે એક સેકન્ડમા અસંખ્યાતા સમય થાય છે માટે છાશથી જૂદું પડ્યુ કે તરત અભક્ષ્ય સમજવું.

૧૦. બરફ, હીમ અને કરા એ ત્રણે ચીજમાં સરખા દોષનું કારણ છે. અપૂકાય (હરેક સચિત્ત પાણી) એક બિંદુ અસંખ્ય જીવમય છે, તે જીવનું સરસવ જેવડું સ્થૂળ શરીર હોય તે થાય તો તે એક બિદુના જીવો આ લાખ જોજનના જંબુદ્વીપમાં સમાય નહીં, એટલા સુક્ષ્મ શરીરે જીવમય પાણી છે તથાપિ પાણી વિનાનિર્વાહ ન થાય માટે જરૂરપુરતું વાપરવું પડે પરંતુ ઘણા પાણી નુંઘટ કઠણપણું) થવે તે બરફ અને કરારૂપે દેખાવમા થોડુ હોય છે તેથી ઘણા જીવરૂપ પાણીનું સંક્રમણ નાની આકૃતિએ બન્યું તેટલા બહોળી સખ્યા (અસંખ્ય)ના જીવોનો વિનાશ આપણા કામે અને અલ્પ તૃપ્તિ સારૂ કરવા બદલે તે ચીજો તજીએ તો સામટા જીવોને અભયદાન અપાય છે

દાહ થતો મટાડવાને ચંદન (સુખડ) કે બરાસનું અથવા ખડસલીયાનુ વિલેપન કરાય છે. સાકરનું પાણી, બદામ અથવા સુખડ સહીત પીવાથી તૃષા છીપેછે, કેળાં પણ ઠંડી કરનાર છે.

મલયાગરૂ, સુરોખાર, લીંબડો, ગળોનું સત્વ, કરીયાતુઅને બુચકણ વગેરે ઠંડી અણાહારિ ચીજો રાત્રે પચ્ચખાણ છતાં વપરાય છે. હિમ (બરફ) કુદરતી તથા સંચાઓ પ્રમુખ સાધનોથી બનાવેછે તે બન્ને જાતનો અભક્ષ્યછે કારણકે તેમાં પાણીના અસંખ્ય જીવછે; બહુ આરંભિક છતાં સ્વાદિષ્ટ નથી, વળી શ્રી તીર્થંકર મહારાજે પણ નિષેધ કર્યોછે. આઈસક્રીમ, આઇસવૉટર (બરફનું પાણી) આઇસસોડા, કુલફી પ્રમુખ બરફની ચીજોનો પણ ત્યાગ કરવો. આઈસક્રીમ બનાવવામા બરફ તથા કાચું મીઠું બેનો આરંભ થાયછે એટલે એકેંદ્રિય જીવોની વિરાધના થવા સાથે તેના સંચાઓની અંદર રહેલો દૂધ પ્રમુખનો રસ તે સંચામાંથી બરાબર લુહીને સાફ કરવામાં ન આવવાથી તેમાં

બેઇંદ્રિય વગેરે જીવોની ઉત્પત્તિ થવાનો પણ સંભવ રહેછે પણ તે જીવો બહુ સુક્ષ્મ હોવાથી દૃષ્ટિએ પડી શકે નહિ અને નવું દૂધ પ્રમુખ પડતાં તરતજ તે બિચારા વિનાશ પામે; આવી વિ-શાધનાનો વિચાર જિંહ્વાઇંદ્રિયમાં લુબ્ધ થવાથી અહિંસામય ધ-ર્મના આગેવાન આપણામાંના કેટલાક જૈનબંધુઓ ન કરતાં અ-નેક જીવોના પ્રાણ લેવાના કારણિક થઇ પડે છે. જયારે આગલ આપણા પૂજ્ય વડિલો સચિત્ત ત્યાગી તથા ગંઠસી-વેઢસી પ્રમુખ સખ્ત નિયમો પાળવામાં મશગુલપણે વર્તતા ત્યારે આજે અનેક બંધુઓ રસ્તામાં હાલતાં-ચાલતાં, હૉટલો-વિશ્રાંતિગૃહ (વિ-શ્રાંતિ નહિ પણ ખરેખર વિનાશકારીગૃહ) વગેરેમાં ભક્ષ્યાભ-ક્ષ્ય અને સ્પર્શાસ્પર્શનાં મલીન દોષનો વિચાર ન કરતાં તેમજ પરભવનો પણ (આ ભવમાં ગુરૂ વડિલ કે જ્ઞાતિનો ભય તો કયાંથીજ હોય ?) ભય નહિ રાખતાં સ્વચ્છંદપણે નિર્ધ્વંસ પરિ-ણામે આવી તુચ્છ વસ્તુઓથી સ્વ મનકામનાઓ તૃપ્ત કરી સ્વ-આત્માઓને મલિન-ભ્રષ્ટ કરે છે ! અફસોસ ! આ કેવું ખેદજ-નક ! બંધુઓ ! પરના જીવોને થતી વેદનાનો સહજમાત્ર વિ-ચાર આપના કુમલા મગજ ઉપર લાવી, આવી તુચ્છ-અસાર વસ્તુઓનો સદંતર ત્યાગ કરો-ત્યાગ કરો ! ! બગડતું વાતા-વરણ સુધારો !

૧૧. વિષ-અફીણ, સોમલ, વચ્છનાગ, હરતાલ, મીઠા, તે-લીયા, સંખીયા, પ્રમુખ ચીજો અભક્ષ્ય છે. કારણ કે તે ખાવાથી પેટના કૃમિ આદિક જીવનો નાશ થાય, શરીર શિથિલ થાય અને પરવશતા થાય માટે વિષ ભક્ષણ કોઇ શોખથી કે બળ પુષ્ટિ અર્થે ન કરવું, ઔષધ તરિકે છૂટ રખાય છે જુઓ વ્યસની માણ-સના હાલ શા શા થાય છે ? તથા અવસરે અમલ ન મલે

તો ચેતના મુંઝાય, ક્રોધ મિજાજ વધે અને તે વસ્તુ ખાનારો જ્યાં મલ-મૂત્ર કરે તે ક્ષેત્રમાં ત્રસ સ્થાવર જીવની હિંસા થાય. આવી વસ્તુ ખાઇને આપઘાત કરવાથી પરભવે નરકાદિ નીચ ગતિ પ્રાપ્ત થાય. માટે વિષ વ્યસન કે આપઘાત કરવામાં વાપરવુંજ નહિ. તેમ તેનો વ્યાપાર પણ કરવો નહિ. રાજ્યકર્તાઓ પણ વિષવ્યાપારની સનંદો તેની હદ રાખવા માટે આપે છે એવું કારણ જાણનારા સર્વજ્ઞ ગુરૂઓએ પંદર કર્માદાન તજવામાં વિષવ્યાપારને નિષેધ્યો છે કેમકે તેના વ્યાપારથી અનેક અનર્થ નીપજે છે.માતાઓ બચ્ચાંઓને બાળાગોળીનું અમલ આપે છે જેમાં અફીણ આવે છે પણ તે વ્યસનથી બચ્ચાંઓને ફાયદો નથી પણ ઉલટું નુકશાન કરેછે. અને કોઇ વેળા ભૂલથી બાળાગોળી ઠેકાણાસર ન મૂકાયાથી અને બાળકના હાથમાં આવવાથી વધારે પ્રમાણમાં ખાઇ જાય છે તો મૃત્યુ પણ પામે છે. જેથી સુજ્ઞ માતાએ આવી ઝેરી કે અભક્ષ્ય વસ્તુઓનાં અમલ આપવાં નહિ. તેને માટે તો દેશી વૈદ્યકૃત ગુટિકા બસ છે.

૧૨. કરા—મેઘ (વરસાદ)ના કરા જે આકાશમાંથી પડે છે તેમાં પણ બરફના જેવો મહા દોષ[1] છે, જિનઆજ્ઞા વિરૂદ્ધ છે તેથી વર્જવા.

૧૩. ભૂમિકાય (પૃથ્વિકાય)—સર્વ જાતની માટી, ખડી,

---

૧ જેમ કાચુ ફળ કે ઉગતુ ધાન્ય ખાવાથી મીણો ચડે છે અને ગર્ભિણી સ્રીને કાચો ગર્ભ પડી જાય ત્યારે સુવાવડમા ખાવાની શીરૂ વગેરે ઉત્તમ ચીજોના બદલે તે કસુવાવડમા તેલ ચોળા કળથી અને બાજરીનો લુખો રોટલો વગેરે ખાવુ પડે છે તેમ કાચા વરસાદનું સ્વરૂપ કરા કુદરત વિરૂદ્ધ હોવાથી અભક્ષ્ય છે

ભૂતડો (સરાકડો), ખારો, કાચું મીઠું પ્રમુખ અભક્ષ્ય છે કારણ કે તેમાં અસંખ્ય જીવ છે. માટી મીઠું એમાં દોષનું પહેલું કારણ જુઓ, પ્રત્યેક વનસ્પતિકાયમા એક શરીરે (પાન, ફુલ, ફળ, બીજમાં) એકેક જીવ છે પણ એક લીલાં આમળા પ્રમાણ પૃથ્વીકાયમાં જેટલા જીવ છે તે દરેક જીવ કબુતરના જેવડું શરીર કરે તો તેટલા જીવો આ લાખ જોજન ગોળાકૃત જંબુદ્વીપમાં સમાય નહીં. એવી બહોળી સંખ્યાના છતાં અલ્પ શરીરે છે તેનો વિનાશ કરીને અલ્પતૃપ્તિ લેવાનુ થવા બદલે તેવી ચીજો તજી તેવા સામટા જીવને અભયદાન દેવું યોગ્ય છે અને તેથી આપણને મરી જવાશે નહીં; એ ચીજોના બદલે બીજી ચીજો ઘણી અચેતન મળી શકે છે. તે ખારો તથા ભુતડો નાહાવા ધોવાને વપરાય તેના બદલે સોડાખાર, આમળાં, [૧]કંકોડી, સાબુ, અરીઠાં એસીડ મોજુદ છે.

ગર્ભિણિ સ્ત્રી જેને ભુતડો ખાવાનું સૂઝે તે ગર્ભને વ્યાધિ, વિનાશ અને નુકશાનકારી છે.

પાપડ કે સાળીયા બનાવવા માટે ખારો વાપરવાને બદલે સાજીખાર, સોડાખાર ઘણા ઉપયોગી છે.

ખડી કે રાતી માટીને બદલે ચાક ચૂનો ગેરૂ મળે તેમ છે. માટી ખાવાથી પેટમાં અસંખ્ય જીવની ઉત્પતિ થાય છે તથા પાંડુરોગ, આમ, વાત, પિત્ત, પથરી પ્રમુખ રોગ થાય છે; તથા કેટલીક જાતની માટી દેડકાં બિગેરે સમૂર્છિમ જીવોની યોનિરૂપ હોય છે તેથી પણ તે અભક્ષ્ય છે માટે તેનો અવશ્ય ત્યાગ કરવો. પણ અનાજમાં કાંકરો ખાવામાં આવી જાય કે પાણીમાં ધુલરજ ઉડીને પડે તેમજ શાક ભાજીમાં ચોંટેલી માટી હોય તેથી કાચી માટીની બાધાનો ભંગ થતો નથી, છતાં તેની જયણા રાખવી.

કાચું-સચિત્ત મીઠું શ્રાવકે વર્જવું અને અચિત્ત વાપરવું. પૃથ્વિમાંથી ખાણુ ખોદતાં તથા કોઇ પહાડના શીખરરૂપે અને સમુદ્રના પાણીથી આગરમાં જમાવેલું એવું સર્વ વડાગરૂ, ઘશીચું, ખારો, લાલ સિંધવ વગેરે અનેક ક્ષાર જેને અગ્નિ શસ્ત્ર ન લાગ્યું હોય, ત્યાં સુધી "સચિત્ત" છે; તેવું સર્વ મીઠું દરેક જૈનોએ શ્રદ્ધાથી તજવા યોગ્ય છે. ગૃહસ્થીઓને જો અચિત્ત કરેલું વેચાતી મળે નહીં તો ખપ જેટલું અચિત્ત કરાવે છે. દાળશાકમાં તો સચિત્તનું અચિત્ત થઇ જાય છે પણુ અથાણુામાં, મશાલામાં, મુખ વાસમાં અને ઔષધમાં અચિત્ત મીઠું વાપરી શકાશે.

અણુાહારીમાં ગણેલા સુરોખાર, સાજીખાર, ટંકણુખાર અને ફટકડી તો અચિત્તજ છે. અચિત્ત મીઠું જુદી જુદી રીતે થાય છે એક તો માટીના વાસણુમાં મીઠું ભરી ઉપર મજબુત પેક કરી કુંભારની અગર કદોઇની ભઠ્ઠીમાં[1] મૂકવાથી બરોબર અચિત્ત થાય; તે મુજબ અચિત્ત કરેલું મીઠું બે ચાર વર્ષ કે તેથી વધારે વખત સુધી સચિત્ત થતું નથી. શ્રાવકો સ્વઘેર એક શેર મીઠું ખાંડીને દળીને આશરે બેશેર પાણીમાં પલાળી તે એકરસ થઈ જાય ત્યારે તે રસ ગાળીને ચૂલા ઉપર જેમ સાકરખાંડનું બુરૂં બનાવે છે તેમ શેકી નાંખે છે, આ પ્રમાણે બનાવેલું મીઠું અચિત્ત બરોબર થાય પણુ પાણીના સંયોગે રસ કર્યો છે માટે

---

૧ મીઠુ કુભારને ત્યા અચિત્ત કરવા માટે આપવાની પ્રવૃત્તિ ગુજરાતમા પાટણ શહેરમા છે જે કુમારપાલ રાજાના વખતથી ચાલી આવે છે એમ કહેવાય છે તથા દાતણની ચીર પણ તૈયાર વેચાતી મળે છે વળી મીઠુ પણ અચિત્ત મળે છે જે અમદાવાદના કેટલાક શ્રાવકો મગાવે છે. તથા ખારો તો કદોઇ (હલવાઈ) ની પેઢીમાં અચિત્ત મળે છે.

એ ચાર માસે સચિત્ત થવાનો સંભવ છે; ભઠ્ઠીના પાકેલા બલમણુ જેટલો કાળ તેનો સંભવે નહિ કારણ કે ભઠ્ઠીમાં શેકેલું મીઠું જ ગળી પાણીરૂપ થઇ ઢેકું બંધાય છે. તાવડી કે [1]લોઢી ઉપર શેકે છે પણ તે લાલ રંગ જેવું થાય તેવું આકરૂં શેકેલું થયે અચિત્ત થાય, કારણ કે મીઠાની યોની બહુ સુક્ષ્મ છે તેથી તેને અગ્નિનું બરોબર શસ્ત્ર લાગે ત્યારેજ અચિત્ત થાય. મુનિરાજ શ્રીવીર વિમલજી મહારાજ સચિત્ત અચિત્તની સજ્ઝાયમાં લખે છે કે:—

अचितलवण वर्षा दिन सात, सीयाले दिन पन्नर विख्यात;
मास दिवस उन्हाला मांहि, आघो रह्ये सचित ते थाय ॥ ८॥

એટલે અચિત્ત કરેલું મીઠું વર્ષા ઋતુમાં સાત દિવસ, શીયાલામાં પન્નર દિવસ અને ઉન્હાલામાં એક માસ સુધી અચિત્ત રહે તે પછી તે સચિત્ત થાય. એ કાળમાનની વીગત જોતાં ઘરમાંજ તાવડી ઠીબ કે લોઢી–તવામાં શેકીને કરેલા અચિત્ત

---

૧ કાઠીયાવાડમા કેટલાએક આયબીલ, એકાસણા પ્રમુખમા અચિત્ત મીઠુ વાપરવા માટે તાવડી ઉપર કે વાટકામા સચિત્ત મીઠુ નાખી ચૂલા ઉપર થોડી વારમા શેકી ઉપયોગ કરે છે તેઓએ અવશ્ય સમજવુ કે મીઠાની યોનિ એટલી બધી સૂક્ષ્મ છે, જે માટે શાસ્ત્રકારે શ્રી ભગવતિ સૂત્રના ૧૯ મા શતકના ત્રીજા ઉદ્દેશામાં ફરમાવેલુ છે કે ચક્રવર્તિની દાસી વજ્રમયી શીલા ઉપર વજ્રના લિસોટાથી મીઠુ એકવીશ વાર વાટે તોપણ તેમાના કેટલાએક જીવોને કાંઈ અસર થતી નથી. જેથી અગ્નિનુ શસ્ત્ર બરોબર લાગવાથીજ અચિત્ત થાય, અન્યથા શંકાશીલ જાણવુ અચિત્ત મીઠુ કાઢતી વખત કોરા હાથ કરીને કાઢવુ નહિતર સચિત્ત પાણીનુ એક ટીપુ માત્ર-પડવાથી તે મીઠામા મળી જતા સચિત્ત થઇ જાય છે, તેનુ બહુ ધ્યાન રાખવુ

મીઠાનો આટલો કાળ સંભવેછે કેમકે ભઠ્ઠીમાં પાકેલા બલમણુમો કાળ તો પ્રવચનસારોદ્ધાર વગેરેમાં ઘણો મોટો (પ્રભૂત) કહ્યો છે. બે ચાર વર્ષ કે તે ઉપરાંત સુધી અચિત્ત રહે, અર્થત્ તેનો કાળ ઘણોજ સમજવો. શ્રાવક મૂળભાંગે સચિત્ત પરિહારી હોય તેથી પ્રમાદ ત્યજી સચિત્ત સર્વનો ત્યાગ કરવો; તેમાં પણ સચિત્ત મીઠું તો અવશ્ય વર્જવું.

૧૪. *રાત્રિભોજન–આ ભવ તથા પરભવને વિષે મહાદુ ખનું કારણ છે. રાત્રિએ ચારે આહાર અભક્ષ્ય છે રાત્રિ ભોજન કરનારા પરભવે ઉલુક, કાગ, ગીધ, ભૂડ, વીંછી, ઘો, મંઝાર, મૂષક, સર્પ, વાગુલ, ચામાંચીડીયા વિગેરેના ભવ પામે, મહા દુખી થાય અને ધર્મ પામવો દુર્લભ થાય. પોતે રાત્રિ ભોજન કરે તો તેના પુત્રાદિક પણ તેવી કુચાલે વર્તે વળી કીડી ભોજનમાં ખાવામાં આવે તો બુદ્ધિ મંદ કરે છે, જૂ જલોદર કરે છે,

---

*આ દુનિયામા આહાર, ભય, પરિગ્રહ અને મૈથુન એ ચારે સજ્ઞા સર્વ જીવોને છે ચાર ગતિમાં દેવ દેવીઓને તો કોઈ વ્રત પચ્ચખાણનો ઉદય નથી તેથી તેઓ પાછલા ભવની કમાણી ભોગવીને પછી પ્રાય ખાલી હાથે પરભવ જનારા તથા નરક ગતિમા જીવો એકલુ દુઃખજ ભોગવે છે તેમજ તેઓને દિવસ કે રાત્રનો દેખાવ નથી, તીહા વ્રત નિયમનુ પાળવુ કે તેનુ રળવાપણ નથી અને તિર્યંચગતિમા પશુપણ સર્વ વિવેકહીન (માતા પુત્રની વ્યવસ્થા રહીત) હોવાથી દિવસનુ કે રાત્રનુ ભાન નથી, ખાવુ પીવુ પ્રાય પરાધિન છે. ફક્ત મનુષ્ય ગતિમા જેઓને સાચા શાસ્ત્રનો ભરૂસો છે તે પૈકીના ભવ્યો રાત્રિ ભોજનના પારાવાર દોષને સમજે છે એટલે મનુષ્યનું જ કર્તવ્ય કરો, ત્યાગ એટલે દાન અર્થાત્ અભયદાન જેનુ ફળ શિવ છે તે તમે મેળવો. અઢાર પાપ સ્થાનકમા પહેલુ પ્રાણિવધ તજવાનુ પછી બીજા તજે અથવા તો પહેલુ પ્રાણાતિપાત વિરમણ વ્રત પાળવાને અર્થે બીજા તે

માખી વમન કરાવે, મકડી[૧] કુષ્ટ રોગ કરે, અરુવેરી પ્રમુખ

વ્રતની સભાળ માટે ક્ષેત્રની વાડરૂપે જરૂરના છે, ત્યારે કોઇ પ્રાણીનો ઘાત આપણે નિમિત્તે થવા ન દેવો એવુ સદ્દવર્તન રાખવાની ખાતર " રાત્રિ ભોજન "નો ચાર પ્રકારે ત્યાગ સર્વજ્ઞ, સર્વદર્શિઓએ પરોપકાર અર્થે અનેક શાસ્ત્રદ્વારા ફરમાવ્યો છે અને સાધુ મુનિરાજે રાત્રિ ભોજન સ-ર્વથા તજીને તે હુકમને પાંચ મહાવ્રત જોડે છઠ્ઠાં વ્રત તરીકે પાળવાને વધાવી લીધો છે.

બીજા જીવોને પણ કાન, આખ, નાક, મોઢુ વગેરે મનુષ્યોની પેઠે છે ત્યારે ફક્ત વિવેકથી સદ્દવર્તન એજ ધર્મ વસ્તુ મનુષ્યોને વધારે છે પણ અનાદિકાળથી ખાઉ ખાઉ કરતો આવેલો જીવ તૃષ્ણા છોડે નહિ ત્યા સુધી સતોષ સુખ પામતો નથી.

સૂર્ય છતા વાતાવરણ સુધરે, તે વાતાવરણ રાત્રે બગડે છે, તેવા બગાડ સમયે ખાવુ પીવુ જે કરે તે રાક્ષસ અને ભૂત પ્રેત સદ્રશ છે, તેઓને નીશાચર (રાત્રે ચારો લેનારા ઘુઅડ તથા બીલાડી જેવા) કહેવાય છે. ખોરાક બનાવતા ઝેરી જીવોની લાળ પડતી ન દેખાય તેવા ઝેર મીશ્રિત આહારે મોત નીપજે છે જેમ કોઇને મારીને ભાગી જવુ તે અન્યાય છે તેમ ખાઇને સુઇ જવુ પણ દુર્ન્યાય છે માટે એકવાર અને સૂર્ય છતા જમવાનુ વેદપૂરાણમા કહેલુ તેનો ઉધો અર્થ બતાવીને બીજી આજ્ઞા લોપે છે કીડી, કુથુ, જુ, ઇલી, ઉધેઇ, મચ્છર વગેરે ઝીણા મોટા જીવનો ઘાત રાત્રે ખાવા પીવાથી થાય છે, તે કામ આર્યને છાજતુ નથી.

જયારે માગ્યુ ન મળે ત્યારે અને જોગવાઇ ન હોય ત્યારે કે માદગીથી અને લઘનથી ભુખ્યો રહે તો રાત્રિ ભોજનના ત્યાગનુ ફળ નથી પણ છતી શક્તિ અને છતા જોગે ત્યાગ ભાવે ઇચ્છા રૂધે તો રાત્રિ ભોજન તજવાનું દરરોજ અરધા ઉપવાસ પ્રમાણે મહાફળ થાય છે.

૧ કરોળીયો

કાંટા તથા કાષ્ટના ટુકડા, વડાં વગેરે કે તેના સદ્રશ રૂપવાળા શાકે ભાજીમાં વીંછી આવી જાય તો તાળવું વીંધે અને વાળ આવે તો ગળામાં અતિ પીડા કરે ઇત્યાદિક રાત્રિભોજનના દોષ છે. ઉત્તમ પશુ પંખી પણ રાત્રિ ભોજન કરતા નથી માટે રાત્રિ ભોજન [1]વ-

---

૧ પુરાણ આદિ હિંદુ શાસ્ત્રોમાં પણ રાત્રીભોજનનુ મહાપાપ કહેલુ છે અને એજ કારણથી સૂર્ય છતાં એક વખત ભોજન કરવાનું ફરમાન કરેલુ છે.

શ્રી **નિશીથ સૂત્રની** ચુર્ણિમા પણ કહેલુ છે કે ઢેડ ગરોળીનો અવયવ રાત્રિએ જમવામા આવે તો જરૂર પેટમા ગરોળી જેવા જીવડાં ઉપજે અને સર્પાદિ લાળ પડેલ હોય તો મોત નીપજાવે છે ઉંદર વગેરેની લીંડી કે મૂત્રથી મહા વ્યાધિ થાય છે, તેમજ વ્યંતર પણ છળે છે.

તેજ **નિશીથ સૂત્રની** ભાષ્યમા લેખ છે કે, જો રાત્રે ફાસુ ચીજ (તૈયાર લાડુ પેડા ખજુર દ્રાક્ષાદિ) ખાય તો પણ તેનાથી દીવો કે ચંદ્રનુ પ્રકાશ છતા કુંથુ તથા પંચવર્ણિ (તે તે ચીજને રંગે) લીલ ફુંગી પ્રમુખની વિરાધના થાય માટે અનાચરણીય છે. મૂળ વ્રતનો વિરાધક થાય.

સ્કંદ પૂરાણમાં રાત્રે પાણીને લોહી જેવુ તથા અનાજને માંસના કવળ જેવુ કીધેલુ છે.

રૂદ્રે **કપાળ મોચન** સ્તોત્રમાં રાત્રે ન ખાય તેને તીર્થ યાત્રાનું ફળ કહેલુ છે. તથા દાન, સ્નાન, શ્રાદ્ધ, પૂજા, આહુતિ અને ભોજન એટલા વાનાની રાત્રે મનાઇજ કરી છે.

જર્વું અને દિવસ છતાં પણ અંધારામાં સાંકડા વાસણમાં જમવું તે પણ તેવુંજ દોષિત છે. દિવસે બનાવેલું ભોજન રાત્રિએ ખાવું, રાત્રિએ બનાવેલું રાત્રિએ ખાવું, રાત્રિએ બનાવેલું દિવસે ખાવું એ ત્રણે ભાંગા અશુદ્ધ છે. ફક્ત દિવસે યત્ના પૂર્વક બનાવેલું ભોજન દિવસે ખાવું તેજ શુદ્ધ છે. મુખ્યતાએ સૂર્યાસ્ત પહેલાં તથા સૂર્યોદય પછીની બે ઘડી સુધી પણ આહાર વર્જવો. તથા લગભગ વેળા એટલે સૂર્ય છતાં પણ અત્યંત સૂર્ય અસ્તામણુની નજીક આવી જાય, જેમ કે સૂર્ય કાંઇક જણાય અને કાંઇક નહિ એમ ભ્રમ પડતી વખતે પણ ભોજન અવશ્ય વર્જવું. સંપૂર્ણ સૂર્ય છતાં ચૌવિહારના નિયમવાળા વિરતિવંત ભાગ્યશાળીએ છેવટ સૂર્ય અસ્ત થયા પહેલાં પાંચ દશ મિનિટે વાપરી લેવું જોઇએ;[૧] તિવિહાર, દુવિહારના પણ નિયમ લેનારે તે મુજબ ભોજન કરી લેવું જોઇએ, અન્યથા સહસા દોષ લાગી જવા સંભવ છે. એક માસ પર્યંત દરરોજ ચૌવિહાર કરનાર ભવ્યને પંદર ઉપવાસનું ફળ શાસ્ત્રકારે કહ્યું છે ને અનુક્રમે તે મોક્ષવધુને વરે

આયુર્વેદમાં હૃદય અને નાભી કમળનુ મી ચાઇ જવુ રાત્રે હોય તેથી તેમા કોઇ (ચાર પ્રકારે) આહાર ન કરવો એમ કહેલુ છે

યોગશાસ્ત્રે સાઝે તથા સવારે બે બે ઘડી સૂર્ય છતા પણ રાત્ર તરીકે ખાન પાન તજવાનુ મહા પુન્ય થવુ કહેલ છે.

૧ રાત્રે જમવા સાથે જો પાણી ભરેલી થાળી જોડે મૂકશો તો તેમાં જેટલા જતુ પડેલા જુઓ—જાણો તેટલાનુ માંસાહાર કર્યું જાણી વર્જવુ.

એ નિઃસંદેહ છે. વળી જેઓ ચૌવિહાર[1] કરવાને અશક્ત હોય તેણે યથાશક્તિ તિવિહાર, દુવિહાર તો અવશ્ય કરવોજ જોઇએ. રાત્રિએ પાણી રૂધિર સમાન અને ભોજન માંસ સમાન છે એમ અન્યમતિના શાસ્ત્રમાં પણ કહ્યુ છે. એક ઇટાલીયન કવિતાનો અર્થ નીચે મુજબ થાય છે.—

पांच वागे उठवुं, अने नव वागे जमवुं;
पाच वागे वालु, अने नव वागे सुवुं;
एथी नेवुंने नव, वरस जीवाय छे.

અર્થાત્ રાત્રિભોજન પરિહરવામાં ધાર્મિક સાથે શારીરિક લાભ પણ ઘણો સમાયેલો છે અને ઉભયલોકમાં તે સુખકારી છે માટેજ દશ દૃષ્ટાંતે દુર્લભ એવો આ મનુષ્ય જન્મ તેમાં પણ રત્નચિંતામણી રૂપી જૈનધર્મ પુણ્ય ઉદયે પ્રાપ્ત થયો તો આત્માનું કલ્યાણ કરવા પ્રમાદ ત્યજી રાત્રિભોજનને દેશવટો દેવો કે જેથી ચોરાશી લાખ જીવયોનિમાંથી મુક્ત થઇ અજરામર સુખ પામીએ. પુત્રાદિક ઉપર મમતાને લીધે રાત્રિભોજન કરાવવું તે પણ ઠીક નહિ. પણ જો તેઓ રાત્રે આહાર માગે તો

---

૧ **શ્રાદ્ધ વિધિ**મા ઉત્સર્ગ માર્ગે દિવસેજ ‘ દિવસ ચરિમ ’ પચ્ચખાણ કરવુ પણ અપવાદે તો રાત્રીએ પણ કરવાનુ કહ્યુ છે યોગશાસ્ત્રાદિકમાં ‘ દિવસ ચરિમ ’ શબ્દનો અર્થ અહોરાત્રીનો શેષ–બાકી રહેલો કાળ એમ અર્થ કરેલ છે તેથી રાત્રે ‘ દિવસ ચરિમ ’ ન થાય, એમ એકાત નહિ પણ ચીવટ રાખી દિવસેજ કરવુ ઉચિત છે. ચોવિહાર તિવિહાર અથવા દુવિહારનુ પચ્ચખ્ખાણુ કરવાનો દરેક જૈને નાનપણથીજ અભ્યાસ પાડવો જોઇએ

તેના ખરા હિત અર્થે રાત્રિ ભોજનના દોષ સમજાવી તેઓને પણ સુધારવા, વળી જેઓ પોતેજ રાત્રિના આહાર, અથવા તો દૂધ ચા, કૉફી, કાવો પ્રમુખ લેવાના ભોગી હોય, તેઓ જ્યારે ઉત્તમ સામગ્રી પામે છતે સ્વવશે મનને દૃઢ કરી સકામનિર્જરા કરતા નથી તો જે વખત તેના કિંપાક સમાન ફળો જેવાં કે–નારકીમાં સીસાના ધગધગતા રસો પીવાનાં, તિર્યંચમાં ભુખ, તૃષાની વેદના તથા પરવશે ચાબુક પરોણા વગેરેના માર પડે તે સહન કરવાનાં ઉદયમાં આવશે ત્યારે પશ્ચાત્તાપ થશે કે હા ! ઇતિ ખેદે મેં પૂર્વે બહુ અનાચાર સેવ્યો ! માટે હે ભવ્યો ! હજુ ચેતો ને રાત્રિભોજનથી વિરમો કે જેથી શિવસમૃદ્ધિ વેગે સંપાદન થાય.

૧૫ બહુબીજ–જે ફલોમાં બીજે બીજને અંતર હોય નહિ અર્થાત્ બીજે બીજ અડેલાં હોય એવી રીતે જે ફલાદિકમાં બીજ રહેલા હોય, જેમાં ગર્ભ થોડો ને બીજ ઘણાં હોય, જેના જુદા જુદા ખાનાં (સ્થાન) બીજ રહેવાનાં નથી તે બહુબીજ જાણવાં. કોઠીબડા, ટીંબરૂં, કરમદાં (બીજ થયા અગાઉ અનંતકાય), રીંગણા, ખસખસ, રાજગરો, પંપોટા, પટોલ પ્રમુખમાં જેટલાં બીજ છે તેટલા તેમા પર્યાપ્ત જીવ છે, તેથી ત્યાગ કરવો; જેથી ખાવામાં થોડું આવે છે અને જીવ હિંસા ઘણીજ થાય છે માટે બહુબીજવાળી ચીજોનો સર્વથા ત્યાગ કરવો શ્રેષ્ઠ છે. બહુબીજ ફલ ખાવાથી પિત્ત પ્રમુખ રોગનાં કારણ થાય છે તથા જિનઆજ્ઞા વિરૂદ્ધ છે. દાડમ તથા ટીંડોરાં અભક્ષ્ય નથી.

૧૬ સંધાણ શબ્દે બોળ અથાણું તે અનેક વનસ્પતિઓનું

કરે છે જેમકે આંબવેલી, પાડલ, લીંબુ, કેરી, ગુંદા, કેરડાં–કર મદાં, કાંકડી, ડાળાં, ગુવાર, લીલાં મરી, ચીભડાં મરચાં પ્રમુખ અથાણું ત્રણ દિવસ ઉપરાંત અભક્ષ્ય છે. એ સર્વે અથાણાં તુચ્છ અને ત્રસ જીવની ખાણ છે. કંદમૂળ (આદુ, હળદર, ગરમર, ગાજર, કુંવાર અને મોથ) કે જે અનંતકાય છે તે વસ્તુ તથા પંચુંબર, બહુબીજ અને બીલાં બીલી લીલો વાંસ જેવી પ્રથમથી અભક્ષ્યરૂપે ગણાતી ચીજોનું અથાણું પણ નજ કરાય. ચોથે દિવસ તેમાં નિશ્ચય બે ઇંદ્રિય જીવ ઉપજે અને એઠે હાથે સ્પર્શ કરે તો પંચેંદ્રિય સમૂર્છિમ જીવો ઉપજે. લીલાં તીખાં (મરી) જે મલબારથી મીઠાના પાણીમાં આથીને અહિં આવે છે તે બોળ અથાણુંજ છે તેથી તે અવશ્ય વર્જવાં. તેને અહીં આવતાં ઘણા દિવસ લાગે તેથી તે બોળ અથાણુંજ હોય છે.

અન્ય દર્શનીયોના શાસ્ત્રમાં પણ બોળ અથાણું નરકદ્વાર તુલ્ય ગણ્યું છે તે માટે તેનો સર્વથા ત્યાગ કરવો જોઇએ, જે ફળમાં ખટાશ છે તે અથવા તેવી વસ્તુમાં ભેળવેલું હોય તે અથાણું ત્રણ દિવસ ઉપરાંત અભક્ષ્ય પણ જો કેરી, લીંબુ પ્રમુખની સાથે નહિં ભેળવેલું, જેમકે ગુવાર, ગુદાં, ડાળાં, ચીભડાં, મરચાં પ્રમુખનું અથાણું કે જેમાં ખટાઇ નથી તે તો એક રાત્રી વીત્યે એટલે બીજેજ દિવસ અભક્ષ્ય થાય. કેરી કે લીંબુની સાથે આથ્યું હોય તો ત્રણ દિવસ ખાવામાં બાધક નથી. પણ જો તેમાં શેકેલી મેથી નાંખી હોય તો બીજેજ દિવસ વાશી થવાથી અભક્ષ્ય છે કારણ કે મેથી ધાન્ય છે તેથી મેથી કે આટો દા-

બીયા નાંખેલ હોય તો તેજ દિવસ વપરાય. વળી જે અથાણામાં મેથી નાંખી હોય તે કાચાં ગોરસ સાથે ખવાય નહિ. કેરી, ગુંદાં, ખારેક, મરચાં પ્રમુખનું સુકવેલું અથાણું બનાવે છે તે પણ તડકા બરોબર ન દેવાયા હોય અને લીલાશ રહેવાથી વાળ્યું વળી શકતું હોય તો તેવું અથાણું પણ ત્રણ દિવસ ઉપરાંત અભક્ષ્ય થાય. ત્રણ તડકા દેવા, તેવું કાંઇ નથી પણ જ્યાં સુધી બંગડી જેવું સુકાય ત્યાં સુધી પાંચ સાત કે વધારે દિવસ પણ તડકા દેવા જોઇએ. તે મુજબ સુકવ્યા બાદ શાઈ, ગોળ, ચડાવે અને તેલબુડ[1] હોય તો તેવું અથાણું વર્ણ–ગંધ–રસ–સ્પર્શ ફરે નહિ ત્યાં સુધી ભક્ષ્ય સંભવે છે; પણ તેલ ઓછું હોય તો વેળાસર બગડી અભક્ષ્ય થાય. હવે આ પ્રમાણે ઉપયોગ પૂર્વક કરેલાં અથાણાં માટે પછી પણ બહુ ઉપયોગ તથા કાળજી રાખવી જોઇએ.

(૧) અથાણાની બરણીઓ ખુબ ગરમ પાણીથી સાફ કરી લુહીને કોરી કર્યા બાદ ભરવું જોઇએ.

(૨) તે બરણી ઉપર સખ્ત ઢાંકણું મૂકી કપડાથી મજબુત બાંધવું; તેમાં હવાનો પ્રવેશ ન થવો જોઇએ નહિંતર ચોમાસામાં હવા લાગવાથી લીલફુગ થવાથી અભક્ષ્ય થાય.

(૩) અથાણું નોકર ચાકર કે બાળબચ્ચાં પાસે કઢાવવું નહિ, પણ ઘરના ઉપયોગવંત માણસે જાતે હાથ સ્વચ્છ કરીને કોરા કર્યા બાદ ચમચાવતી અગર બીજા કોઇ સાધનવડે કાઢવું પણ બનતાં સુધી હાથ બોળી (નાંખી) ને કાઢવું

---

૧ અથાણામાં તે ચીજ ઉપર (ડુબતી રહે તેવુ) તેલ કે સરસીયું નાંખેલ હોય તે

નહિ; વળી પાણીવાળા હાથ કોરા કર્યા પછીજ કાઢવું, નહિતર તેમાં પાણીનું ફક્ત એકજ ટીપું પડવાથી જીવોત્પત્તિ થાય, માટે આ બાબત ખાસ ઉપયોગ રાખવો.

(૪) અથાણાની બરણી ઉપર કીડી, મંકોડા પ્રમુખ જીવ ન ચડે તેવા સ્થાનકે રાખવું. તથા ચોમાસામાં હવા ન લાગે તેવી જગ્ય એ રાખવુ, કેટલાક અથાણાં મુરબ્બા પ્રમુખ અંધારામાં રાખે છે અને તેનો રસ પ્રમુખ પડવાથી ને સાફ ન થવાથી તે જગ્યાઓ ચીકાશવાળી ને ગંદી થવાથી ત્યાં મચ્છરાદિ જીવો થાય છે, અને અંધારાને લીધે કાઢતાં કરતાં તે બિચારા જીવો તે બરણીઓમાં પડવાથી કાળવશ થાય છે, પછી પેટમાં પણ આવે; તો જ્યાં સારૂં અજવાળું પડી શકતું હોય ત્યાં તથા સારી જગ્યાએ રાખવું.

(૫) સૂકવતી વેળાએ જેવું તેવું સૂકવ્યું હોય તો તે અથાણાં ત્રણ દિવસથી વધારે ઉપયોગમાં ન લેવાય માટે ઉપર કહ્યા મુજબ સૂકવવું જોઇએ; તથા અથાણાં કરતી વખતે પાણીનો કિંચિત્ સ્પર્શ માત્ર પણ થવો ન જોઇએ.

(૬) વળી આ અથાણાઓ વરસ કે તેથી વધારે મુદત પણ રાખી મૂકાય છે પણ તેમ ન કરતાં જેમ બને તેમ થોડા વખતમાં જ વાપરી નાંખવા જોઈએ.

ઉપર લખેલ સૂચના અનુસાર અથાણું કરી વપરાતું હોય તોપણ દોષ લાગે કે નહિ તે પણ કેવળીગમ્ય. પણ આજ આપણે પ્રથમ તો રસઇંદ્રિયના લાલચુઓ તે મુજબ સૂકવીએજ નહિ કારણ પછી તેમાંથી સ્વાદની લહેજત મળવી મુશ્કેલ અને ઉપરની સૂચનાઓ મુજબ કરવા–વર્તવાવાળા ભાગ્યે કોઈ વિરલા

હોય. ઉપરના તુચ્છ અથાણાઓનો ખરેખર જિંહાઇંદ્રિયનો જય કરનારા રત્નશિરોમણિ વીરપુત્રોજ ત્યાગ કરે છે અને તેજ ખરેખર પ્રશસનીય છે, કારણ આ જીવે અનંતીવાર દરેક ચીજો ખાઇને વમન કર્યું તોપણ તૃષ્ણા જતી નથી તે આશ્ચર્યજ છે! અણાહારી થયા શિવાય કોઇ મોક્ષે ગયા નથી, જતા નથી ને જશે પણ નહિ; તો ક્રમે ક્રમે આવી તુચ્છ અભક્ષ્ય વસ્તુપરથી મમત્વ ભાવ ઉઠાડવો કે જેથી સદાને માટે અણાહારી પદ પ્રાપ્ત થાય.

૧૭. ઘોલવડાં શબ્દે દ્વિદલ જે વિદલ-કઠોળ નિસ્નેહ*છતાં દાળ થઇ શકે એવા હોય, બે સરખી ફાડ થાય, જેમાં ચીકણાશ ન હોય અને ઘાણીમાં પીલવાથી તેલ ન નીકળે તે તથા તેનાં સુકાં કે લીલાં પત્ર અને તે શિવાય પણ જે તેલ વિનાના હોય અને જેની બે દાલ થતી હોય પણ તે વૃક્ષનું ફલ ન હોય જેમકે સાંગરી (વૃક્ષનું ફલ છે તેથી દ્વિદલ નહિ) પ્રમુખ વૃક્ષ ફલ શિવાય સર્વે દ્વિદલ જાણવા; જેમકે ચણા, મગ, મઠ, અડદ, તુવેર, વાલ, ચોળા, કળથી, મટર (વટાણા), લાંગ, ગુવાર, મેથી અને મસુર પ્રમુખ કઠોલ તથા તેના લીલવા, તેની દાળ, લોટ તથા મેથી ભાજી વિગેરે દ્વિદલ છે. તેની સાથે કાચાં ગોરસ (દૂધ-દહિ કે છાશ) નો સંયોગ થતાજ તત્કાળ બેઇંદ્રિય જીવ ઉપજે. છાશ, દૂધ, દહિ ખુબ ગરમ કરી અથવા ગરમ કર્યા પછી ઠંડા પાડીને વિદલ સાથે મેલવે તો દોષ નથી. મેથી, ગુવાર, કઠોલ માત્રનાં પાંદડાની ભાજી, વાલોળ, તુવેરા, ચોળાફળી, મગની ફળી, ગુવારની ફળી, વટાણાની ફળી, લીલા ચણા,

* તેલ નીકળી શકે નહિ તે.

પાંદડી વગેરેનું શાક, સુકવણી, સંભારો, અથાણું કે દાળ, બુંદી, કળી*(સેવ*), ગાંઠીઆ પ્રમુખ તળેલું જે કાંઇ હોય તેની સાથે તથા મગ, અડદ ચોળા પ્રમુખ કઠોળના પાપડ, વડી પ્રમુખની ચીજો સાથે તથા મેથી નાંખેલ અથાણાં સાથે કાચાં ગોરસ (દૂધ–દહિ–છાશ) નો સંયોગ ન થવો જોઇએ. ઘોલવડાં (દહીંવડાં) તે દ્વિદલ છે પણ તે ઘોલવડાં જો ઉકાળેલા ગોરસમાં કર્યા હોય તો તેજ દિવસ ભક્ષ્ય, કાચા ગોરસના અભક્ષ્ય છે. રાઇ તથા સરસવ દ્વિદલ નથી કારણ તેમાં તેલ છે. શિખંડની સાથે પણ દ્વિદલનો સ્પર્શ ન કરવો. સ્પર્શ દોષ ટાળવા દ્રાક્ષ, કેળા, ખારેક વગેરેનું રાઇતું પણ ગોરસ ઉનું કર્યા પછીજ બનાવવું જોઇએ. ઘઉં, બાજરાના, રોટલી રોટલા સાથે કાચું ગોરસ ખાવું હોય તો દ્વિદલવાળું વાસણ, હાથ તથા મુખ વગેરેની શુદ્ધિ કર્યા પછી વાપરવું અથવા જો પ્રથમ કાચું ગોરસ ખાધું હોય તો તે વાસણ, હાથ, મુખ વગેરેની બરોબર શુદ્ધિ કર્યા પછી વિદલ વાપરવું. અર્થાત્ કોઇ પણ રીતે કિંચિત્ પણ વિદલ ને કાચાં ગોરસનો અન્યોન્ય સંયોગ ન થવો જોઇએ. કઢી, રાઇતું, દહિંવડી, ઢાકલીયો, શાક, દાળ (જેમાં ગોરસ નાંખવું હોય તે) વિગેરે કરતાં પહેલાં છાશ કે દહિ હવા ઉડાવવા જેવાં ગરમ કેટલાક કરે છે પણ તેમ કરવા કરતાં છાશ દહિમાં મીઠું (નિમક) અથવા બાજરાનો લોટ નાંખી સારી રીતે ગરમ થતાં સુધી હલાવ્યા કરવાથી છાશ ફાટી જશે નહિ, માટે સારી રીતે ઉકાળવું જોઇએ; પરંતુ લગાર ગરમ થયું (સામાન્ય વરાળ નીકળે) તે ઉકાળેલું ગોરસ કહેવાય નહિ. શાસ્ત્રોમાં ઉકાળેલું ગોરસ એમ લખે છે. શ્રી જિનદત્તસૂરિ

મહારાજ વિરચિત **સંદેહ દોલાવલીમાં** આ પ્રમાણે ગાથા છે;
" ઉક્કાલિયંમિ તક્કે વિદલખ્ખેવે વિ નત્થિ તદ્દોસો. "ઇત્યાદિ
પૂર્વોક્ત ગાથાનો અર્થ વાચનાચાર્ય પ્રબોધચંદ્ર વિરચિત **વિધિરત્ન-કરંડિકા** નામા નાની ટીકામાં આવી રીતે કર્યો છે.—

" उत्कालिते ऽग्निना ऽत्युष्णीकृते तक्रे गोरसे उपलक्षणाद्दध्यादौ च द्विदलं–मुद्गादिस्तस्य क्षेपो द्विदलक्षेपस्तस्मिन्नपि सति किं पुनर्द्विदल भक्षणानंतरं प्रक्षेहादिपाने इत्यपेरर्थः नास्ति तद्दोषो द्विदलदोषो जीवविराधनारूपः। "

ઇત્યાદિ—એ પાઠમાં પણ સાફ લખેલ છે કે " અગ્નિવડે અતિ ઉષ્ણ ગોરસ છાશ ઉપલક્ષણથી દહીં આદિ શબ્દે દુધમાં દ્વિદલ પડવાથી વિદલનો જે દોષ છે તે લાગતો નથી." માટે ઉપરના પાઠ મુજબ તો અતિ ગરમ થાય તો પછી વિદલનો દોષ ન લાગે, આજકાલ ઘણા લોકો પોતાની અક્કલમાં જેમ આવે તેમ વર્તે છે પણ તે અયુક્ત છે. તેથી પૂર્વોક્ત વિધી અનુસાર ઉકાળ્યા પછીજ ચણાનો લોટ, મેથી પ્રમુખ દ્વિદલ મેળવાય તો દોષ ન લાગે. ખાટાં ઢોકળાંનો જે આથો કરે છે તે પણ ઉપર મુજબ છાશ ગરમ કરવી જોઇએ. સ્વજનકુટુંબ, અન્ય દર્શનીય નાત જમણવાર વિગેરે ઠેકાણે જમવા જતાં વિ-દલ માટે તીવ્ર ઉપયોગ રાખવો જોઇએ. નહિતર સહસા દોષ લાગી જાય; વળી કઢી રાઇતું પ્રમુખ બનાવેલ હોય તે ગોરસ ગરમ કર્યા પછી વિદલ નાંખ્યું હશે કે કેમ તેવી શંકાને પ્રથ-મથીજ પૂછી દૂર કરી ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કરીને ઉપયોગ કરવો. કદાચ ગોરસ ગરમ ન કર્યું હોય તેથી વિરતિવંતે તો સ્વઘેર પણ અવશ્ય ઉપયોગ કર્યા પછી ખાવું ઉચિત છે. વળી

હાલ ગોરસ ઘણેખરે ઠેકાણે બરોબર ઉકાળવાની પ્રવૃત્તિ જોવામાં આવતી નથી તેથી વિરતિવંતે તો ચોકસ ખાત્રી વગર બહેતર છે કે તેવી વસ્તુ વાપરવી નહિ કે તેવા ઠેકાણે જમવા જવું પણ નહિ. આશા છે કે વિરતિવંતો તથા અન્ય શ્રાવક શ્રાવિકાઓ હવેથી ગોરસ પૂર્વોક્ત રીતે ગરમ કરવા કરાવવાની ખાસ સંભાળ રાખી તે મુજબ વર્તવા ઉદ્યમ કરશે! દ્વિદલ સાથે કાચું ગોરસ મળવાથી બેઇંદ્રિય જીવ તરતજ ઉત્પન્ન થાય છે તે આગમગમ્ય છે તેનું વિવેચન આગળ "માખણ" ના સંબધમાં થઇ ગયું છે માટે શંકા કરવી નહી; અને આ અભક્ષ્ય તજવા અવશ્ય ખપ કરવો પણ "બીજાને ત્યાં જમવા જતાં દ્વિદલની જયણા અને સ્વઘેર ઉપયોગ રાખું" એ નિયમો કાયર પુરૂષો માટે છે. અભક્ષ્ય વસ્તુઓ કોઇ પણ ઠેકાણે જમવા જતાં ખાવાનો કદિ આગાર હોયજ નહિ. "આ તો લડ્ડુ બી ખાનાં ને મુક્તિ બી જાનાં" તેની જેવું થયું. પણ બંધુઓ અને બહેનો! એમ મુક્તિ કદિ હાથ આવવાની નથી. એ તો જ્યારે આત્મ વીર્ય ફોરવશું ત્યારેજ મુક્તિ મળવાની; પણ ભાઇબાપાનો સંબધ પુદ્ગલ સાથે રાખશુ ત્યાંસુધી તો ચતુર્ગતિના ચોટામાંથી નીકળવું તદ્દન અશક્ય છે; તે પુદ્ગલનો તો સડન, પડન, વિધ્વંસ થવાનો સ્વભાવજ છે તેથી પુદ્ગલ પરથી મમત્વ ભાવ ઉઠાડી હે વીરપુત્રો! હવે તો મોહરૂપી નિસો ઉતારો, પ્રમાદ દુર કરી જાગ્રત થાઓ અને આ મનુષ્ય જન્મનું સાર્થક કરો! આજ કરશું કાલ કરશું એમ વિચારણા કરતાં કરતાં યમરાજના સપાટામાં ઓચિન્તા જેમ "આઇ અચાનક કાલ તોપચી, ગહેગો જયું નાહર બકરીરી" ની માફક ફસાઇ

જશું માટે પાછળથી પસ્તાવું ન પડે તે માટે સતત પ્રયાસ કરવા ઉજમાલ થાઓ ! આ હજુ હમણાંજ પ્રભુજી કહી ગયા છે " ક્ષણુ લાખેણો જાય " તે કેમ ભૂલી જાઓ છો ! તે વાક્ય અહર્નિશ યાદ કરી આ ક્ષાણુક અને પરિણામે દુખરૂપી સુખ ઉપરથી રાગ ઉઠાવી દ્વિદલનો સર્વથા ત્યાગ કરો તોજ જિનેશ્વર મહારાજની આણા યથાર્થ પાળી કહેવાય. તેવા જગતવંદ્ય જિનેશ્વર મહારાજના વચનનો અખંડિતપણે આદર ક્યારે આપણે કરશું અને અવિચલ સુખ પામશું ?

૧૮. વેંગણુ—સર્વ જાતિના રીંગણા અભક્ષ્ય છે કારણ કે એક તો તેમાં બહુ બીજ છે તથા તેની ટોપીમાં સૂક્ષ્મ ત્રસ જીવો હોય છે. વળી તે ખાવાથી કામસંજ્ઞા (દુશીળતા) અને નિદ્રાને વધારે છે. વળી તે અતિ વિકારી તથા નિધ્વંસ પરિણામ ઉપજાવવાવાળા છે. પિત્તાદિક રોગ પણ થાય છે, તેથી તેની સર્વ જાતિ અભક્ષ્ય છે [1]રીંગણાની સુકવણી કરીને પણ ખાવાનો નિષેધ છે; તેથી તેને તો શીઘ્રતાથી જલાંજલીજ દેવી. કેટલાક રોગના કારણે આ અને આવી અભક્ષ્ય વસ્તુનો આગાર રાખે છે પણ બંધુઓ જે કર્મરૂપી રોગનું ઉન્મૂલન કરવા માટે ત્રિકાલજ્ઞાનીઓએ આ અભક્ષ્ય વસ્તુનો ત્યાગ કરવો કહ્યો છે;

---

૧ પુરાણાદિ અન્ય શાસ્ત્રો પણ રીંગણાનો નિષેધ કરે છે. यस्तु वृंताककालिंगमूलकाना च भक्षक अतकाळे स मूढात्मा न स्मरिष्यति मा प्रिये ! વળી કહ્યુ છે કે રીંગણાના શાકનો ધુમાડો લાગતા આકાશે ચાલતું વિમાન અટકે છે જો પુરાણીઓ ઉક્ત શાસ્ત્રને માન આપતા હોય તો તેમાં સ્પષ્ટ રીતે નિષેધેલી વસ્તુ પોતેજ વર્જીદષ્ટ શ્રોતા ઉપર દાખલો સજજડ બેસાડવો જોઇયે.

ત્યારે આપણે તેનો અનાદર કરી કર્મરૂપી રોગવૃદ્ધિ થવા માટે રીંગણા પ્રમુખ વાપરી ભવભ્રમણ વિશેષે વહોરી લઇએ છીએ. અફસોસ છે કે આપણા રોગનું તેથી નિવારણ થવાને બદલે ખરેખર તેને પુષ્ટિ મળે છે. ભવ્યો ! જ્ઞાનચક્ષુથી જરા વિલોકન કરો ! હવે આટલેથી વિરમો ! જેથી આપણે કર્મરૂપી રોગનું વિદારણ કરી અમરપદવી વેગે લઈએ.

૧૯. અજાણ્યું ફળ—જેનું નામ કોઇ ન જાણતું હોય તથા કોઇએ ન ખાધાં હોય તેવાં ફળ કે ફુલ અભક્ષ્ય છે કારણ કે તેના ગુણદોષની ખબર નથી. કદાચ વિષફળ હોય તો આત્મઘાત થાય, તે માટે તેનો ત્યાગ કરવો. વંકચુલ રાજકુમારને હિતસ્વી મહાન્ ઉપગારી ગુરૂમહારાજે અજાણ્યા ફળનો નિયમ કરાવ્યો હતો, જે તેણે અતિ ક્ષુધા લાગવા છતાં પણ દઢપણે પાળવાથી તેના પ્રાણ બચ્યા અને તેની સાથેના બીજા ચોરો અજાણ્યાં ફળ ખાવાથી કાળને વશ થયા. ભો ! ભવ્યો ! આવા પરમકૃપાળુ કેવળ નિઃસ્વાર્થી તીર્થંકર મહારાજ તથા ગુરૂમહારાજનો શીઘ્ર અનંતા દુઃખમાંથી મુક્ત કરવાનો ઉપદેશ પૂર્વ પુન્ય ઉદયે જે પામ્યા છીએ તે ફરી મળવો દુર્લભ છે. પુન્યરૂપી મૂડીનું વ્યાજ ખવાઇ ગયું અને હવે તો મૂડી પણ ખાવા મંડયા અને જો તે સઘળું ખાઇ જશું તો પરભવે સુખ–સંપદા કયાંથી પામશું ? માટેજ શાંત અને ગંભીરતાદિક અનંતગુણોના ધારક પ્રભુજીની આ ઉમદી શીખામણ માનો અને તદ્વત્ આચરણા કરવા વીર્યોલ્લાસ ફોરવો ! જેથી સ્વયમેવ મોક્ષમાળા કંઠને વિષે આરોપત થાય.

૨૦. તુચ્છફળ—જે અસાર પદાર્થ હોય, તૃપ્તિકારક હોય

નહિ, ઘણા આરંભે પણ તૃપ્તિ થાય નહિ, ખાવું થોડું ને ફેંકી દેવું ઘણું, જેમકે ચણીબોર,[1] પીલુ, પીચુ,[2] ગુંદી,[3] મોર[4] પ્રમુખ તે તુચ્છફલ છે તથા અત્યંત કુમળી મગ, ચોળા, ગુવાર, વાલ, સમી પ્રમુખની શીંગ તથા બીજી જે ફળની જાતિઓ કે ફળીની જાતિઓ અતિ કોમળ હોય તે સર્વે તુચ્છ ઔષધિ જાણવી. અને ચણાના પુલ, કેરીના મહોર કે જ ..ા ગોટલી બંધાણી ન હોય, બોરના ઠળીયામાથી ગર્ભ કાઢીને ખાવો તે વગેરેમાં પ્રસંગ દૂષણ પણ લાગી જાય કેમકે વનસ્પતિયો અતિ કોમળ અવસ્થામાં અનંતકાય પણ હોય છે તેથી અનંતકાયનો વ્રત ભંગ થઇ જાય. એવી વસ્તુઓ બહુ ખાઇએ તો પણ તૃપ્તિ ન થાય અને ખાવામાં થોડી આવે તથા ખાધા પછી તેની ગોટલી (ઠળીયા) બહાર નાંખીયે એટલે તેમાં મુખની લાળ અડવાથી અસંખ્ય (લાળીયા) સમૂર્ચ્છિમ જીવ ઉત્પન્ન થાય તથા જે પુરૂષ બહુ તુચ્છ ફળ ખાય તેને તત્કાળ રોગ પણ થઇ જાય છે તેથી તુચ્છ ફળ સર્વથા વર્જવાં. હે બંધુઓ ! જ્યારે આ તુચ્છ અભક્ષ્ય વસ્તુ ઉપરથી આપણો તુચ્છ મમત્વ ભાવ ઉઠશે ત્યારેજ શાશ્વતાં અનંત સુખની લ્હેરીઓમાં મગ્ન થવાનો સમય શીઘ્ર પ્રાપ્ત થશે.

૨૧ ચલિત રસ–કોહ્યું સડ્યું અન્ન, વાશી રોટલો, રોટલી ભાત, દાળ, શાક, ખીચડી, શીરો, લાપશી, ભજીયાં, થેપલાં, પુડલા, વડાં, નરમ પુરી, ઢાકળાં વિગેરે અનેક રસોઇ કે જે એક રાત્રિ વ્યતીત થયે વાશી થાય એટલે સૂર્ય અસ્ત પછીજ

---

૧ કાશીના આમલબોરમા પણ ત્રસજીવો થાય છે. ૨ પેચ. ૩ કટ ગુંદા, જાબુ પણ તુચ્છ ફલ ગણાય છે. ૪ આંબાનો મોર.

સડેલો તથા હલકો દાણો બરોબર જોયા તપાસ્યા વગરનો પણ દળવા આપે, તેઓને તો વ્યાપાર કરવો છે એટલે પ્રાય. વેઠજ કરે; જેથી સ્વઘેર સારો માલ મંગાવી, જોઇ તપાસી જયણા પૂર્વક દળવો કે દળાવવો અને સારા આંક[1] વતી ચાળીને વાપરવો. ઘઉં પ્રમુખમાં કેટલીક વખત બહુ ઝીણાં સાર હોય છે તે તેમાં ધનેડાં પ્રમુખ જીવની ઉત્પત્તિ થાય છે, તે જીવો બહુ ઝીણાં હોવાથી એકાએક નીકળી શકતા નથી પણ જ્યારે મોટા થાય છે ત્યારે તે દાણામાંથી નીકળી શકે છે તેથી તેવા દાણાઓ વીણીને ઉપયોગ પૂર્વક સારી [2]જગ્યાએ મૂકી દેવા; પણ કેટલાક તેને સહેજ છિદ્રો સમજી જેમને તેમ દળવા પણ આપી દીયે છે તે ખેદજનક છે. તુચ્છ સ્વાર્થની ખાતર તેવી વર્તણુક અથવા પ્રમાદ મહા અનર્થકારી થાય છે, આતો કોઇ કોઇ દાણા તેવા હોય છે પણ કેટલીક વખત સામટો દાણો ભરે છે તે ઋતુ ફેરફાર આદિ કારણથી તદ્દન સડી જાય છે તો તેવા દાણા ગમે તેટલા પ્રમાણમાં હોય તોપણ કિંચિત્ ન વાપરવા. મુખ્યતાએ તો જેમ જોઇએ તેમ મણ બે મણ કે પાંચ મણ પરીક્ષા કરી સારો માલ લેવો યુક્ત છે, પણ કદાચ તેમ ન બને તો તેને ઉપયોગ પૂર્વક રાખમાં ભારવા, પારો દેવો તથા અવાર નવાર જોવા તપાસવાનો ઉપયોગ કરવો જોઇએ, તેમા પણ ચોમાસામાં ખાસ કરી દરેક વસ્તુઓમાં જીવોત્પત્તિ થવાનો સંભવ હોવાથી અતિ સંભાળ રાખવી; આ વગેરે કાર્યોમાં સ્ત્રીઓએ વિવેક તથા ચતુરાઈ પૂર્વક પોતાની ફરજ સમજી ઉપયોગ કરવો

---

૧ જીવની સારી રીતે રક્ષા થઇ શકે તેવા સાધન. ૨ જયા પાજરાપોળ ન હોય ત્યા પણ જીવાતની રક્ષા માટે ઓરડા અવશ્ય જોઇએ.

ઘટે છે. વળી જો બની શકે તો દળવા પણ ન આપે. કારણ કે તેને તો મજુરી કરવી હોય તેથી ઘંટી પ્રમુખ પુંજે કે નહિ, ઘંટી ઉપર ચંદરવો પણ હોય કે નહિ (પ્રાયઃ કરી તેઓ ધર્મના અજાણ હોવાથી તેવો શુદ્ધ ઉપયોગ કયાંથી રાખે!) તથા તિથીને દિવસે પણ દળે અને ભેળ સંભેળ–દગો પણ કરે; પણ આ પંચમ કાળમાં મોટા શહેરોમા ગરીબ સ્થિતીનો માણસ દળાવીને વાપરે ત્યારે શ્રીમંત પુરૂષોની તો શી વાત! પણ ધર્મ તો શ્રીમંત કે ગરીબ બન્નેને માટે એક સરખો છે. શાસ્ત્રમાં ઘંટી ઉપર ચંદરવો ન હોવાથી કેવા કેવા દોષો કહ્યા છે તે વગેરેનું અત્રે વિવેચન ન કરતા ટુંકમાં એટલુંજ કહેવું બસ છે કે આપણે જીવદયાના હેતુ માટે જયણાપૂર્વક જેમ આજથી ફક્ત પચીશ કે પચાસ વર્ષ પહેલાં શ્રીમંતોના ઘરવાળાઓ જાતેજ દળવુ, પાણી ભરવુ વગેરે કાર્યો કરતા હતા તેમ કરશુ તો તેમાં લઘુતા નથી, પણ આ બાબત સુજ્ઞ બહેનોનેજ લાગણી હોય તો ઘણે દરજ્જે સારો ઉપયોગ રાખી અનેક જીવોને જીવિતદાન આપ્યાનું ફળ મેળવે તથા અનુક્રમે સુખ સંપદા પામે, તેથી જયણાપૂર્વક જાતે કરવુ તેજ ઉત્તમ છે.

૨. **જલેબી**–જલેબીનો આથો કરવાની જે રીત છે તેજ જીવો ઉત્પત્તિની હેતુ છે. કોઇ ઠેકાણે દિવસના આથો વગેરે બનાવી તેજ દિવસ જલેબી બનાવી ઉપયોગ કરે છે અને તેમાં દોષ લાગતો નથી એમ કહે છે પણ આ બાબત વિશેષ નિર્ણય કરતાં જણાયું છે જે કિંચિત્ પણ જુના ઘોળનું જામણ દીધા શિવાય નવો ઘોળ કદિ ઉપસતો નથી અને ઉપસ્યા વિના જલેબી ફુલે નહિ માટે જે આથો હોય તે ઉપસે છે અને ઘોળ

તે ઉપયોગ રાખવો. હે ભવ્યો! આવી મિઠાઇઓમાં પ્રથમ, મધ્યે અને પશ્ચાત્ કેટલી હિંસા થાય છે તથા કેવા દગા કરેછે તેનો સહજ ખ્યાલ કરવો. જલેબી, હલવો પ્રમુખ મિઠાઇ વગર શું આપણુને બીજી ભક્ષ્ય મિઠાઇ નથી મળતી કે આવી અભક્ષ્ય મિઠાઇનો ઉપયોગ કરવો? ધન્ય છે તેવા વીર રત્નોને કે જેઓ બહુ આરંભથી નિષ્પન્ન થતી એવી મિઠાઇનો, રસ સ્વાદથી વિમુખ થઇ સર્વથા ત્યાગ કરે છે. તે વાત યથાર્થ જ છે કે એક રસ ઇન્દ્રિયના તુચ્છ સ્વાદ માટે અસંખ્ય જીવોની હાની થાય છતાં આપણે ભક્ષ્યાભક્ષ્યની દરકાર રાખ્યા વિના આંખ આડા કાન કરી, અનાદિકાળની ટેવ મુજબ મુખ હલાવ્યાજ કરીએ છીએ; તે કેવું અફસોસજનક છે. અરે! કયારે આપણા મુખો બંધ રહેશે અને અણાહારી અનંત સુખમાં લય લીન થઈશું? જો એક રસઇન્દ્રિય વશ ન થઈ તો બાકીની ચાર ઇન્દ્રિઓ કદિ વશ થવાની નથી તેથી પ્રબલ એવી રસ ઇન્દ્રિયને વશ ન થતાં તેનો જય કરવા ઉજમાળ થવું. સુજ્ઞ બંધુઓ! જુઓ કે વીર પ્રભુએ સાડાબાર વર્ષ મધ્યે ફક્ત ૩૪૯ દિવસ આહાર કર્યો, બાકી સર્વથી તપ કર્યો. તેવા આત્મ શૂરાઓજ આત્માનું કલ્યાણ કરી સિદ્ધિમહેલ પામ્યા અને અત્યંત રસઇન્દ્રિયને વશ થઇ પુદ્ગલિક સુખમાં આનંદ માનતા એવા આપણે હજુ ચતુર્ગતિમાં ભ્રમણ કરીએ છીએ; તે પ્રત્યક્ષ જોઇએ છીએ, અનુભવીએ છીએ છતાં આ અનાદિની કુવાસના હે ચેતન! કેમ મટાડતો નથી! હવે તો ચેત! ચેત! જિનશાસન ફરી મળવું દુર્લભ છે તો આ દેહવડે કાંઇક સાર્થક કર! કર!

૯. મુરબ્બો—કેરીનો મુરબ્બો શીત, ઉષ્ણ તથા વર્ષાઋતુમાં

જ્યાં સુધી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પલટાય નહિ ત્યાં સુધી ભક્ષ્ય અને પછી અભક્ષ્ય એમ સેનપ્રશ્નાદિકમાં છે પણ જેમ અથાણાને માટે જુક્તિથી રાખવાની તથા કેમ કાઢવું વગેરે સૂચનાઓ લખી છે તેમ મુરબ્બા માટે ઉપયોગ રાખવો. ચોમાસામાં લીલ ફુગ થઇ ન જાય તેવી જગ્યાએ સંભાળથી રાખવો. મુરબ્બાની [1]ચાસણી જો નરમ હોય તો વેળાસર બગડી જાય. નરમ ચાસણીના મુરબ્બામાં પંદર વીશ દિવસ પછી લીલ ફુગ થઇ જાય છે માટે આવી ચીજો બનાવવા–રાખવામાં બહુ ઉપયોગ રાખવો. બીજોરાં, સફરજન, નારંગીના મુરબ્બાનો લેખ નથી માટે ઉપયોગ ધરીને વર્ણ ગંધાદિકની તપાસ કરી લેવો ઘટીત છે. મુરબ્બો અથાણાં પ્રમુખ ઉઘાડું રહેવાથી બગડી જવા સંભવ છે, અને મિઠાઈ, વસાણું (સેવ ગાંઠીયા પ્રમુખ) તદ્દન બંધ રાખવાથી બગડી જાય છે અને ચોમાસામાં તો હવા લાગવાથી પણ લીલફુગ થઇ જવાથી અભક્ષ્ય થાય છે માટે જે જે વસ્તુ જેમ ઉપયોગ પુર્વક સારી રહી શકે તેમ કરવું; બહેતર છે કે જેમ બને તેમ રસ સ્વાદની ન્યુનતા કરી આવી વસ્તુઓનો ત્યાગ થાય તે શ્રેષ્ઠ છે. અને જો કોઇ પણ રીતે

---

૧ ચાસણી ત્રણ તારી કરવાથી ઘટ રહેવાથી પછી આપ મૂકે એટલે ઢીલા ગોળ જેવો મુરબ્બો થશે તે નહિ બગડે, પરંતુ જે આમળાનો તથા સફરજનનો મુરબ્બો અથવા તેનો રસો દવા સાથે લે છે તેમણે તે જુનો હોય તો નહી લેવો.

શરબત—દાઢમ (અનાર) નો, ગુલાબનો અને બીજો જે થાય તે પ્રવાહી હોવાથી ભલે પેકબંધ છતાં બોળ અથાણા જેવો ગણવો જોઇએ કેમકે તેની ચાસણી કાચી હોવાથી તેમાં પાણી ઘણું છે.

સીરકો—અનેક લીલોત્રીનો બનેલો આવે છે તે, બોળ અથાણું છે.

જીભલડીને ચાલે નહિ તો અતિ ઉપયોગથી વર્તવાની આવશ્યકતા છે; નહિતર અનેક જીવોના વિનાશના કારણિક થઇ દુર્ગતિમાં જઇ કરેલ કર્મ ભોગવવાં પડે, માટે કાંતો રસ ઇન્દ્રિયનો જયજ કરવો, નહિતર પ્રમાદ વર્જી જયણાપૂર્વક વર્તવું જેથી અલ્પ દોષ થાય.

૭. સેવ, વડી, પાપડ, ખેરો, ફરફર, અડદની સેવ, સાળેવડાં કે ખીચીયાં પાપડ પ્રમુખ શિયાળા ઉન્હાળામાં સૂર્યઉદય થાય ત્યારે તેનો લોટ બાંધી બનાવવું[૧] અને સૂર્યઅસ્ત પહેલાં બરોબર સુકાઇ જવું જોઇએ નહિતર વાશી થાય. ચોમાસામાં આવી ચીજો બનાવવી, રાખવી કે ખાવી યુક્ત નથી. કારણુ કે તેમાં ત્રસ જીવ, લીલપુગની ઉત્પત્તિ થવા પામે છે. કદાચ ચોમાસામાં પાપડ (જે અશાડ સુદ ૧ થી ૧૫ સુધીમાં બનાવેલા હોય તે) ખાવા માટે રાખવા હોય તો તેને તડકો અવાર નવાર દેવો. અને વારંવાર પુંજવાની તથા હેરવવા ફેરવવાની બહુ સંભાળ રાખવી, પણ આજે પ્રમાદને વશ થઇ પ્રાયઃ તેવો ઉપયોગ કદિ રાખતા નથી કે રાખવાના નહિ માટેજ ચોમાસામાં નજ ખાવા ઉત્તમ છે. કેટલાક શિયાળા, ઉન્હાળામાં બના-

---

૧. સેવ (પરદેશી મેદાની અભક્ષ્ય), પાપડ, અડદની કળીનો લોટ સૂર્યોદય પછીજ બાધવો; વડી, ફરફર, ખાચીયા (સાળેવડા) જે ચોખાનો લોટ રાધીને કરે છે તે પણ સૂર્યોદયેજ કરવ, ખેરો પણ જે ચણાનો લોટ મશાલો પાણીમા આથીને પાડે છે તે પણ સૂર્યોદયે આથીને બનાવવો જોઇએ અન્યથા તે અભક્ષ્ય છે વિરતિવાળાએ ખાસ આવી ચીજોનો ઉપયોગ કરતા અગાઉ તે કયા, કેવી રીતે, બનાવેલ છે તે ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કર્યા પછીજ વાપરવુ યુક્ત છે

વેલ સેવ પાપડ પ્રમુખ ચોમાસુ અને બીજા (આવતા) શિયાળા પર્યંત રાખી ખાય છે તે કેવળ અયુક્ત છે. ખરી રીતે તો અશાડ સુદ ૧૫ પહેલાંજ તેવી ચીજો વાપરી નાંખવી અને કાર્તિક શુદ ૧૫ પછીજ બનાવવી યોગ્ય છે. સેવ પાપડ પ્રમુખ જે બજારમાં તૈયાર મળે છે તે વાપરવું યુક્ત નથી; ઉપયોગ પૂર્વક ઘેરજ બની શકે તેજ વાપરવું જોઇએ. પાપડ વડી ચોમાસામાં અભક્ષ્ય છે એમ **શ્રાદ્ધવિધિમાં** કહેલ છે.

૮. **દૂધપાક**, બાસુદી, ખીર, શીખંડ, દૂધ, દૂધની મલાઈ પ્રમુખ બીજે દિવસ વાશી થાય તેથી અભક્ષ્ય છે તથા રાત્ર બનાવેલું પણ અભક્ષ્ય છે. રસસ્વાદની લોલુપતાને લીધે આવી ચીજો બીજે દિવસ રાખીને આરોગવી તે શરમ ભરેલું છે, દહીંની મલાઇનો કાળ દહિં મુજબ જાણવો.

૯. **કેરી**—આદ્રા નક્ષત્ર બેસે ત્યારથી પાકેલ કેરીનો રસ ચલિત થાય તેથી કેરી અભક્ષ્ય છે; ગધાઇ ગયેલી, સડેલી, ઉતરી ગયેલી કાયમ અભક્ષ્ય છે. કેરી ચુસીને ખાવી તે કરતાં રસ કાઢીને જ ખાવો યુક્ત છે. કારણ ચુસવાથી તેનો ગોટલો જયાં નાંખીએ ત્યાં આપણી લાળ અડી હોય તેથી અસંખ્ય સંમૂર્છિમ લાળીયા જીવ ઉત્પન્ન થાય, વળી કેરીમા ત્રસ જીવ (ઇયળો) કદાચ નીકળે છે તેથી રસ કાઢયો હોય તો દેખાવાથી રસની જીવાતો પેટમાં નહિં જતાં તેની રક્ષા થાય. કેરીનો રસ ઉન્હાળાની સખ્ત ગરમીને લીધે સવારનો કાઢેલો સાંજ સુધી રહી શકવા થોડો સંભવ, તેથી જયારે ઉપયોગ કરવો હોય ત્યારે રસ કાઢવો અને ચાર છ કે આઠ ઘડી રાખવો હોય તો ઠંડા પાણીના વાસણમાં રસનુ વાસણ રાખવુ અને જયાં ગરમી ન

લાગે તેવી જગ્યાએ રાખવો. આદ્રા નક્ષત્રથી કેરીનો અવશ્ય ત્યાગ કરવો ઘટે છે કેમકે ત્યાર બાદ આ ક્ષેત્રમાં તો કેરી પ્રત્યક્ષ કોહીજતી જણાય છે.

૧૦. **પાપડ**—શેકેલો પાપડ બીજે દિવસ સીતાળી ફરી જવાથી વાશી થાય. તેલ કે ઘીમાં તળેલો બીજે દિવસ વાપરી શકાય.

૧૧. **ચટણી**—કોથમીર, ફોદીનાની જે ચટણી કરે છે તેમાં દાળીયા (શેકેલા ચણા) કે ગાંઠીયા પ્રમુખ નાંખીને બનાવેલી તેજ દિવસ ભક્ષ્ય, બીજે દિવસ વાશી થાય. ખટાઇ (લીંબુ, કોઠ પ્રમુખ) વાળી કોથમીર ફોદીનાની પાણી વિનાની કોઇ પણ અનાજ નાંખ્યું ન હોય તેવી ચટણી ત્રણ દિવસ સુધી લેવાય, ઘુંટતાં પાણી નાંખ્યું હોય તો બીજે દિવસ વાશી જરૂર થાય. ખટાઇ વિનાની ચટણી તડકો દઇ સુકવી, રાખી હોય તો બીજે દિવસ લેવામાં બાધક જણાતો નથી અન્યથા બાધક જાણવો. ખરું જોતાં તાજે તાજી રોજેરોજની બનાવીને ખાવી ઉત્તમ છે; કદાચ એઠવાડ પડી જાય કે એઠા હાથનો સ્પર્શ થઇ જાય તેથી પણ અભક્ષ્ય થાય.

૧૨. **સંભારો**—લોટ કે મેથી નાંખીને બનાવેલ સંભારો બીજે દિવસ વાશી થાય.

૧૩. **પકવાન**-મિઠાઇ—ગોળપાપડી કે પાકના લાડુ જે સર્વથા જળ રહિત થાય છે તે વર્ણ ગંધ રસ સ્પર્શ ફર્યે અભક્ષ્ય થાય એટલે તેના માટે પકવાનના જેટલોજ કાળ હોય તેમ કહી શકાય નહિ, વિશેષ કાળ પણ પહોંચે તેમ શાસ્ત્રમાં પણ કહેલ છે. જો ગોળની તથા ઘીની વિગઇનો ત્યાગ કર્યો

હોય અને નીવિયાતાની જેને છૂટ હોય તેને તે દિવસની કરેલી ગોળપાપડી લેવાય નહિ, બીજે દિવસ લેવાય. કેમકે તેના તેજ દિવસે તેમાં વિગઇપણું મટે નહિ. તોપણ ઉત્કૃષ્ટથી સુખડીના કાળ મુજબ લેવામાં ઠીક છે કારણ કે કેટલીક વખત રસઇંદ્રિયમાં લુબ્ધ થઇ જવાથી તેના વર્ણગંધાદિક પલટાયા હોય ને ખબર ન પડે તો તે વાપરવાથી દોષ લાગે; માટે ગોળપાપડીનો કાળ જે પકવાન કાળ કહેલ છે તે મુજબ લેવો તે વધારે સારું છે. મિઠાઈ સારી ઉત્તમ પ્રકારની બનાવેલી વર્ષાકાળમાં ઉત્કૃષ્ટ પંદર દિવસ, ઉન્હાળામાં વીશ દિવસ, તથા શિયાળામાં એક માસ સુધી ભક્ષ્ય છે, પછી અભક્ષ્ય છે. કંદોઇની દુકાનની મિઠાઇ પ્રાયઃ તેવી ઉત્તમ ન હોય તેનો કાળ ઓછો જાણવો. અને જો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ફરે તો કાળમાન પહેલાં પણ અભક્ષ્ય થાય, કંદોઇની દુકાનની મિઠાઈ વાપરવામાં અનેક દોષ છે તેથી ઘેર બનાવી-કરાવીને, ખાવી ઉત્તમ છે. કારણ કે કંદોઈ જે પાણી વાપરે તે ગળેલ હોય કે નહિ, બીજું તે પાણી પીઇને એઠો પ્યાલો તે વાસણમાં બોલે એટલે અસંખ્ય સંમૂર્છિમ જીવ થાય; વળી જુનો માલ (સુખડી) વધેલ હોય તેનો ભૂકો પ્રમુખ નવી મિઠાઇ સાથે પણ મેળવે, લોટ વગેરે જુનો માલ વાપરે, ચાળ્યા વગર પણ વાપરે, રાત્રે આરંભ કરીને બનાવે, પરદેશી મેંદો પ્રમુખ અભક્ષ્ય ચીજ વાપરે, ઘી હલકું ખોરું પણ વાપરે, લાકડાં ચૂલો પ્રમુખ પુંજે કે નહિ, ચૂલા ઉપર ચંદરવો કયાંથી હોય એમ યત્ના વગર કરતા હોવાથી એકેંદ્રિયથી માંડી ચૌરિંદ્રિય અને અસંજ્ઞી—સંમૂર્છિમ પંચેંદ્રિય સુધીના અનેક જીવોની

હાનિ થવા પામે વિગેરે કારણોથી કંદોઈની દુકાનની મિઠાઇ કે સેવ, ગાંઠીયા, બુંદી વસાણું પ્રમુખ પ્રાયઃ અભક્ષ્ય હોય. ચોમાસામાં તો કંદોઇની મિઠાઇનો અવશ્ય ત્યાગ કરવોજ જોઇએ.

" **મિઠાઈનું કાળમાન** "—કાર્તિક શુદ ૧૩ કે ૧૪ સુધીમાં જે મિઠાઇ બનાવી હોય તેનો કાળ ૧૫ દિવસનો જાણુવો, કારણ કે તે મિઠાઈ ચોમાસાના કાળમાં બનાવી છે; ફાગણુ શુદ ૧૩ કે ૧૪ સુધીમાં જે મિઠાઇ બનાવી હોય તેનો કાળ (૨૦) વીશ દિવસનો ગણુવો, જો કે તે મિઠાઇ શિયાળાના કાળમાં બનાવી છે પણ ગ્રીષ્મ ઋતુમાં વાપરવી છે તેથી તેનો ઉન્હાળા પ્રમાણે કાળ ગણુવે. અને અશાડ શુદ ૧૩ કે ૧૪ સુધીમાં જે મિઠાઈ બનાવી હોય તેનો કાળ ૧૫ પંદર દિવસનો ગણુવો, કારણુ તે મિઠાઇ વર્ષાઋતુમાં વાપરવી છે. તેવી રીતે ઓછો કાળ સમજવો પણ વિશેષ નહિ. તેમ વર્તવાથી દોષ લાગે નહિ, વ્રત બહુ શુદ્ધ રહે. કેટલીક મીઠાઇ તો બીજેજ દિવસ કે બે ચાર દિવસમાં પણ વર્ણ ગંધ રસાદિ ફરી જવાથી અભક્ષ્ય થાય છે તેથી દરેક ચીજ સારી રીતે જોઇ તપાસી સુંઘી ખાતરી કરીને વાપરવી ઉચિત છે. પરદેશી મેંદાની કે પરદેશી પરસુદીના લોટની મીઠાઇ અભક્ષ્ય છે. જિનેશ્વર ભગવંતે ઉપયોગ અને આણાએજ ધર્મ કહ્યો છે માટે આવી અનેક બાબતોમાં અતિ ઉપયોગ રાખવો જરૂરનો છે કે જે આપણો ધર્મ (Duty) છે. બંધુઓ ! પ્રથમ તો ધર્મ માર્ગમાં પ્રવેશ કરતાં ઘણા જીવોને તે કડવો ઔષધ સમાન લાગે, કોઇ મહા પુન્યશાળી હલુકર્મી પ્રાણીઓને ધર્મ પ્રત્યે અત્યંત ઉત્સુકતા હોય

છે. ધર્મ જો ખુશીથી કરવો ન ગમતો હોય તો પણ પુરાણે કર્મરૂપી રોગનું હરણ કરવા ધર્મરૂપી ઔષધ ગ્રહણ કરવું. જેમ કોઇ રોગી માણસ હોય તેને કડવી વિષસમાન દવા પીવી જરાયે ગમતી નથી; ત્યારે તેથી વિમુખ થઈ જો તે દુધપાક પુરી આદિક મિષ્ટ પદાર્થો વાપરે તો અલ્પ વખતમાં તે કાળવશ થઇ જાય અને જો ઝેર જેવી કડવી દવા પરાણે પણ પીયે તો તેના રોગનું અવશ્ય નિવારણ પણ થાય; તેમજ જો આપણુને ધર્મ ઉપર રૂચી થતી ન હોય તોપણ કરવી અને જો વિષયવાસના પ્રમુખમાં લપટાશું તો અનંત ભવ ભ્રમણ કરવું પડશે તેથીજ કર્મરૂપી રોગનું નિવારણ કરવા આ ધર્મરૂપી જુદાં જુદાં અનુપાનો (ઔષધ) પ્રયોગો જણાવ્યા છે તેથી કંટાળીને વિમુખ ન થતાં સંપૂર્ણ આત્મવીર્ય ફેરવવું જેથી સહેજે શિવ સંપદા પામીશું.

૧૪. **વસાણું**—સેવ, ગાંઠીયા, બુંદી,[1] દાળ[2] પ્રમુખ વસાણું પકવાન હોવાથી તેનો [3]કાળ મિઠાઇ જેટલો જાણવો અને વર્ણ ગંધ રસ સ્પર્શ ફરે તો કાળમાન પહેલાં પણ અભક્ષ્ય જાણવું. ભજીયાં, કચોરી, લોચાપુરી, માલપુંવા, પ્રમુખ નરમ વસ્તુઓ બીજે દિવસ વાશી થાય છે.

૧૫. **ચુરમાના લાડુ**—તળ્યા વગરના બીજે દિવસ વાશી થાય પણ સારી રીતે તળેલા ઉત્તમ બનાવ્યા હોય તો બીજે

---

૧ બુંદી નરમ તળેલ હોય તો વાશી થાય.

૨ રાત્રે પલાળેલી દાળ વાશી થાય માટે વાપરવી નહિ.

૩ ઘી તથા તેલ ખોરૂ થાય તો અભક્ષ્ય કહેલ છે તો તેવા ઘી તેલની મીઠાઇ પણ અભક્ષ્ય જાણવી.

ત્રીજે દિવસ ખાવામાં બાધક નથી. +ખસખસ ચુરમાના લાડુ તેમજ કેટલીક મિઠાઇમાં છાંટે છે તે વાપરવી યુક્ત નથી. વિરતિવંતે તો ખાસ ઉપયોગ રાખવો.

૧૬. રસોઇ—ઉન્હાળામાં સવારે રાંધેલ દાળ ભાત પ્રમુખ રસોઇ સખ્ત તાપને લીધે સાંજે બેસ્વાદ (ચલિત રસ) થઇ જવા સંભવ છે તેથી અભક્ષ્ય થાય. રોટલી રોટલા વિગેરે પણ ઉપયોગથી રાખવા જોઇએ. એકદમ ગરમ ગરમ તેના વાસણમાં ભરી ન દેવા પણ થોડીવાર પછી ભરવા. વળી કલઈ વિનાના વાસણમાં દહિં છાશ પ્રમુખ ખાટા પદાર્થ રાખવાથી (થોડાજ વખતમાં) તેમજ બીજી રસોઇ દાળ શાક પ્રમુખ રાખવાથી કટાઇ જાય છે તેથી તે વસ્તુનો વર્ણાદિક ફરવાથી તે ખાવા લાયક નથી, જેથી પીતલ કે ત્રાબાના કલઈ રહિત વાસણમાં તે વસ્તુઓ જરાવાર પણ ન રાખવી. કેટલીક વખત થોડી કલઇ રહી હોય તેવા વાસણમાં રાંધવુ કે રાંધેલી વસ્તુ કે દહિં છાશ રાખવી તેથી પણ કટાઇ જાય છે, માટે અવાર નવાર કલઇ કરાવવાનો ખાસ ઉપયોગ રાખવો, તેમાં પ્રમાદ કે લોભવૃત્તિ રાખવા જતાં તેનું પરિણામ વ્યાધિ વિગેરે અતિ ખરાબ થાય છે.

૧૭. ઓદન (ભાત)—રાધેલો ભાત *છાશમાં રાખેલ હોય તેનો કાળ આઠ પહોર સુધીનો છે. તેટલો કાળ ભાત સાંજે

+ ખસખસ અભક્ષ્ય છે માટે કદોઇની દુકાનથી મીઠાઇ લેનારે તેનો નિર્ણય ક્યા વિના વિશ્વાસ રાખવો નહિ.

* છાશમા ખુડ જોઇએ, છાશ નવુ પાણી ભેળવેલ નહિ ત્રણ દિવસનુ ઓદન ન લેવાનુ અતિચાર સુત્રમાં કહેલ છે તે ફક્ત જાડી છાશથી રાધેલ અનાજ સમજવુ.

રાંધ્યો હોય અને છાશ છાંટેલ હોય તેનો સમજવો પણ સવારનો ભાત જો છાશ છાંટીને રાખ્યો હોય તો તેજ દિવસે વપરાય; સૂર્ય અસ્ત પછી તે કામ ન આવે. છાશ છાંટીને જે સાંજનો રાંધેલો ભાત રાખવો તેમાં પણ બહુ ઉપયોગ રાખવાનો છે. તે ભાતના (સૂર્ય અસ્ત પહેલાં) દાણેદાણા છુટા કરી નાંખવાજ જોઇએ અને જો તેમ ન થાય તો તે વાશી થાય, માટે એક એક દાણો છુટો કરી નાંખવો તથા તેની ઉપર ચાર આંગલ તરતી છાશ જરૂર રાખવી જોઈએ; વળી તે છાશનો કપાળમાં ચાડલો કરે તો થાય તેવી અર્થાત્ પાણી બહુ થોડું ને છાશ દહિ ઘણું હોય તેવી જોઈએ. તથા તે ભાત જયાથી તૈયાર થયો હોય ત્યાંથી કાળ આઠ પ્રહરનો ગણવો પણ છાશ છાંટે ત્યાંથી નહિ; અને સૂર્ય અસ્ત પહેલાંજ તેની સઘળી ક્રિયા પૂર્વોક્ત કરી લેવી જોઇએ. ચોમાસામાં તો આ પ્રમાણે ભાત રાખવોજ યુક્ત નથી. બહેતર તો એજ છે કે આવી વસ્તુપરથી મમતા ઉઠાડવી કેમકે પ્રમાદવશાત્ આપણે પૂર્વોક્ત ઉપયોગ પ્રાયઃ રાખી શકતા નથી અને તેથી વાશી (ફક્ત રૂપાંતર થયું) નો દોષ લાગે છે માટે જોઇતુંજ રાંધવુ અને કદાચ તેમ છતાં વધે તો અનુકંપાદાન કરવું ઠીક છે. કેટલેક ઠેકાણે નાતમાં સાંજે ભાત, મગ પ્રમુખ રાંધેલી રસોઇ વધી પડી હોય તેનો કૃપણ પ્રકૃતિને લીધે સદુપયોગ તો ન કરી શકે પરંતુ બીજે દિવસ તે વાશી રસોઇ નવી સાથે ઉમેરી દઇ ખવરાવે છે તેથી ચળિત રસના ત્યાગીએ ખાસ તથા બીજાઓએ પણ આવે ઠેકાણે જમવા જતાં અવશ્ય વિચાર કરવો. શ્રાવકે આ પ્રમાણે વાશી ખવરાવવું તેજ શરમાવા જેવું છે; પોતાના અલ્પ નુકશાનને ખાતર અસંખ્ય જી-

વોનો વિનાશ થાય તે તે કબુલ કરે છે! અફસોસ! બંધુઓ તેના કિંપાક સમાન ફળ ચાખવાં પડશે ત્યારે અતિ ત્રાસ થશે માટે સમજો અને અનાદિની કુમતિને કાઢો, જેથી સુમતિના સંગથી સ્વઆત્માનું શ્રેય કરી અવિચલ સુખવાસ પામીએ.

૧૮ દહીં—પ્રભાતે મેળવેલું (દૂધમાં ખટાઈ નાંખેલી) દહીં સોલ પહોર પછી અભક્ષ્ય થાય અને સંધ્યા સમયે મેળવેલું દહીં બાર પ્રહર પછી અભક્ષ્ય થાય છે, એમ **સેન પ્રશ્નમાં** છે. એટલે દૃષ્ટાંત તરીકે રવીવારના સવારે સાત આઠ કે દશ વાગે મેળવણુ નાંખ્યું હોય તેનો કાળ રવીવારના સૂર્ય ઉદયથી જ ગણુવો. (એમ નહિ જે દશ વાગે મેળવ્યું એટલે ત્યાર પછી ૧૬ પ્રહર) એટલે રવીવારના અહોરાત્રિના આઠ પ્રહર મળી સોળ પ્રહર, તે દહિ મંગળવારના સૂર્યોદય પહેલાં વલોવી નાંખવું જોઈએ, ત્યારથી સોળ પ્રહર તેની છાશનો કાળ સમજવો તેવીજ રીતે રવીવારની સંધ્યા સમયે કે ત્યાર પછી મેળવણુ નાંખ્યું હોય તેનો કાળ રવીવારના સૂર્યાસ્તથી ગણુવો. એટલે રવીવારની રાત્રિના ચાર પ્રહર તથા સોમવારની અહોરાત્રિના આઠ પ્રહર મળી બાર પ્રહરનો કાળ જાણુવો. અર્થાત્ દહીં મેળવ્યા પછી બે રાત્રીનું કાળમાન જાણુવુ. દૂધ ચાર પ્રહર સુધી વર્ણાદિક ન પલટાય તો ત્યાં સુધી ભક્ષ્ય છે, તે દરમિયાન મેળવવું જોઈએ; અને બપોર પછી કે સંધ્યા પછી ગમે ત્યારે દોહેલું દૂધ હોય તેમાં રાત્રિના બાર વાગતાં (મધ્ય રાત્રિ) પહેલાં મેળવણુ નાંખી દેવું જોઇએ.

દહિ બજારમાંથી લેવા કરતાં ઘેર બનાવવું શ્રેષ્ઠ છે, કારણુ તેઓનાં વાસણુ પ્રાયઃ શુદ્ધ ન હોય, ઉઘાડાં—ઢાંકયા વગર પણુ

રહે, વાશી દૂધનું કે મિશ્રણ કરેલા દૂધનું કે સંચાના દૂધનું બનાવે, કાળમાન ઓછું વધારે કહે, વળી પહુવા રાંધીને પણ દૂધની સાથે મિશ્ર કરી મેળવી દહીં બનાવે છે, કેટલીક વખત મૃત્યુ પામેલા જીવો પણ દહિમાંથી નીકળેલા જોવામાં આવે છે વગેરે અનેક દોષોના કારણથી ઘેર બનાવી વાપરવું યુક્ત જણાય છે.

કાંજી કે જે કાચી અથવા ગરમ કરેલી છાશની આછ-પરાસ કહેવાય છે તે કાંજીનો કાળ સોળ પ્રહરનો કહ્યો છે.

દહિં, છાશ ને કાંજીનો સોળ પ્રહર જે ઉત્કૃષ્ટો કાળ કહ્યો તે સોળ પ્રહર એટલે કે બે રાત્રિ ઉલ્લંઘન ન થવી જોઇએ તે પહેલાં પણ જો વર્ણાદિક ફરે તો તે અભક્ષ્યજ છે. ચલિતરસમાં જે જે કાળમાન કહ્યું છે તે તે વસ્તુ ઉત્કૃષ્ટા કાળ સુધી આચ-રણીય, ત્યારપછી કદાચ નિશ્ચયથી ચલિત ન થઇ હોય તોપણ તે વ્યવહારથી અનાચરણીય છે એટલે કાળમાનનો અર્થ એવો થયો કે જે મયાદા જે કાળની આચાર્ય મહારાજે બતાવી છે તે પછી તો તે વસ્તુ નજ વપરાય અને કાળમાન પહેલાં જો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પલટાય કે તે અભક્ષ્ય જાણી ત્યારથી જ વર્જવી તે ખાસ ધ્યાનમાં રાખવું.

૧૯. દૂધ ચાર પ્રહર સુધી ભક્ષ્ય છે પણ સાંજનું દોહેલું દૂધ હોય તેનો ઉપયોગ મધ્યરાત્રિ અગાઉ થઇ જવે જોઇએ. કેટલીક વખત ગ્રીષ્મ ઋતુમાં દૂધ સખ્ત તાપને લીધે કે વધારે વખત રહેવાથી અથવા ઉપયોગ પૂર્વક શુદ્ધ વાસણમાં ન રા-ખવાના કેટલાક કારણને પામીને બગડી જાય છે અને કોઈવાર દહિની માફક જામી જાય છે, તેને દહિં થયું સમજી વાપરવું

નહિં કારણ તે દૂધના વર્ણાદિક પલટાયા તેથી તે દૂધજ અભક્ષ્ય છે. કોઇવાર દૂધ ફાટી જાય છે તેપણ તેના વર્ણાદિક ફરવાથી અભક્ષ્ય માનવું. કેટલાક વેચનારાઓ વાશી દૂધનો ભેગ કરે છે, કલકત્તા તરફ રાત્રે દૂધ ખુબ ગરમ કરી તેમાંથી મલાઇ કાઢી તેમાં સીંગાપુરથી આવતા આરારુટ (એક જાતનો આટો) નો ભેગ કરી સવારમાં તાજું દૂધ કહી વેચે છે. પોતાના તુચ્છ સ્વાર્થને માટે બધુઓ ! આ લોકો શું શું નથી કરતાં અર્થાત્ તેઓ પ્રાય: દરેક વસ્તુમાં કૂડકપટ કરે છે. તેનો બારીકીથી તપાસ કરવો તથા બનતો ઉપયોગ રાખવો. બગડેલા વાશી દૂધનું દહિં, દૂધપાક, બાસુદી, મલાઇ, માવો વગેરે પદાર્થો પણ અભક્ષ્ય થાય. તે લોકો કે જે દૂધ દહિં પ્રમુખ પ્રવાહિ પદાર્થના વેચવાવાળા છે તેઓ તે વસ્તુના વાસણ ઉઘાડાં અજયણાથી કેટલીક વખત રાખે છે, તેથી થોડા વખત ઉપર કાઠિયાવાડમાં જુનાગઢ શહેરમાં એક દૂધના વેચનારાએ તેનું દૂધ એક દિવસ જયાં જયાં આપ્યું ત્યાં ત્યાં જેઓએ તે દૂધ વાપર્યું તે ઓને કલાકોના કલાકો સુધી ઝાડા, ઉલટી તથા અત્યત બેચેની ભોગવવી પડી. જે તપાસ કરતાં માલૂમ પડયું કે તે દૂધમાં કોઇ જીવની લાળ પ્રમુખ ઝેરી પદાર્થ પડેલો હોવાથી તેઓને બિમારી ભોગવવી પડી. કોઇવાર સર્પ પ્રમુખની લાળ (વિષ) પડવાથી તે વપરાવાથી મૃત્યુ પામવા સંભવ છે તેટલાજ માટે શાસ્ત્રકારે દશ જગ્યાએ ચંદરવા રાખવા કહ્યું છે, વળી એક મીનીટ પણ પાણી, ભોજન પ્રમુખના વાસણ ઉઘાડાં ન રાખવા વગેરે પ્રકારની યત્ના જે આ ગ્રંથમાં કહી છે તે શારીરિક તથા ધાર્મિક બન્ને લાભને માટે છે, જેથી અવશ્ય ઉપયોગ રાખવો.

બંધુઓ ! આ ઉત્તમ જૈનધર્મમાં પ્રકાશેલી યત્ના અથવા દયા ખરેખર તેના પાળનારાને શીઘ્ર મુક્તિના વાસને પમાડનારી છે. ખરેખર જૈનધર્મની બલિહારી છે ! દોહેલું દૂધ જેમ બને તેમ તુરત વેળાસર ગરમ કરી રાખવું જોઇએ નહિતર ઠંડુ દૂધ થોડા વખતમાં બગડી જવા સંભવ છે. મુનિ મહારાજ પણ ઠંડુ દૂધ વહોરતા નથી તે તેવુંજ કારણ હોવું જોઇએ; તથા દૂધ ગાળીને ગરમ કરવું જોઈએ.

દુધને ગળ્યા વિના ન ખાવાનું અન્ય ધર્મમાં પણ કહેલું છે અને જૈનશાસ્ત્રમાં, ગલણાં ૭ કહ્યાં છે.—

૧ મીઠાપાણીનું, ૨ ખારાપાણીનું, ૩ ગરમપાણીનું, ૪ દુધનું, ૫ ઘીનું ૬ તેલનુ અને ૭ આટોચાળવાનું.

દુધ વેચનારા દુધમાં થોડું પાણી ભેળવે તે અણુગળેલું પાણી જંતુવાળું કે વાળ પડેલું હોય.

ગાયનું, ભેંશનું, બકરીનું અને ગાડરીનું એ ૪. દુધને દુધવિગયમાં શાસ્ત્રે ગણ્યું છે, તેથી બાકી બીજા જનાવરોનું દુધ ખાવામાં દોષ છે. જલદી અભક્ષ્ય થઇ જાય છે તેવું દુધ રોગ ઉપજાવે છે.

૨૦. **ઘી** ખોરૂં, કાલાતીત થયે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ફર્યે અભક્ષ્ય થાય. ઘીમા કેટલાક દગાખોર લોકો ચરબીનો તથા બટેટાં રતાળુ પ્રમુખ કંદનો ભેગ કરે છે તેનો અવશ્ય ઉપયોગ રાખવો; પરીક્ષા વગર કોઈપણ માલ લેવો નહિ. વળી જે લોકો ઘી બનાવે છે તે ઘણાખરા સાત આઠ દિવસ કે બે ચાર દિવસનું માખણ એકઠું કરી બનાવે છે (તાવણ મૂકે છે) તે અભક્ષ્ય ગણાય. તેને માટે જેને ઘેર ગાય ભેંશ હોય તેજ ખરો ઉપયોગ રાખી શકે; છાશ (અલ્પની)

સાથેજ કે છાશથી જુદું પાડતાં માખણ તુરત ચૂલા ઉપર મૂકી દેવું જોઇએ; પણ જ્યારે શ્રાવકો સ્વઘેર અંતર્મુહૂર્ત ઉપરાંત કે કલાકોના કલાકો વાશી માખણ રાખી મુકે ત્યારે બીજાઓને તો શું દરકાર હોય ? અંતર્મુહૂર્ત એટલે જઘન્ય નવ સમયથી માંડી ઉત્કૃષ્ટ બે ઘડીમાં કાંઇક ન્યૂન કાળ તેને અંતર્મુહૂર્ત કહેલ છે, એટલે એક આંખનો પલકારો મારીએ તેટલા વખતમાં અસંખ્ય સમય થઇ જાય છે તેથીજ માખણની બાબત બહુ ઉપયોગ રાખવો ઉચિત છે, આપણા પ્રમાદમાં અહાહા ! અસંખ્ય જીવોનો વિનાશ થઇ જાય છે. હે બંધુઓ ! શ્રી જિનશાસનમાં આપણે આવો અત્યુત્તમ અવસર પ્રાપ્ત થયો કે જેથી સુક્ષ્મ બાબતોનું જાણપણું થાય છે. અહો ! કેવલી ભગવંત વગર બીજું કોણ કહી શકે ? અર્થાત્ ત્રણકાળના ભાવ જેનાથી એક સમયમાં જણાય તે કેવળજ્ઞાનથી પ્રભુજ પ્રકાશી શકે. બંધુઓ ! ચાલો હવે આપણે આ ઉત્તમ અવસરને પ્રમાદ ત્યજી હર્ષવડે વધાવી લઇએ અને "જીવદયા પ્રતિપાળક" એ નામ સાર્થક કરી મંગળમાળા વરીએ.

૨૧ બળી—પ્રસુતિવાળી ગાય તથા ભેંશના તરતના દૂધની બળી બનાવે છે. ગાયને પ્રસુતિ થઇ હોય ત્યારથી તેનું દૂધ ૧૦ દશ દિવસ, ભેંશનું ૧૫ પંદર દિવસ, બકરીનું ૮ આઠ દિવસ સુધી લેવું કલ્પે નહિ ત્યારે તેની બળી કયાંથી કરાય ને વપરાય ? અર્થાત્ નજ ખવાય.

૨૨ ખાટાં ઢોકળાં—જે ચોખાની કણકી, અડદની [1]દાળ તથા ચણાની દાળને[2]ભરડીને છાશમાં આથો કરી બનાવે છે તે

૧–૨ કઠોળ કાચી છાશમા આપે તો દ્વિદલ દોષ થાય.

સાથે આથો કર્યો હોય તો અભક્ષ્ય છે. માટે સૂર્યોદય પછી આથીને કરવાં અને સૂર્યાસ્ત પહેલાં વાપરવાં જોઇએ. બંધુંઓ! આવી વસ્તુઓ પ્રમુખના બીજા દિવસે શીરામણ થાય તે ખરે-ખર શ્રાવક કુળને શું શરમાવા જેવું નથી[1] ? ટાઢા રોટલી, રોટલા,

---

૧ વળી કેટલાક દાળ કઢી વગેરે રાખ્યુ ધાન્ય આપી દાતણ જેવી નમાલી ચીજ ખરીદે છે તે વિશેષ શરમાવા જેવુ છે. દેખાદેખીથી બીજી નાતના કે બીજા કૂળ ધર્મવાળાની સ્ત્રીઓ પોતાના વસ્ત્ર મફત ધોવરાવણનો બદલો ધોબીને હમેશાં રાંધેલ અનાજ દાળ કઢી આપે છે એવું જોઇને શ્રાવકાઓ તેવું કરે તેને જોઇને ઘરધણી વારી રાખે નહીં તો ગુરૂ મહારાજે સમજાવવું જોઇએ કે—

ધોબીને તથા વાઘરીને ધધો છે કે તેઓ વાશી રાખે છે, વાશી ખાય છે, અને વાશી કોહેલુ ધાન્ય લુગડાંઓને આર દેવામાં વાપરે છે પણ તેઓ કાંઇ ફેંકી દેતા નથી ત્યારે શ્રાવકોએ વાશી રાખવું કે ખાવું નહીં પણ વાશી રખાવવું તથા ખવરાવવુ એમ થયા કરે છે એટલે વાશીની જીવ-હિંસા કરવી કે કરાવવી તેનું સરખે સરખુ પાપ ઉભુ રહે છે.

શ્રાવિકાઓ પોતે ધોવા કે ન્હાવા સારૂ નદી તળાવે જાય છે તેમાં પર્વતિથિને પાળવાનું પુન્ય લે છે અને ધોવરામણના પૈસા બચાવવા પોતે રાંધેલું આ રીતે વેચીને પાપ લે છે ત્યારે વાશીમાં ત્રસ જીવો બે ઇંદ્રિય ઉપજે છે તેની શ્રદ્ધા ક્યાં રહી ?

ધોબી તથા વાઘરીને દેવા સારૂ ઘરમાં ખાતાં ખાતાં જે દાળ કઢી વગેરે એઠું કરેલુ છતાં વધેલુ રાખી મુકે તેઓને ત્રસજીવ સમુર્ચ્છિમ પચેંદ્રિય મનુષ્યો અસંખ્યની હત્યા લાગે છે અને તે ઉપરાંત વાશીના ત્રસજીવનો વિનાશ જુઓ.

શ્રાવક ભાઇઓએ પોતાને ઘરે લુગડાં ધોવરામણ ખર્ચ કરવાની અથવા સ્ત્રી પોતે ધોવે તેમ નહીં હોય તો કાચું અનાજ દેવાની ફરજ સમજાવવી જોઇએ.

થેપલાં, નરમપુરી, ભજીયાં, ઢોકળાં અને છાશ છાંટયા વગરનો ભાત પ્રમુખ વાશી ચીજો રાખીને ખાવાથી એક તો અનેક જીવોનો વિનાશ થાય, પ્રભુની આજ્ઞા લોપી કહેવાય વળી શરીરમાં અનેક રોગની ઉત્પત્તિ થાય, માટે હરેક ચીજ તાજે તાજીજ ખાવી યુક્ત છે. નાનાં બચ્ચાંઓને શીરાંમણુ વગર ન ચાલે તે સ્વભાવિક છે તો જેમ ગુજરાત તરફ ઘઉંના તદ્દન પાતળા ખાખરા શેકી રાખી વાપરે છે તે બાબત .ખાસ કરીને કાઠીયાવાડી, મારવાડી ભાઇઓએ તથા તે શિવાય જેઓ વાશી વાપરતા હોય તેઓએ અનુકરણ કરવું ઘટે છે; પણ અફસોસ તથા ખેદજનક એ છે કે પ્રાયઃ ઘણીખરી અજ્ઞાનરૂપ મિથ્યાત્વ-જાળમાં ફસાયેલી જૈન સ્ત્રીઓ પોતાના બચ્ચાંનું રક્ષણ કરનારી શીતળા માતાને માની, શીળ સાતમને દિવસેજ ખાસ આગલે દિવસે રાંધેલું હોય તે વાશીજ વાપરે છે. અને તે દિવસે ચૂલાને (શીતળા) શાંત કરે છે. પણ બંધુઓ ખરેખર આપણામાંજ સ્વશક્તિ પુરુષાર્થપણા (Moral Ccurage) નીજ ખામી છે નહિતર શું તેઓ તેમ વાશી ખાઇ કે ખવડાવી શકે ? આપણે જ .તે અજ્ઞાન સ્ત્રીના મનરંજન અર્થે કે દાક્ષિણ્યતાએ અથવા તો આપણા પણ મિથ્યાત્વના ઉદયે તેને ઉત્તેજન આપી સ્વઆ-ચારથી ભ્રષ્ટ થઈ શીળ સાતમને દિવસે મોટો અનર્થ કે સત્યનો નાશ કરીએ છીએ, ખરેખર આથી વધુ ધિક્કારને પાત્ર અતિ નિંદવા યોગ્ય મિથ્યાત્વ કર્તવ્ય બીજું શું ? બંધુઓ ! પણ તેથી અનંતા સંસારની વૃદ્ધિ થવાથી આપણો મનુષ્ય જન્મ વ્યર્થ ગુમાવી દઇએ છીએ તે વિચારો ! સમજો ! ને શીળ સાતમનો મિથ્યાત્વ આચાર છંડી વાશી ચલિત રસ કદિ ન વપા-

રવું એવી દૃઢ પ્રતિજ્ઞા કરો, જેથી સહેજે સ્વભાવિક સુખ વિલસીએ.

૨૩. ઘોલવડાં (દહીંવડાં)–જો તે ઉકાળેલા ગોરસમાં કર્યા હોય તોજ તેજ દિવસે ભક્ષ્ય છે. કાચા ગોરસનાં સર્વથા અભક્ષ્ય છે.

૨૪ ખાખરા—જે ઉપરજ જણાવ્યું છે કે ગુજરાત તરફ ઘઉંના શેકેલા ખાખરા કરે છે તે પાંચ સાત કે તેથી વધારે દિવસ સુધી રાખી મુકાય છે અને વપરાય છે; પણ જુના ખાખરા ઉપર નવા પડતા જાય અને ઉપર ઉપરથી નવા વપરાય ને જુના પડયા રહે તેમ કરવું યુક્ત નથી; વળી તેની કોઠી કે જે વાસણમાં ભરતા હોય તે સાફ રાખવું નહિતર તેમાં ધનેડાં પ્રમુખ ત્રસ જીવનો પેસારો થાય છે; ચોમાસામાં તો લીલફુગ પણ થઇ જાય, જેથી આ બાબત ખાસ ઉપયોગ રાખવા ધ્યાન દેવું ઉચિત છે.

૨૫. પાપડના લુઆ, વડાં, પોળી—અડદ મગ પ્રમુખના પાપડના લુઆ તથા અડદની વાટી દાળના વડાં અને પોળી એટલે નરમ પુરી કે રોટલી (પુરણપોળી–વેઢમી) સવારે કર્યાં હોય તેનો કાળ ચાર પ્રહરનો કહ્યો છે.

૨૬. જુગલીરાબ—જુવારના લોટને છાશમાં રાંધી ઘેંશ (વિદલ વિનાની) કરે છે તે જુગલી રાબનો કાળ (૧૨) બાર પ્રહર છે, તે ઉપરાંત અભક્ષ્ય છે, ધાન્ય થોડું અને છાશ ઘણી હોય તે જુગલી રાબ; અને જેમાં છાશ થોડી અને ધાન્ય વિશેષ હોય તે ઘેંસ કહેવાય છે તેનો કાળ ૮ પ્રહરનો છે.

૨૭. **રાયતું**—કેળાં, દ્રાક્ષ, ખારેક પ્રમુખનાં રાયતાં *કરે છે તેનો કાળ ૧૬ સોળ પ્રહરનો કહ્યો છે. જો તે રાયતું વિદલ સાથે વાપરવું (જમવું) હોય તો દહિ ખુબ ગરમ કરીને બનાવ્યું હોય તો વપરાય. કળી (સેવ), ગાંઠીયા, બુંદી પ્રમુખ નાંખીને રાયતું કરવુ હોય તો અવશ્ય દહિ પ્રથમ ગરમ કરીને જ વિદલ મેળવવું જોઈએ; અને તે રાયતાં સાંજ સુધીજ ભક્ષ્ય છે.

૨૮. **શેકયું ધાન્ય**—તે દાળીયા (ચણા), ધાણી, મરમરા, પહુવા પ્રમુખ શેકેલાં ધાન્ય છે તેનો કાળ કડાવિગઈ[1]ની પ્રમાણે છે એટલે ચોમાસામાં ઉત્કૃષ્ટ ૧૫ દિવસ, શિયાળામાં એક માસ, તથા ઉન્હાળામાં ૨૦ દિવસ મુજબ ગણવો.

૨૯. **ઢુંઢણીઆ**—કે જે કાઠીયાવાડમાં કરે છે તે જુવાર બાજરીને પાણી નાંખતા જાય અને ખાંડે, પછી સુકવી તેનાં ફોતરાં ઉખેડીને રાખે છે; તેનો કાળ શેકયા ધાન્ય મુજબ એટલે વર્ષાઋતુમાં ૧૫ દિવસ, શિયાળામાં એક માસ તથા ઉન્હાળામાં ૨૦ દિવસનો છે.

૨૨. બત્રીશ અનંતકાય.

સર્વે અનંતકાય અભક્ષ્ય છે કારણ કે એક સોયના અગ્ર ભાગ ઉપર રહે તેટલી કંદમૂળની કળીમાં અનંતા જીવ રહે છે તે માટે સર્વ અનંતકાય અભક્ષ્ય છે તે શ્રાવકે અવશ્ય વર્જવાં જોઇએ. કારણ કે એક જીભ્હા ઇંદ્રિયની લોલુપતા માટે અનંતા

*જેમાં અન્નનું મિશ્રણ ન હોય તેવાં.

[1] તળાઇને ઉપર આવે તેવાં પકવાન-ભજીયાં, પુરી, તળેલ ચુરમાના લાડુ વગેરે.

જીવની હાનિ કરવી તે મહા અનર્થનું કારણ છે તેથી બત્રીશ અનંતકાયનો સર્વથા ત્યાગ કરવોજ જોઇએ કે જેથી અનંતા જીવને અભયદાન મળે. કેટલાક જીવ્હા ઇંદ્રિયને વશ થઇ "સાકે વર્ષમાં પાંચ શેર કે દશ શેર ખપે" એવો નિયમ કરે છે પણ હે સુજ્ઞો ! શું તે અભક્ષ્ય ચીજોવગર આપણો નિર્વાહ થવો અશક્ય છે ? દુનિયામાં ક્યાં બીજી વનસ્પતિનો કાળ પડ્યો છે ? વળી પાંચ શેર કે દશ શેર એવી છુટ આવી આવી અભક્ષ્ય વસ્તુની રાખવી તે આગારમાં કદિ કહેવાય નહિ; પુદ્‌ગલિક સુખ માટે અભક્ષ્ય વસ્તુ ખાવાની છુટ રાખવી તે કયા પ્રકારનો આગાર ? જુઓ કે મરણાંત કષ્ટ પ્રાપ્ત થતાં પણ વંકચૂલ કુમારે અભક્ષ્ય વસ્તુનો મનથી પણ અંગીકાર કર્યો નહિ, તેવા સત્ત્વવંત ઉત્તમ પ્રતિજ્ઞા પાળવાવાળાની ક્રોડોવાર બલિહારી છે. અહોહો ! જેઓ કર્મને વશ થઇ આંખો મીંચી જાણતા છતાં પરભવનો લેશમાત્ર ભય રાખ્યા વગર આદુ, મૂળા, ગાજર આદિ ખાય છે તેવા બિચારા (પામર) પ્રાણિઓની શી ગતિ થશે ? શ્રાવક નામ માત્રથી શ્રાવક કહેવાવું તે અફસોસ જેવું છે. મનુષ્યપણા સાથે જૈનધર્મ પામી આ ભવ સફળ કરો કે જેથી સંસાર ભ્રમણ મટે અને અનુક્રમે શિવ સુખના ભોક્તા થાઓ ! હે ભવ્યો ! આપને નમ્રતા પૂર્વક વિનંતિ કરૂં છું કે બાવીશ અભક્ષ્યનો શ્રી તીર્થંકર મહારાજે નિષેધ કર્યો છે તેનો શીઘ્રતાથી ત્યાગ કરો અને શ્રાવક નામ સાર્થક કરો, જૈન બનો !

"બત્રીશ અનંતકાયનાં નામ."

૧ ભૂમિ મધ્યે કંદ થાય એવી સર્વે કંદજાતિ, ૨ લીલી

હળદર, ૩ શૃંગબેર–લીલું આદુ, ૪ +સુરણકંદ, ૫ વ^૧જ્રકંદ, ૬ લીલોકચુરે:, ૭ સતાવળીવેલી ઔષધિ, ૮ વિરા^૨લીલતાવિશેષ સોફાલી, ૯ કુંઆર (શેલરાં પણ વર્જવાં^૩), ૧૦ થોહરીકંદ (થોર) તે સીજ તથા લંકાસીજની જાતિ હાથીયો, કાંટાળો હાંડલી વગેરે, ૧૧ ગિલો–ગુલવેલ (ગલો), ૧૨ લસણ, ૧૩ વાંસકારેલા એટલે વાંસ સંબંધિની કારેલી, ૧૪ ગાજર, ૧૫ ^૪લુણી એટલે સાજી વૃક્ષ, ૧૬ લોઢીપદ્મની કંદ, ૧૭ ગરમર (ગિરિકર્ણી) કચ્છ દેશમાં પ્રસિદ્ધ છે. કાઠીયાવાડમાં તેનું અથાણું કરે છે.

૧૮. **કિસલય પત્ર**—કોમલ પાંદડાં જે નવા ઉગતાં સર્વ ગુચ્છાનાં પાંદડાં તથા સર્વ વનસ્પતિના જે ઉગતી વખતના અંકૂર હોય તે સઘળા અનંતકાય છે; એટલે સર્વ (પ્રત્યેક તથા સાધારણ) વનસ્પતિના ઉગતાં પાંદડાં અને અંકુર પ્રથમ અનંતકાય હોય પછી પ્રત્યેક વનસ્પતિના થડ પત્ર અંકૂરા અંતર્મુહૂર્ત્ત પછી પ્રત્યેક રૂપે થઇ જાય, બીજા જીવો ચ્યવી જાય અને સાધારણ વનસ્પતિના થડ પત્રાદિ સર્વ કાળ અનંતકાયપણેજ રહે. આ અનંતકાય પાંદડાનો સર્વથા ત્યાગ કરનારે (અથવા કર્યો હોય તેઓએ) ભાજી પાંદડાં વાપરતાં ઉપયોગથી વર્તવું. નહિતર સહસા દોષ લાગી જાય; કારણ મેથી વગેરેની ભાજીના

+ મોરડની ભાજી ૧ લસણ ૨ વિરાલિકંદ–ભોયકોળુ. ૩ શેલરાં જે કુવારપાઠાના મધ્ય ભાગનો જે શટ નીકળે છે તેના થાય છે તે કુવારપાઠું અનતકાય હોવાથી અભક્ષ્ય છે માટે શેલરા પણ અભક્ષ્ય જાણવા કારણ શેલરાં તેની મધ્ય દાડી છે માટે તે સર્વથા વર્જવા યુક્ત છે. કાઠિયાવાડમાં વપરાય છે તો ઉપયોગ રાખવો. ૪. લુણીની ભાજી કહે છે.

મૂલીઆ આગળ બે પાંદડાં જાડાં હોય છે તેને અનંતકાય કહે-વામાં આવે છે; તથા ભાજીના પાંદડાના મુળમાં ઝીણું અંકૂરા ફુટે છે; વળી થેગ પ્રમુખની ભાજીનાં પાંદડા પણ હોય છે જેથી તેનો ઉપયોગ રહે નહિ, તો દોષ લાગે માટે કાં તો પ્રથમથી તેની જયણા રાખવી અને તે કિસલય પત્ર ન ખવાય તેનો ઉપયોગ રાખવો-ખપ કરવો.

૧૯. ખીરસુઆકંદ-કસેરૂ (ખરસઇચો); ૨૦ થેગકંદ.—થેગી તથા થેગ નામની ભાજી થેગીપોંક ૨૧; હરિમોથ (લીલી-મોથ); ૨૨ લુણુ વૃક્ષની છાલ; ૨૩ ખિલોડાકંદ, ૨૪ અમૃતવેલી.

૨૫. મૂળા—દેશી તથા પરદેશી (રાતા ને ધોળા-સફેદ) મૂળાના પાંચે અંગ અભક્ષ્ય છે; (૧) મુળાનાં કંદ (કાંદા), (૨) પાંદડાના મધ્યભાગમાં જે કંદલી થાય છે જેને ડાંડલી કહે છે તે પાંદડા સહિત, (૩) ફુલ, (૪) ફળ જેને મોગરા કહે છે તે, તથા (૫) તેમાંથી નીકળેલાં ઝીણું બીજ, એ પાંચે અભક્ષ્ય છે, વળી ત્રસ જીવોત્પત્તિ પણ તેમને વિષે હોય તેથી સર્વથા મુળાનાં પંચાંગ વર્જવાં.

૨૬. ભુમિફોડા—વર્ષાઋતુમાં છત્રને આકારે ઉગે છે.

૨૭. વથુલાની ભાજી (પ્રથમ ઉગતી);

૨૮. વરૂહાર—એટલે વિદલ ધાન્ય જેને અંકુર આવ્યા હોય તે; રાત્રે જે કઠોળ પાણીમાં પલાળે છે તેમાં અંકુરા ફુટેલા હોય છે તે અનંતકાય હોવાથી અભક્ષ્ય છે, માટે સવારના પાંચ છ વાગે પલાળવા તે પણ થોડો વખત રાખવા (નહિતર બેચાર કલાક લગભગમાં પણ અંકૂરા ફુટી જાય) મતલબ કે અંકુરા ફુટવા ન જોઇએ. ખરી રીતે તો દરેક કઠોળ બાફીને કરાય તો

તેમાં અંકૂરા ફુટવાનો ભય નથી. સ્વજન કુટુંબ કે નાતમાં જમવા જતાં ખાસ ઉપયોગ રાખવો, કદાચ ત્યાં રાત્રેજ કોમળ ફળફળી શાક બનાવ્યાં હોય તેથી દરેક ચીજ ખાતાં પહેલાં પ્રથમથીજ ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કરવો ઉચિત છે.

૨૯. પલ્લંકાની ભાજી.

૩૦. સુઅરવલ્લી જે જંગલમાં મોટી વેલડીના જેવી થાય છે તે.

૩૧. કોમળ આંબલી—જયાં સુધી માંહે બીજ સંકપે નહિ ત્યાં સુધી અનંતકાય છે. કોમળ ફળમાં જયાં સૂધી અંદર બી ન થયાં હોય ત્યાં સુધી અનંતકાય છે, માટે અતિ કોમળ એવાં સઘળાં ફળં ખાવાં વર્જવાં.

૩૧–૩૨. આલુકંદ—તે રતાળુ–બટેટાં અને પિંડાળુ[1] (ડુંગળી) સકરકંદ તથા થોષાતકી અને કરીર–કેરડા એ બે વનસ્પતિના અંકૂરોને અનંતકાય કહે છે. તિંદુક વૃક્ષના અતિ કોમલ ફલ, જેમાં ગોટલી બંધાણી ન હોય એવા આંબા પ્રમુખ તથા વરૂણ જાતનો વૃક્ષ વિશેષ તથા વડનું ઝાડ અને નિંબાદી જાતના વૃક્ષના અંકૂર તે સર્વ અનંતકાય જાણવા.

એ પ્રમાણે અનંતકાય જાતિનાં પ્રખ્યાત નામ બત્રીશ છે અને વિશેષ નામ તો અનેક છે; તે કોઇ વનસ્પતિના પાંચ અંગ, કોઇનાં મૂળ, કોઇનાં પાન, ફુલ, છાલ, કાષ્ટ અનંતકાય છે એમ કોઇનું એક અંગ કોઇનાં બે–ત્રણ–ચાર અને કોઇનાં પાંચ અંગ અનંતકાય હોય છે. જે વનસ્પતિના પત્ર (પાન),

---

૧ કોઇ પણ પશ્ચિમ દેશની ડુંગળી કે મૂળાની જાત સમજવે છે.

ફલ પ્રમુખની નસ તથા સંધિની માલૂમ ન પડે, ગાંઠ ગુપ્ત હોય, જે ભાંગવાથી બરોબર ભાંગે, ભાંગેથી જેનો એકદમ ભુકે થઇ જાય કે ભુરભુર થઇ જાય, છેદ્યા પછી ફરી ઉગે, પત્ર મોટાં દલદાર ચીકણાં હોય, જેમાં ઘણાં ફલ પાંદડાં બહુ કોમલ હોય તે સર્વે લક્ષણ અનંતકાયનાં છે. ઉપર કહેલાં જેટલાં સાધારણના લક્ષણ છે તે બધાંજ એકમાં હોય એમ સંભવ નથી, કોઇકમાં કેટલાંક હોય અગર ન પણ હોય. પોઇની ભાજીનાં પાન તથા પિંડ (એન્ડીપેન્ડી) અનંતકાય સાંભળ્યાં છે.

અનંતકાય આશ્રયી સૂચનાઓ.

૧. દૂધના માવામાં તથા ઘામાં બટેટાં, રતાળુ કે સકરકંદનો કેટલાક દગાખોર ભેગ કરે છે તેનો ઉપયોગ રાખવો.

૨. લીલું આદુ તથા લીલી હલદરની વેચાતી મળે તે સુકવણી (સુંઠ તથા હળદર) જે ખાવાના ઉપયોગમાં આવે છે તે ભક્ષ્ય છે તે શિવાય કોઇ પણ અનંતકાયની સુકવણીનું શાક અથાણું પ્રમુખ વર્જવું. ગાજરની સુકવણી અથાણાં કે કુંઆર, લીલી હળદર—આદુ ગરમર પ્રમુખ અનંતકાયનાં અથાણાં સર્વદા અભક્ષ્ય છે, નિર્ધ્વંસ (નિર્દય એવું મન) પરિણામ તથા નિઃશુક વૃત્તિનો ચડસ, લોલુપતાથી પરંપરા વધે અને જોનારા અધર્મ પામે વગેરે હેતુ હોવાથી કંદ એવી કોઇ પણ ચીજના ભજીયાં પણ પ્રાસુક છતાં શાસ્ત્રમાં વર્જવાનું સ્પષ્ટ ફરમાવ્યું છે. શ્રાવકે લીલી હળદર—આદુ ઘેર સુકવવું પણ યુક્ત નથી.

૩. બટેટાં, ડુંગળી પ્રમુખનાં ભજીયાં કરે છે તથા દુકાનદારો ઢોકળામાં અભક્ષ્ય ચીજો નાખે છે, વાશી રાખી વેચવા સારૂ

ફરી ઉના કરી દે છે અને બજારૂ ચટણીમાં પણ લસણનો સ્પર્શ કે આદુ વગેરે સોંધી અને અભક્ષ્ય ચીજો નાખેલી વળી વાશી રહેલી તે બેવડા દોષવાળી હોય, ત્રસ સંસક્ત થાય વગેરે કારણોથી પાપભીરૂએ તેવી ચીજો ખાતાં પહેલાં ઉપયોગ કરવો. બટેટાં વિગેરેના ભજીયાં જે તાવડામાં તળ્યાં હોય તેજ તેલમાં પછી બીજી ભક્ષ્ય જાતિનાં ભજીયાં તળે તો તે પણ વાપરવા નહિ. દાળમાં કેટલાક સૂરણ આદુ નાંખે છે; ઉંધીયું બનાવે છે તેમાં પણ ડુંગળી બટેટાં પ્રમુખ અભક્ષ્ય વસ્તુઓ વાપરે છે તેનો અને ચટણી, દાળ, કઢી વિગેરેમાં કોઈ જગ્યાએ કોમળ આંબલી નાંખવામાં આવે છે તેનો તથા ભેળસંભેળ સ્પર્શાસ્પર્શનો અવશ્ય ઉપયોગ રાખવો, અથવા તો ભેળસંભેળનો અજાણતાં, દાક્ષિણ્યતાએ આગાર રાખવો. આગારનો અર્થ એવો નહિ કે જાણતા અમુક દોષ સેવવો.

૪. મેથી, તાંજળીયા પ્રમુખની ભાજીમાં થેગ તથા લુણીની ભાજી (અનંતકાય છે) ના ડાંખળાઓ આવેલ હોય તે કાઢી નાંખવા, છતા અજાણતાં આવી જાય તેની જયણા રાખવી; વળી મેથી પ્રમુખની ભાજીનાં હેઠલા બે પાનને અનતકાય કહે છે તે પ્રથમથીજ કાઢી નાખવા.

પુસ્તકાંતરમાં બાવીસ અભક્ષ્ય નીચે મુજબ પણ છે.—

पंचुंबरि चउ विगई अणायफल—कुसुम हिम विस करे अ।
मट्टि अ राईभोयण, घोलवडा रिंगणा चेव ॥ १ ॥
पंपुट्टय सिंघाडय, वायंगण कायंत्राणिय तहेव।
बात्रीस दव्वाइं अभरकखणीआइं सद्दाणं ॥ २ ॥

અર્થઃ—૧ ગુલર, ૨ પ્લક્ષ, ૩ કાકોદુંબરી, ૪ વડ, અને ૫ પીપલ, એ પાંચ જાતિના ફળ; ૬ માંસ, ૭ મદિરા, ૮ માખણ અને ૯ મધુ એ ચાર વિકૃતિ (મહાવિગઈ)-વિકાર કરનારી વિગઇ; ૧૦ અજાણ્યું ફળ; ૧૧ અજાણ્યાં ફુલ; ૧૨ હિમ (બરફ); ૧૩ વિષ; ૧૪ કરા; ૧૫ સચિત્ત માટી; ૧૬ રાત્રિ ભોજન; ૧૭ ઘોલવડાં-કાચા દૂધ દહિં છાશ સાથે મિશ્ર કરેલ વિદલ (કઠોળ); ૧૮ રીંગણા; ૧૯ પંપોટા-ખસખસના દોડા (ખસખસનો સર્વથા ત્યાગ કરવો); ૨૦ સિંગોડા (જો કે તે અનંતકાય નથી તથાપિ કામ વૃદ્ધિજનક હોવાથી વર્જ-નીય છે); ૨૧ વાયંગણ; અને ૨૨ કાયંબાણિ.

એટલે પ્રથમ કહેલ બાવીસ અભક્ષ્ય સિવાય આ ગાથામાંનાં ૧૧, ૧૯, ૨૦, ૨૧, ૨૨ નામવાળાં અભક્ષ્ય વિશેષ છે તે પણ વર્જવાં.

અભક્ષ્ય અનંતકાય પરઘેર અચિત્ત કરેલું હોય તોપણ નજ ખાવું કારણ એક તો નિઃશૂકતા તથા બીજું રસ લંપટતા તથા પ્રસંગ દૂષણ થાય તે માટે વર્જવું. સુંઠ તથા હુલદર નામ તથા સ્વાદ ફેર હોવાથી અભક્ષ્ય નથી. આ અભક્ષ્યોમાં અફીણ ભાંગ પ્રમુખ જેનું પ્રથમથીજ વ્યસન લાગેલું હોય તેની તોલ માપથી જયણા કરે, તથા રાત્રિ ભોજનમા ચઉવિહાર, તિવિહાર, દુવિહાર એક માસમાં આટલાં કરૂં એવો નિયમ કરે તથા રો-ગાદિક કારણે કોઇ ઔષધિમાં કોઈ અભક્ષ્ય ખાવું પડે તેની નામ તથા વખત અને વજનની જયણા રાખવી પડે, જૂઓ બત્રીશ અનંતકાયનો સર્વથા નિષેધ છે તોપણ રોગાદિક કારણે ઔષધમાં લેવું પડે તેની જયણા રાખે તેથી અજાણપણે

કોઈ વસ્તુ મિશ્ર થઇ ખાવામાં આવે તો વ્રત ભંગ થાય નહિ આગળ સર્વથા એટલે રોગાદિક કારણે પણ ન લેવું તેમ લખ્યું છે તે ઉત્કૃષ્ટી હદવાળા માટે છે માટે જેનાથી જેમ પળાય તેમ યથાશક્તિ કરવું ઉચિત છે.

" શ્રાવકે અન્ય દર્શનીને ઘેર કે નાતમાં જમવા જતાં ઘણો ઉપયોગ રાખવો જોઈએ કારણ કે ત્યાં બાવીસ અભક્ષ્ય અને બત્રીશ અનંતકાયોમાં કેટલાકનો દોષ અવશ્ય લાગવા સંભવ છે તેથી બને ત્યાં સુધી થોડોજ પરિચય રાખવો, તેમાં પણ દ્વાદશ વ્રતધારી તથા વિરતિવાળાએ તો તેવે સ્થળે જમવા જવુંજ નહિ. "

બાવીશ અભક્ષ્યનું જે વર્ણન કર્યું તે બરોબર સમજી મનન કરવું તથા તે ભગવતે નિષેધેલ છે તેથી પ્રભુની અખંડ આણા પાળવી. બંધુઓ ! આપણે નિત્ય પૂજા કરીએ છીએ તે પેહેલાં મસ્તકે આપણે પોતે જે તિલક કરીએ છીએ તે એમજ ચિંતવવારૂપ છે જે હે ભગવત ! આપની આજ્ઞા હું શિરે ચડાવું છું, તેવી રીતે નિત્ય ભગવંતની આણારૂપીજ તિલક કરીએ છીએ. જેથી ભગવંતની આણા કદિ લોપવી નહિ અને સાદરપણે પાળવી તેજ ધર્મ છે. આ અભક્ષ્યો સર્વથા પ્રકારે વર્જવાથી અસંખ્ય અને અનત જીવોને અભયદાન આપ્યાનું ફળ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે એક જીવને અભયદાન આપો કે સુવર્ણના મેરુના જેટલું દાન આપો તો તેમાં એક જીવને અભયદાન આપ્યાનું ફલ વધશે, ત્યારે અનંત જીવોને જે પુણ્યાત્મા અભયદાન આપે તે શું ફલ ન પામે ! અર્થાત્ સર્વસ્વ તે પામે. પણ સુજ્ઞ શાણા બંધુઓ ! તે અજરામર સુખ પામવાનો શીઘ્ર ઉપાય ભગવંતના વચનનો આદર કરવો તેજ છે. તે વિષે અજિતશાંતિની છેલ્લી ગાથામાં કહ્યું છે કે " જઇ ઇચ્છહ પરમપય.—જો

તમે ઉત્કૃષ્ટપદ-મોક્ષની ઇચ્છા કરો છો અથવા ત્રણુ ભુવનને વિષે વિસ્તાર પામેલી એવી કીર્ત્તિની ઇચ્છા કરોછો તો ત્રણુ લોકના ઉદ્ધાર કરનારાં એવાં જિન વચનોને વિષે આદર સત્કાર કરો!" હવે જે મુઢ અજ્ઞાની પુરૂષો કહે છે જે ખાવું પીવું અને મોજ માણવી તે ખરૂં સુખ છે તો તે ભોગવી લીયો! વળી મોક્ષ મળવાનું હશે તો મળશે. તો તેવા જડ પ્રાણીના હિત અર્થે પદ્મવિજયજી મહારાજે તપપદની પૂજામા કહ્યું છે--

तप करीए समता राखी घटमां ॥ तप ॥
खावत पीवत मोक्ष जे माने,
ए सिरदार छे बहु जटमां ॥ तप ॥

એટલે ખાવું પીવું તેજ મોક્ષ છે એમ માનનાર પુરૂષ ઘણા મુર્ખમાં સરદાર છે તેથી હે ભવ્યો જિનશાસનનું રહસ્ય સમજી "દેહે દુખં મહા ફલં" એ અનુસાર વર્તવાથી ક્ષેમ-કુશલ મોક્ષનગરે સત્વર પહોંચી જઇશુ.

"અભક્ષ્ય બાવીશ ઉપરાંત બીજી કેટલીક ચીજો અભક્ષ્ય છે, તે તથા કેટલીક અમુક કાળ ભક્ષ્ય બાકીના કાળમાં અભક્ષ્ય છે તેની વિગત.

૧. ફાગણુ ચોમાસા (ફાગણુ શુદ ૧૫) થી કાર્તિક ચોમાસા (કાર્તિક શુદ ૧૫) સુધી બન્ને જાતનો ખજુર, બન્ને જાતના તેલ, ખસખસ[1], ખારેક, કાજુ વગેરે મેવો, તથા ભાજી

---

૧ ખસખસ તે બહુબીજમા તથા પપુટય એ અભક્ષ્યમા કહેલ છે તે અપેક્ષાએ તો સર્વથા વર્જનીય છે, કોઇ ફાગણથી કાર્તિક ચોમાસા સુધી આઠ માસ અભક્ષ્ય કહે છે. મુનિ મહારાજ જે વસ્તુમાં ખસખસ નાખે-

(પાંદડા માત્ર) અભક્ષ્ય છે. ફાગણુ ચોમાસુ બેઠાં પહેલાં તલનું તેલ આઠ માસ માટે આગળથી ભરી રાખવું, કારણુ કે ત્યારથી ઘાણીની આસપાસ ઘણા જીવની હાનિ થાય, વળી તલમાં ત્રસ જીવની ઉત્પત્તિ થાય, તેથી આઠ માસનું તેલ ભરી રાખવું જોઇએ તલસાકળી, તલનો લાડવો, રેવડી પ્રમુખનો ત્યાગ કરવો. ફાગણુ પછી ખપ હોય તો તલને અગાઉથી ઓસાવી રાખે છે.

હોળીના રોજથી કાળ (ઋતુ) બદલાતાં અનેક ચીજોમાં ત્રસજીવ ઉપજે છે

ખજુર સાથે હારડો આપવાનો જે અન્ય જ્ઞાતિનો રીવાજ શ્રાવકોમા પણ પેસી ગયો છે તેથી એક તો ખજુર અભક્ષ્ય (હુતાશણીના દીવસેજ આપે માટે) તે ખાવો પડે અને બીજું હોળીનું પર્વ કરવું તે મિથ્યાત્વ છતા આદરવું, એમ બેવડા દોષથી છુટવાનો રીવાજ બધ કરવો જોઇએ પણ અણછુટકે વર કન્યાને દેવું પડે તો ફક્ત સાકરજ આપવાનું જ્ઞાતિ બંધારણુ દરેક ગામના આગેવાનોએ કરવું યોગ્ય છે.

ખારેક પણ ખજુર જેવી હુતાશણીથી અભક્ષ્ય છે છતાં લગ્ન પ્રસંગે વહેંચાય છે માટે તેના બદલે પતાસા કે સાકર વહેંચવાનો રીવાજ કરવો ઠીક છે.

કાજુના મીંજ, અંગુર, સુકાં અ જીર અને ચારોળીના મીંજ વગેરેમા જીવો પડેલા પ્રત્યક્ષ જોવાય છે. એવી ચીજો ફક્ત શીલ હોય તે વહારતા નથી, જેથી શ્રાવકે તે વાપરવી યુક્ત નથી. ચુરમાના લાડુ, ઘુઘરા પ્રમુખ મિઠાઇમા ખસખસ છાટે છે તો તેનો ઉપયોગ રાખવો.

ચાળા લાયક હોઇને આઠ મહિના (કાર્તકી ૧૫) સુધી મેવો અભક્ષ્ય કહેલ છે.

ભાજી કે પાન જે શાક તથા ભજીયાં કે ઢાકળાં માટે છતાં આઠ મહિના કે અધિક માસ હોય તો નવ મહીના તેમાં ત્રસજીવ ઉપજેલાં હોય છે તેથી અભક્ષ્ય છે.

ભાજી અને પાન સર્વે આઠ મહીના ત્યાગ કરનારાઓએ નાગરવેલીના પાન પણ વાપરી શકાશે નહીં તથા કઢીમાં મીઠો લીંબડો નંખાય છે તે પણ નહીં ખવાય એમ ધ્યાનમાં રાખવું.

૨. અશાડ ચોમાસા (અશાડ શુદ ૧૫)થી કાર્તિક ચો-માસા સૂધી સૂકો મેવો-બદામ, પીસ્તાં, ચારોળી, કાળી રાતી ધોળી ખીસમીસ-દ્રાક્ષની જાત, અખરોટ, કુંકણી કેળાં, જર-દાળું, અંજીર, મગફળી, સૂકું ટોપરૂં, સૂકી રાયણ, કાચી ખાંડ, સૂકાં બખાઇ બોર વિગેરે અભક્ષ્ય છે કારણ કે તેમાં તદ્વર્ણી-જીવ[1], કુંથુઆદિક ત્રસ જીવ, લીલફુગ તથા ઇયલોની ઉત્પત્તિ થાય છે તેજ દિવસની તાજી ફોલેલી બદામ, પીસ્તા તથા પાણીચા નાળીયેરનું ટોપરૂં તેજ દિવસે વાપરી શકાય. બદા-મના મીંજ તથા પીસ્તાના મીંજ તૈયાર આવે છે તે ન વપ-રાય નાળીયેરમાંથી ભાંગીને સૂકું ટોપરૂં કાઢયું હોય તો તે પણ તેજ દિવસે ખાઇ શકાય પણ જો લીલું કે સૂકું ટોપરૂં ખમણીને ઘીમાં તળી નાંખ્યું હોય તો વાપરવામાં બાધક જ-ણાતો નથી; કારણ કે પ્રાયઃ આપણે વધ્યું હોય તે નાંખી તો

---

૧ તદ્વર્ણી જીવ થાય છે એમ સાભળ્યુ છે, ત વ જાની જાણે

હેતા નથી તેથી રૂપાંતર ફેરવવાથી દોષ લાગવા સંભવ જણા-
તો નથી. કેટલાક સૂકો મેવો ફાગણ ચોમાસાથી અભક્ષ્ય ગણે
છે. અપેક્ષાએ તે પણ સત્ય જણાય છે કારણ કે ચૈત્ર વૈશા-
ખમા કાળી દ્રાક્ષમાં પ્રત્યક્ષ તપાસતાં ઇયળો જોઇ છે તો દ્રાક્ષ
જરદાળુ, અંજીર જેવા ગળ્યા સ્વાદિષ્ટ પદાર્થમાં જીવોત્પત્તિ
વહેલી પણ થવાથી તે ત્યારથીજ અભક્ષ્ય ગણી વર્જવું શ્રેષ્ઠ
છે. રસસ્વાદનો જય તથા મૂર્છાત્યાગ જેમ બને તેમ કરવાથી
લાભજ છે. દ્રાક્ષ, અંજીર, બદામ, પીસ્તાં, ચારોલી પ્રમુખ કેટ-
લાક વેપારી ગયા વર્ષનો માલ વધી પડવાથી વેચે છે તો તે
ચીજો ખરીદતાં પરીક્ષા કરીને લેવી, બને ત્યાં સૂધી જાતેજ
માલ લેવો નહિતર જાણીતા હુશિયાર માણસ પાસેજ મંગા
વવો, નહિંતર નોકર ચાકરના હાથે તો પ્રાયઃ વેઠજ થાય; માટે
તેનો ઉપયોગ રાખવો જોઇએ.

૩. ચોમાસામાં (અશાડ શુદ ૧૫ થી કાર્તિક શુદ ૧૫)
સૂકવણીનો સર્વથા ત્યાગ કરવો કેમકે તે (સૂકવણી શાક)માં
ત્રસ જીવની ઉત્પત્તિ તથા તથા લીલફુગ થાય છે ઉન્હાળામાં
પણ સૂકવણી સંભાળપૂર્વક ન રાખવાથી જીવોત્પત્તિ થાય છે;
વળી જેઓ સૂકવણી તૈયાર વેચે છે તેઓને તો વેપાર કરવો
એટલે હલકી સડેલી લીલોતેરી પણ ખરીદીને જોયા તપાસ્યા
વગર છેદન ભેદન (સમારવું) કરે તેથી જીવહિંસા વધારે થાય.
ચોમાસામાં તો સૂકવણી[1] તદ્દન વર્જવી. પાંચ પરબી કે દશ
પરબી (પર્વ)–તીથી લીલોતરીનો ત્યાગ કર્યો હોય તો જે દિવસે

---

૧ બનતા સૂધી તો સુકવણી સર્વથા વર્જવી એજ શ્રેષ્ઠ વાત છે.

તિથી હોય તેના આગલે દિવસે ભીંડા, ચીભડાં પ્રમુખ લાવી, (કે હોય) તેનો સંભારો, અથાણું કે ચટણી પ્રમુખ કરેલ તિથીના દિવસે વપરાયજ નહિ; આમ જો થાય અને થતું હોય તો તે ખરેખર હાસ્યજનક છે. તૃષ્ણારૂપી વેલડી તો વીંટાણી છે ત્યારે આવી કુયુક્તિઓ યોજી પોતાનો મિથ્યા પ્રયાસ સફળ માની સ્વપરનું હિત કરવાને બદલે અહિતજ કરે છે અને તેથી ધર્મની હાંસી કે હિલના સિવાય બીજુ કાંઇ થતું નથી, હે સુજ્ઞો ! એવી આપણી કુયુક્તિ હોય તેને દેશવટો દેવો, જેથી સ્વપરનું હિત થાય.

૪. પોંક–પાપડી, ઘઉં તથા બાજરાની ઉંબી, જુવારનો પોંક, ચણાના ઓળા, મકાઈ (આખા શેકેલા) તથા પાપડી તથા ચોળાનું સુડીયું (માટલામાં આખી ને આખી બાફેલી) નો અવશ્ય ત્યાગ કરવોજ જોઇએ, કેમકે આ પદાર્થો ઘણા ત્રસ જીવોના વિનાશથી બને છે.

૫. કોઇ પણ વનસ્પતિનો ભડથો કરવો નહિ તેમ કરેલ ખાવું નહિ.

૬, નાગરવેલનાં પાન–કુંથુઆદિક ત્રસ જીવે કરી સહિત એવાં નાગરવેલીનાં પાનનો ત્યાગ કરવો; કારણ કે તે પાણીમાં બહુ વખત રહેવાથી અપ્કાય (પાણી) ના જીવની બહુ વિરાધના થાય અને જેમ પાણીમાં સેવાળ થઇ જાય છે તેમ પાન ઉપર પણ થતી સંભવે છે તે અનંતકાય છે તેથી અનંત જીવની હાનિ થાય છે; બીજા મુખવાસ અનેક પ્રકારના છે તેથી આ ચીજનો ત્યાગ કરવો યુક્ત છે, વળી તે ગુણકારી પણ સંભવતા નથી કેમકે કામવિકારની વૃદ્ધિ કરનાર છે, બ્રહ્મચારી પુ-

રૂપને તો સર્વથા વર્જનીય છે. જેઓ પાનનાં નિરંતર ખાવાવાળાજ છે અને વર્જી ન શકે તોપણ તેઓએ ઉપયોગ પૂર્વક શોધીને વાપરવાં યુક્ત છે.[1]

૭. પરદેશી મેંદો—જે કલકત્તા, અમદાવાદ, મુંબઇ વગેરે ઠેકાણે આટાની મીલો—સંચામાં બનાવે છે અને પછી આપણા માટે જથાબંધ માલ પૂરો પાડે છે. તે આવતાં પણ લાંબી મુદત થાય, તેમ આપણા વેપારીને ત્યાં પણ કેટલાક દિવસ કે અઠવાડીયાં તે માલ અકબંધ રહે, જ્યારે તે લોટમાં એકલી જીવાત ઇંડાળ તથા ઇયળો હોય અને કેટલાક તો તે જીવોનાં પુદ્ગલ રહ્યાં હોય, તેવા પરદેશી મેંદાનું આપણે ભક્ષણ કરીએ ! અફસોસ ! આ વાત માંસાહારિઓ જાણે તો તેઓ પણ આપણી હાંસી કરે કે " ધન્ય છે શ્રાવક ભાઇઓ ! હિંદુઓ ! તમારી અહિંસા તે કેવી. " અરે ભવ્યો ! આ આપણે શેનું ભક્ષણ કરીએ છીએ ? બાવીશ અભક્ષ્યના ત્યાગ કરવા સાથે ઉભય લોકની બીક રાખી પરદેશી મેંદાનો સર્વથા ત્યાગ કરવો યુક્ત છે. કંદોઇની દુકાનની તેવી મીઠાઇ લેવી નહિ કે કરાવવી નહિ તથા તેનો વ્યાપાર પણ કરવો નહિ. આવી અભક્ષ્ય ચીજો નાતમાં, કે કોઇને ત્યાં જયાં વાપરી હોય તેવે ઠેકાણે જમવા પણ જવું નહિ. જેમ પરદેશી મેંદો અભક્ષ્ય છે તેમજ પરસુદીનો લોટ

---

૧. પાન ખાનારા તેની નસો કાઢે છે મૂખ્ય કારણ તીહા તબોળીયા નાગ પણ કદાચિત હોય છે એમ કહે છે. નાગરવલ્લીના પાનને વેલડી ઉપર તોડવાને ગમે તેટલા દિવસ થયા હોય છતા સાચત્ત છે કેમકે મૂળવેલ સુધી દરેક પાનનો જીવસબધ કાયમ રહે છે તેથીજ તે લાબો વખત લીલાં રહી શકે છે.

તથા રવો પણ ખાવો યુક્ત નથી. ચલિત રસની આપેલી સૂચના મનન પૂર્વક વાંચવી કે કેટલા દિવસનો તથા કેવો લોટ ભક્ષ્ય છે. જ્યારે આપણે પ્રમાદી થઇ આવી વસ્તુને ઉત્તેજન આપવા મંડયા ત્યારેજ તેને માટે મોટી મોટી મીલો-ફેક્ટરીઓ ઉઘડી છે; કે જેથી અનેક જીવોની હાનિ થાય છે. પરદેશી મેંદાની મિઠાઇ જેમકે પરસુદીની પુરી, ઘારી, ગળ્યાં મોળાં સાટાં સુતરફેણી, ગણુગણુગાંઠીઆં, નાનખટાઇ, હીટ્ટુ બીસ્કુટ, શેવ પ્રમુખ અનેક મિઠાઇ, મેંદાની બનાવે છે તેનો અવશ્ય ત્યાગ કરવો.

૮ ગળ્યા કાજુ-ગળ્યા કાજુ જે કંદોઈ બનાવે છે તે પ્રાયઃ તપાસ્યા વગર એમને એમ આખા બનાવે છે, જેમાં ત્રસ જીવ હોવા સંભવ છે તેથી તે ન વાપરવા. કદાચ ખાવાની ઇચ્છા થઇ હોય તો કાજુના બે પડ જુદાં કરી સાફકરી જીવની યત્ના કર્યા પછી ઘેર બનાવી ઉપયોગમાં લેવા. વળી સાદા ખાવા તે પણ બે પડ જુદા કરી જોઇ તપાસીનેજ વાપરવા, તે પણ જે ઋતુ-માં અભક્ષ્ય હોય ત્યારે તો કાજુ નજ વપરાય તે ઉપયોગ રાખવો.

૯. વિલાયતી ડબામા પેક કરેલ દૂધ (નેસલ્સ મીલ્ક, મીલ્કમેઇડ મીલ્ક વગેરે દશ બાર જાતના નામોથી વેચાતાં, તે મુસાફરીમાં ચા બનાવવો હોય તો દૂધને બદલે તે ડબામાંથી દૂધ વાપરે છે), સીસામાં પેક કરેલ કેરી, મુરબ્બા, ગુલકંદ પ્રમુખ તથા વિલાયતી બિસ્કુટ વિગેરે અભક્ષ્ય છે તેથી અવશ્ય ત્યાગ કરવો ઉપયોગ ન કરતાં હોઈએ તોપણ આવી પરદેશી કે દેશી અભક્ષ્ય ચીજોનો નિયમ કરવો કે જેથી આશ્રવ ન આવે. કારણ કે જ્યાં સુધી કોઇપણ વસ્તુ ઉપરથી મૂર્છા ઉતરી ન હોય ત્યાં સુધી યથાર્થ ફળ ન મળે, તેથીજ શાસ્ત્રકારે કહ્યું છે કે મરૂદેશમાં

જેમ પાન ન મળે છતાં પણ નિયમ ન કરવાથી તેનું ત્યાગ-ફળ ન પામે તેથી ખાસ નિયમ કરવો. નેસલ્સમીલ્ક વગેરે જે વિલાયતથી આવે છે તે પ્રત્યક્ષ અભક્ષ્ય છે તેથી તેનું વિશેષ વિવેચન કરવા જરૂર નથી. બંધુઓ ! આપણા શરીરમાં રોગ, સોગ, દારિદ્ર વગેરેનો જે ઘણોજ વાસ થઇ ગયો છે તેનાં કારણ આવી તુચ્છ ભ્રષ્ટ વસ્તુઓ વાપરવાનુંજ ફળ છે કેમકે આહાર તેવો ઓડકાર એ દ્રષ્ટાંતથીજ સમજી લેવું. અહો ! આપણા "ઊંટના અઢારે વાંકા" જેવાની શી ગતિ થશે ? હવે આ અભક્ષ્ય વસ્તુઓથી વિરમવું યોગ્યછે.

૧૦. સોડા, લેમોનેટ, જીન્જર રોઝબરી, પીકમીઅપ, ખીલ્કાસ, એલટોનીક, કોલ્ડડ્રીન્ક, કોલ્ડક્રીમ, જીન્જરએલ લાઇમ, લીથીઓ, અમરીક, ચેરીસીડર, ચેમ્પેઇનસીડર, કવીનાઇન ટૉનીક, ક્રીમસોડા પ્રમુખ કેટલીક જાતો શીશામાં પૅક કરેલ હોય છે તે અનાચરણીય છે કારણ તે શીશાઓ મુસલમાન, પારસી પ્રમુખ લોકોએ મુખે માંડયા હોય તે શીશાઓ આપણે મુખે માંડવા તેથી સાફ ધર્મભ્રષ્ટતા દેખાય છે. વળી તે જીવાકુલ હોય, અણગળ પાણી વાપરેલ હોય તથા ઘણા દિવસના વાશી હોય, હલકી વર્ણવાળાએ બનાવેલ હોય વિગેરે અનેક દોષોથી આવી ચીજો અભક્ષ્ય છે તેથી અવશ્ય ત્યાગ કરવો. તેમાં પણ "Higher education" ઉંચી કેળવણી મેળવી જે સુધરેલા જૈન યુવકો છે તેઓએ તો હવે હેડે કાંઇ સાન રાખી હદમાં રહેવાય તો સારૂં નહિતર તેના કડવાં ફલ ચાખવા પડશે ત્યારે જાગૃતિ આવશે.

૧૧. બીડી, હોકો, ચલમ, ચુંગી, સીગારેટ, ચીરૂટ, તમાકુ અને ગાંજા, ચડસ, માજમ અફીણ, કસુંબો, ભાંગ, પ્રમુખ વ્યસનો અનાચરણીય છે. જીવહિંસા, અનર્થનું કારણ તથા પસાનો ગેરઉપયોગ શિવાય તેમાં કાંઇ લાભ છેજ નહિ. કદાચ તે ચીજ ન મલે. તો ચેતના મુંઝાય તથા ક્ષયાદિક મહારોગ થાય અને કોઇ વખત પ્રાણમુક્ત થવાનો સંભવ છે. વળી તેમાં અગ્નિ વાયુ તથા બીજા ત્રસ–સ્થાવર જીવોની હિંસા થાય છે તેથી આવી વ્યસનવાળી ચીજો સર્વથા વર્જવી.

૬૨. વિલાયતી દવાઓ અભક્ષ્ય છે. ઉત્કૃષ્ટ તો એજ છે કે રોગાદિક કારણે પણ અંગીકાર કરવી નહિ; અને આ આત્મા બળીયો થાય તો શુ ન કરી શકે ! અર્થાત્ આજ આત્મા વૈતરણી નદી (નારકી) નો પમાડનાર છે, આજ આત્મા સ્વર્ગાદિક સુખનો પમાડનારો છે અને છેવટે આજ આત્મા સિદ્ધિ–સૌધ (મોક્ષ મહેલ) પ્રત્યે લઇ જનારો છે. કેટલાક ઉછાંછળા સ્વચ્છંદી શોખીનો વિલાયતી દવાના ડોઝો ખુશીથી પીયે છે તે પ્રત્યક્ષ અનાચરણીય તથા દુર્ગતિનું સબળ કારણ છે. તેવા પુરૂષોને કોઇ હિતચિંતક ઉપદેશ કરવા જાય છે તો તેનું પરિણામ કેટલીક વખત ઉલટું ખેદજનક આવે છે. કેની માફક ? જે શાસ્ત્રકારે કહ્યું છે કે—

उपदेशो हि मुर्खाणां प्रकोपाय न शान्तये ।
पयःपानं भुजंगानां केवलं विषवर्द्धनम् ॥

એટલે " મૂર્ખને ઉપદેશ કરવા જતાં શાન્ત થવાને બદલે ક્રોધાયમાન થાય છે, જેમ સર્પને દૂધનું પાન કરાવવાથી

ફક્ત વિઘ્નની વૃદ્ધિ કરનારૂં થાય છે” જેથી તેવા મૂર્ખોને પ્રતિબોધ કરવાથી પણ શું ?

૧૩. ગોળ—ગોળ (ગુડ) માં જીવની ઉત્પત્તિ થાય છે કારણ કેટલાક લાભ મેળવવા ખાતર ગોળમાં ચણાનો લોટ, ખારો તથા માટી એમ ત્રણ પ્રકારે અથવા બીજી વસ્તુઓનું મિશ્રણ કરી વેચે છે. ગોળમાં તદ્વર્ણ (લાલ રંગની) ઈયળો થાય છે તેથી તેવો ગોળ અભક્ષ્ય, તો તેનો ઉપયોગ રાખવો. પરદેશી ગોળમાં પ્રાયઃ ભેગ કરતા હશે એમ અનુમાન થાય છે. ચણાનો લોટ તથા ખારો મેળવવાનું કારણ દેખાવમાં સરસ લાગે અને માટીનો ભેગ કરવાથી સો મણ ગોળમાં ચારેક મણ માટી મેળવી તોલમાં લાભ થાય એમ દગો કરે છે તેમ સાંભળ્યું છે તેથી તેવો હલકો માલ મુદ્દલ લેવો નહિ પણ દેશી શ્રીકાર માલ પરીક્ષા કરી લેવો. સોંઘું તે મોઘા માટે અને બાહ્યથી સુશોભિત તે અંતરથી દોષિત, આ શીખામણ ખાસ ઉપયોગી છે માટે જે માલ ખરીદવો તે સસ્તું જોઈ કે તેની શોભામા અંજાઇ જઇ ખરીદવું તે કરતાં તે વસ્તુના ગુણ દોષની પરીક્ષા કરી સારૂં હોય તે લેવું.

૧૪. પરદેશી ખાંડ—તે શુદ્ધ કરવામાં જે અશુદ્ધ પદાર્થો પ્રમુખ વપરાય છે જેનું સ્પષ્ટીકરણ અનેક જગ્યાએ છપાએલું છે જેથી વિશેષ ન લખતાં માત્ર એટલુંજ કહેવુ બસ છે કે તેવી ખાંડ કે સાકર વાપરવાથી શારીરિક તન્દુરસ્તીનું બગડવું તથા ધર્મભ્રષ્ઠતા એ બે મોટા દુર્ગુણ થાય છે, તેથી ત્યાગ કરવો. હવે કેટલાક તેનો ત્યાગ કરીને કાશી પ્રમુખની દેશી ચીની વાપરે છે પણ આ કળિયુગમાં દગલબાજી બહુ થઇ છે તેથી

કેટલીક વખત દેશીને નામે પરદેશી માલ રકમબંધ આકરા ભાવથી ખપે છે અને જ્યાં દેશી બનાવે છે ત્યાં પણ પરદેશી ચીનીનું મિશ્રણ થાય છે માટે તેનો ઉપયોગ કરવો. અથવા તો તેવી રીતે અજાણમાં જે દગો પ્રમુખ થાય તેની પ્રથમથી જયણા રાખવી અને જ્યારથી ચોકસ કે શંકાપૂર્વક જાણવામાં આવે ત્યારથી તે ચીજ વાપરવીજ નહિ; નહિતર નિયમ લઇને તેમાં દોષિત થવાય નહિ તે માટે ખાસ ઉપયોગ રાખવો. તે મુજબ વિદેશી નિમક, વિદેશી કેશર, વર્જવું; જ્યાં સુધી બને ત્યાં સુધી દેશની ચીજ શા માટે ન વાપરવી ?

૧૫. આખું કઠોળ—કોઇ પણ જાતનું આખું કઠોળ ન ખાવું જોઇએ. દરેક કઠોળની દાળ કરીને ખાવી શ્રેષ્ટ છે, કારણ કે આખા કઠોળમાં ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે તે સાફ કરવા છતાં તે જીવો નીકળે નહિ અને આપણી દૃષ્ટિ પણ પડે નહિ તેથી જીવ હિંસા થાય માટે કઠોળની તુરત દાળ કરી નાંખવી, ને ખાવી. કઠોળ ઝાઝો વખત રહેવાથી તેમાં જીવ ઉત્પત્તિ થાય. છેવટ આખું કઠોળ સર્વથા ત્યાગ ન થઇ શકે તો ચોમાસામાં આખું કઠોળ અવશ્ય વર્જવું. વટાણામાં મિઠાશને લીધે વિશેષ જીવ ઉત્પત્તિ થાય છે તેથી તેતો ખાસ કરી વર્જવા યોગ્ય છે.

૧૬. હિંદુ–દિલ્હી બીસ્કુટ–જે દિલ્હી, પુના, વડોદરા વગેરે ઠેકાણે બનાવવામાં આવે છે, જે આપણામાંના કેટલાએક બંધુઓ વાપરે છે પણ તે બનાવવામાં પ્રથમ તો પ્રાયઃ પરદેશી મેદો વાપરે છે અને વળી તે પણ હલવાની માફક બે ત્રણ દિવસ પાણીમાં કોહડાવે છે ત્યારબાદ તેના બિસ્કુટ થાય છે તેથી અસંખ્ય

સંમૂર્છિમ અનેક બેઇંદ્રિયાદિક જીવની હાનિ થાય છે વળી તે બીસ્કુટ તૈયાર કરવામાં ચરબી પણ ચોપડવામાં આવે છે તેથી તે સર્વથા વર્જનીય છે. નાનખટાઇમાં પણ પરદેશી મેંદો વાપરે છે, તેથી તે પણ ત્યાગ કરવા યોગ્ય છે.

૧૭. ટુથ પાઉડર (દંતમંજન), ટુથ બ્રશ (દાંત સાફ કરવાનું બ્રશ)કૂચો–વિલાયતી જે દંતમંજનનો તૈયાર આવે છે તે વાપરવા યુક્ત નથી, કોણ જાણે તે કેવા ભક્ષ્ય કે અભક્ષ્ય પદાર્થનું થતું હશે માટે તે ન વાપરતાં બદામના છોડીયાની મસી અથવા તો તે મસીની સાથે કપુર, બરાસ, ચાક (સચિત્તના ત્યાગીએ ચાક ગરમ પાણીમાં ઉકાળી સુકાવીને અચિત્ત કરેલ હોય તો વાપરી શકાય), હરડા, બેડાં, આમળાં, મસ્કતી દાડમની છાલ, સોનાગેરૂં, કાથો, મોચરસ, હીરાદખણ, હીમજ, દાડમનાં સૂકાં ફૂલ, કાંટાળું માયુ, ચણકબાબ, મસ્કતી પ્રમુખ અનેક દાંતને ગુણકારી વસ્તુથી બનાવેલું દેશી મંજન વાપરવું યુક્ત છે. વળી દાંત કે હાડકાના અગર કોઈ બીજી જાતના હાથાવાળા કોઈ પણ જનાવરના કેશ કે રબરના ટુથ બ્રશો હિંદુઓએ અને ખાસ જૈનોએ મુખમાં નાંખી ભ્રષ્ટ થવું તે કેવું લજ્જાસ્પદ છે ! વળી તે બ્રશો કેટલીક વાર દાંતમાં પોલ કરી બહુ ખરાબી કરે છે. જો કે તે એવું ગુણકારી નથી પણ કદાચ હોય તોપણ આપણે કયાં સાધન રહિત થયા છીએ અર્થાત્ અનેક રીતે દાંતની શુદ્ધિ, મજબુતીપણું તથા ગુણકારી કરવાના ઉપાયો છે, માટે વિલાયતી ટૂથ પાઉડર અને ટૂથ બ્રશનો ઉપયોગ હોય તો બંધ કરવો અને ન હોય તો તે ન

વાપરવાનો નિશ્ચય કરવો. આવી વસ્તુઓનો પણ નિયમ કરવાથી લાભનું કારણ છે.

૧૮. હોટેલો—વિશ્રાન્તિ આનંદી ભોજનગૃહ અને તેમાં થતી દરેક ચીજ શુદ્ધ બ્રાહ્મણીઆ—પ્રથમ તો આ વિશ્રાન્તિ-ગૃહની મુલાકાત• (Visit) લેનારા બ્રાહ્મણ–વાણિયાથી માંડી લુવાણા કડીઆ એમ ઉત્તરોત્તર ઉંચ નીચ હિંદુ સર્વ પ્રાયઃ હોય છે. અને તેના માલેકો કેવી જ્ઞાતે હોય છે તે તો તપાસ કર્યે માલૂમ પડે. ત્યાં ચા, દૂધ, પૂરી, દૂધપાક, બાસુદી, શીખંડ બ્રાહ્મણીઆ ગમે તે વખતે મળી શકે છે. વળી ભજીયાં, કચોરી, આઇસક્રીમ, કુલફી, આઇસ વોટર, કંદમૂલ પ્રમુખના શાક, ભાતભાતની ચટણીઓ પણ બ્રાહ્મણીઆ થાય તથા નાન-ખટાઇ, બીસ્કુટ સોડા વિગેરે જેની ઇચ્છા હોય તે બ્રાહ્મણીઆ તાજું મળી શકે; કહો કેવી સુગમતા ! પણ હે જૈનબંધુઓ ! અને આર્યો ! આ હોટેલો પ્રમુખનું અનુકરણ થવાનું કારણ અનાર્યો છે, અને તેના સહવાસથી આપણે પણ અનાર્ય જેવાજ થઈ જઈએ છીએ. ત્યાં બનતી સર્વે વસ્તુનો જો વિવેક પૂર્વક તપાસ કરવામા આવે તોજ ખબર પડે પણ એ તુકલીફ કોણ લીએ; હિંદુ ભોજનગૃહમાં થયુ એટલે તો તે શુદ્ધ પવિત્રજ હોય. કારણ જે વિવેકનો વિચાર–ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કરે તો ખવાય પીવાય કેમ ? એવા આપણે વિવેક વિકલ અર્ધદગ્ધો જીહ્‌વાઇન્દ્રિયની રસ લંપટતામાં શું શું અકાર્ય નથી સેવતા ? અર્થાત્ સ્પર્શાસ્પર્શ કે ભક્ષ્યાભક્ષ્યનો વિચાર નહિ કરતાં ભોજન કરી આનંદ માનીએ છીએ. છેવટ મુસલમાન તો શું પણ યુરે-ઝીયન હોટેલોમાંથી માખણ–પાંઉ (બિસ્કુટ) વગેરે પદાર્થો

મંગાવી ખાનારાઓ પણ હોય છે. અફસોસ ! આ ભ્રષ્ટતાનું વિવેચન કરતાં કંપારી છુટે, તેવા કાર્યના સેવનારાઓ આ કળિયુગમાં વ્યાપી રહ્યા છે. અમને તો આવા પ્રાણી પ્રત્યે દયાની લાગણી સ્પુરે છે કે તેઓને કેવા કેવા વિપાક ભોગવવા પડશે અને કેવા ત્રાસ તેઓ પામશે ? હજુ પણ હે બંધુઓ સમજો અને આ ભ્રષ્ટતાથી વિરમો ! હે જૈન યુવકો ! આ શ્રમણ ભગવંત શ્રી મહાવીર પ્રભુના શાસનમાં મનુષ્ય જન્મ પામ્યાનો ફેરો સફળ કરો ! દશ દૃષ્ટાંતે દુર્લભ એવો આ મનુષ્ય જન્મ ફરી મળવો દુર્લભ છે. " કાગ ઉડાવણ કાજ વિપ્ર જિમ, ડાર મણિ પછતાયારે " એવો અવસર ન આવે માટે પૂર્વોક્ત ત્રણ અક્ષરની ખામી (વિવેક) છે, તે રૂપી મિત્રને જગાડો અને આત્મહિતાર્થે ભ્રષ્ટાચારને દેશવટો આપો !

૧૯. પાણી—આ કળિકાળમા કેટલાક મોટા શહેરોમાં, સ્ટેશનો ઉપર પાણીના નળ સંચા–ટાંકીઓ થઇ ગયેલ છે તેથી મુસાફરી વખત કે હવા ખાવા જતાં અગર રસ્તામાં તૃષા લાગી હોય ત્યારે અણુગળ પાણી પીવાય છે, તે અનાચરણીય છે. અણુગળ પાણી દારૂ સમાન કહ્યુ છે. જેથી પીવામાં કે વાપરવામાં પણ અવશ્ય પાણી મજબુત ગરણાવડે બરોબર ગળીનેજ વાપરવું; તથા પાણીના વાસણમાં એઠા પ્યાલા કે જેને મુખની લાળ અડી હોય તે બોળવાથી અસંખ્ય સમુચ્છિમ જીવ ઉત્પન્ન થાય છે, માટે પાણી કાઢવા માટે જુદો ડોયો (વાસણ) રાખવો જોઇએ. વળી જે પ્યાલે પાણી પીધુ હોય તેને પણ મુખની લાળ અડી હોય માટે લુગડાવડે તુરત કોરો કરી નાંખવો ને જ્યારે પીવું ત્યારે દરેક વખતે તે પ્યાલો જોવો કે " તેમાં

જીવ જંત કચરો નથી, ” તે તપાસીનેજ પીવું. ઉઘાડુ રહેલું પાણી પીવાથી બહુ દોષ છે. અલ્પ પ્રમાદથી અસંખ્ય જીવનો ઘાત થાય તે કેવું અનર્થકારક છે માટે દરેક ભાઈઓ અને બ્હેનોએ પાણી માટે ખાસ લક્ષ્ય રાખવું એવી પ્રાર્થના છે. શ્રાવકે પહોરે પહોરે પાણી ગળીને પીવું જોઈએ, તેમાં જેટલો પ્રમાદ તેટલો દોષ છે. “ **યત્ર યત્ર પ્રમાદઃ તત્ર તત્ર હિંસા.** ” પ્રમાદ તજ્યા વગર ધર્મ પામવો ક્યાં સહેલ છે; જયણાએ ઉપયોગ પૂર્વક વર્તવું તેજ ધર્મ છે. કપાળમાં ચાંડલા માત્ર કરવાથી ધર્મ નથી થતો, કે નથી જાણવા માત્રથી થતો પણ ઉભય લોકનો ભય રાખી જે સજ્જનો અષ્ટ પ્રવચન માતાને હૃદયમાં રાખી વર્તે છે, તેઓનુંજ કલ્યાણ તથા પૃથ્વીપર આવવું સારભૂત છે, અને બાકી તો પૃથ્વીને ખરેખર ભારભૂતજ સમજવા. ધન્ય છે ! શ્રીકુમારપાલ રાજાને કે જેણે અઢાર દેશમાં અમારિ (અહિંસા) પડહ વજડાવ્યો કે જેના વખતમાં ગાય, ભેંસ, બળદ, ઘોડાં પ્રમુખ ઢોરને પણ પાણી ગળીનેજ પાવામાં આવતું; અને તે ધર્મીષ્ટને **પરમાર્હત** એવું બિરૂદ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમાચાર્યજી મહારાજે આપ્યું હતું; તે "કુમારપાળ" રાજા આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ પ્રભુના ગણધર થવાના છે; તેનો હાલ પણ યશવાદ વર્તે છે તથા આગામીભવે પણ વર્તશે. સદા તેવા પુરૂષો જયવંતા વર્તો ! અરે આપણે ક્યારે પ્રમાદરૂપી પછેડી દૂર કરી પાપરૂપી મલિન શય્યામાંથી ઉઠી તેવા પરમાર્હત થવા અને શિવ વધૂ વરવા ઉજમાલ થાશું, જેથી ભવરૂપી પ્રચંડ તાપ ઉપશમે !

બહુ આરંભ થતાં તૃપ્તિ ન થાય અને પશ્ચાત્ હિંસા બહુ થવાના કારણે વર્જવા યોગ્ય વનસ્પતિઓ—

વનસ્પતિનું નામ. **વર્જવાનાં કારણો.**

શેરડી— ઘણી ખાવાથી તૃપ્તિ ન થાય; વળી તે ખાઇને તેના છોતાં જ્યાં નાંખીયે ત્યાં આપણા મુખની લાળ અડવાથી અસંખ્ય સમૂર્ચ્છિમ જીવની ઉત્પત્તિ થાય તથા મિઠાશને લીધે કીડીઓ પ્રમુખ ત્રસ જીવ ચડે, મનુષ્ય કે જનાવરનો પગ પડવાથી કે તે છોતાંઓ જનાવર ચાવી જવાથી ત્રસ જીવોની હિંસા થાય વગેરે હિંસાના કારણોથી વર્જવી.

સીતાફળ
રાયણ, ખલેલાં
પાકા ગુંદા
જાંબુ (રાવણાં)
કરમદાં
બોર દરેક જાતિના

શેરડીની માફક આ વસ્તુઓ ખાઇ તેના ઠળીઆ જયા નાંખીએ ત્યાં અસંખ્ય સમૂર્ચ્છિમ જીવની ઉત્પત્તિ થાય તથા ત્રસ જીવોની હિંસા થાય વગેરે કારણોથી વર્જવા યોગ્ય છે તેમા પણ બોરજાતિમાં તો ત્રસ જીવની ઉત્પત્તિ હોવાથી તે અભક્ષ્ય છે અને તે શિવાય જે ન વર્જિ શકાય તેને માટે યત્નાથી પ્રવર્તતા અલ્પદોષ થાય એટલે ખાઇને તેના ઠળીઆ વગેરે રાખમાં પરઠવવા અગર જે રીતે પછી અનેક જીવોનો નાશ ન થાય તેમ યત્ના અવશ્ય

જાળવવી. જે બોર વગેરે કેટલીક ચીજો અભક્ષ્ય છે તે અભક્ષ્ય જાણીને તેની પ્રૌઢ અવસ્થા થઇ હોય તોપણ ત્યજવી કેમકે તે જાતે અભક્ષ્ય છે; માટે આવી ચીજો ઉપરથી તૃષ્ણા ઉતારી વર્જવા લાયક છે. વળી બોર, સીતાફળ, શેરડી, રાયણ શક્ય પરિહાર છે અર્થાત્ તે એવી ચીજો નથી જે તેના વગર ન ચાલે. માટેજ તે તે ચીજો પશ્ચાત્ હિંસાના કારણુને લઇને ત્યાગ કરવા સ્વશક્તિ અવશ્ય ફેરવવી અને ક્રમે ક્રમે જ્યારે દરેક ચીજ ઉપરથી મમત્વ ઉઠશે અને સર્વથા ચારે આહારનો ત્યાગ થશે ત્યારેજ અણાહારી શાશ્વતાં અનંત સુખની લહરીઓમાં લય-લીન થઇશું.

લીલાં અંજીર— બીજ વિશેષ હોવાથી વર્જવા લાયક છે.

શેતુર }— બહુ ખાવાથી તૃપ્તિ ન થવાના કારણે વર્જવા યોગ્ય છે.
ફાલસાં

શીંગોડા— કામ વૃદ્ધિજનક હોવાના કારણે વર્જવાં. તથા તે તળાવમાં પાણીમાં વેલ ઉપર થાય છે તેની આસપાસ બહુજ ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે તેથી સીંગોડાં તોડતી વખતે ઘણા ત્રસ જીવની વિરાધના થાય છે માટે વર્જનીય છે.

વાલોળ— શ્રાવકના અતિચારમાં પણ લખે છે કે "વાસી વાલોળ, પુંખ, પાપડી ખાધાં" તો જે વાલોળ આજની ઉતારેલી હોય તે રાત વાસી રહેવાથી તેમાં ત્રસ જીવની ઉત્પત્તિ થાય છે તેથી બીજે દિવસ અભક્ષ્ય થાયછે. તે દિવસની ઉતારેલીમાં પણ ઇયળો પ્રમુખ ત્રસ જીવ હોય છે તેથી કદાચ તે દિવસની ખાવી હોય તો પણ ઉપયોગ પૂર્વક તપાસી કરીને વાપરવી યુક્ત છે. પ્રથમ તો તે દિવસનીજ ઉતારેલી તાજી વાલોળ મળવી મુશ્કેલ માટે બને તો સર્વથા વર્જવી શ્રેષ્ઠ છે.

દર્શન વિરૂદ્ધ તથા લોક વિરૂદ્ધના કારણે વર્જવા યોગ્ય વનસ્પતિઓ.

વનસ્પતિનું નામ.	વર્જવાનાં કારણો
ચંડોરા—	લાંબાં સર્પાકારે હોવાથી અને અશુદ્ધ પરિણામના હેતુ હોવાથી વર્જવાં.
કુણુસ—	દર્શન વિરૂદ્ધ હોવાથી (માંસપેશીરૂપ દેખાય છે) અનાચરણીય છે.
ભુરૂં કોળું—	અન્યદર્શની વગેરે તેને દેવી પ્રમુખની પૂજામાં ઘેટાંદિકની કલ્પના કરી ભોગ આપે છે તેથી તે વર્જવું. (ઔષધ કારણે પ્રમાણ રાખે.)

કોળું—	મોટું ફળ હોવાથી કેટલાક નથી વાપરતા.
કડવું તુંબડું—(દુધી)	કદાચ ઝેરી નીકળે તો આત્મઘાત થાય તેથી તે અનાચરણીય છે.
કંટોલા પાકાં કારેલાં ,, ટીંડોરાં ,, ટમેટાં ,, કંકોડા ,,	તેના મૂળ રંગ લીલા હોય છે અને પાકેથી રાતાં થાય છે તે તથા કંટોલાને કારેલામાં જીવાત બહુ પડેછે અને ટીંડોરામાં બીજ ઘણાં છે માટે આ ચીજો અશુદ્ધ પરિણામ થવાના કારણથી અને ત્રસ જીવોની હિંસા થવાના કારણથી વર્જવી. આને માટે શ્રાદ્ધવિધીમાં ખુલાસો છે.
મધુક—	તે મહુડાં વૃક્ષનાં ફળ જેને મહુડાં કહે છે અને તેનો દારૂ પ્રમુખ થાયછે તે કેફકારી તથા અશુભ પરિણામના હેતુ હોવાથી વર્જનીય છે. વળી ત્રસ જીવાકુળ છે.

ત્રસ જીવની બહુ હિંસા થવાના કારણે વર્જવા યોગ્ય વનસ્પતિઓ.

બીલી બીલાં લીલો વાંસ.	ઇયલો તથા ક્ષુદ્ર જીવો આ વનસ્પતિઓમાં ઉત્પન્ન થવાનાં હેતુથી સર્વથા વર્જનીય છે ત્યારે તેના બોળ અથાણાઓ કરીને વાપરવાં તે કેવું અઘોર-ત્રાસજનક કર્તવ્ય ? સુવાવડ પ્રમુખ ગમે તેવાં રોગના કારણો હોય તોપણ આ ચીજો તો

સર્વથા દ્રષ્ટિથી પણ દૂર રાખવા યોગ્ય છે. બીજાું કે જેને જીભનો સ્વાદ વિશેષ હોય છે તેઓએ આને માટે બહુ ભય પામી વર્જવું જોઇએ.

ફાગણ શુદ ૧૫ થી કાર્તિક શુદ ૧૫ સુધી ભાજી પાંદડા-માત્ર પ્રમુખ જીવોની હિંસા હોવાનાં કારણે વર્જવાં કહ્યાં છે તેનાં કેટલાએક નામ

મેથીની ભાજી	કઢલીની ભાજી	એલચીનાં પાન
તાંજળીયાની ભાજી.	નાગરવેલનાં પાન	લીલી ચા
કોથમીર ,,	અડુ ,,	ફુલાવર
ફોદીનો	ફાંગ ,,	ગુલાબનાં ફુલ
	અળવીના ,,	
ડાંભાની ભાજી	ભોં પાંથરીની ભાજી	તલસીના પાન
ટાંકાની ભાજી	મીઠા લીંબડાના પાન	અજમાનાં ,,
ભીંડાની ભાજી	પોઈના પાન	રાડાફડીના ફુલ

આ લીલોતરીઓ આઠ માસ તો સર્વથા વર્જવા યોગ્ય છે.

સરગવાની શીંગ— તેમાં ફાગણ સુદ ૧૫ પછી તેનાં બીજમાં ત્રસ જીવ થાય છે તેથી આઠ માસ પર્યંત વર્જવી.

કોબીજ (કર્મકલો)— તેના પાંદડામાં તદ્દણા ત્રસ જીવ હોય છે તે માલુમ પડતા નથી તેથી તે આઠ માસ તો વર્જનીય છે અને બાકી શિયાળામાં પણ યત્ના પૂર્વક ખંખેરીને

વાપરવી યુક્ત છે. તેની દુર્ગંધ અને પટ જોતાં તો ડુંગળીનું સ્મરણ થાય છે. તેથી તે તજવા યોગ્ય છે.

આ મુજબ બીજાં પણ ભાજીપાન શિયાળામાં ઉપયોગ પૂર્વક ખંખેરી કરીને વાપરવા યોગ્ય છે. તેમાં પણ ભાજી સર્વે જાતિની ચારણી વડે ચાળીનેજ વાપરવી, કારણ તેમાં ઈયળ કુંથવાદિક ત્રસ જીવ નીકળે છે તો તેની જયણા પળે; અને જો ત્રણ વાર ચાળતાં જીવ નીકળે તો તે પરઠવવા યોગ્ય છે.

આદ્રા નક્ષત્રથી ત્યાગ કરવા યોગ્ય વનસ્પતિ—

શાયણ, કેરી— આદ્રાનક્ષત્રથી પાકી કેરીનો જરૂર ત્યાગ કરવો. આ વસ્તુ અતિ પ્રિય હોવાથી કેટલાએક આદ્રા નક્ષત્ર પછી વાપરે છે તેને વધારે શું કહેવું ? ભગવંતની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પણ સ્વકામનાઓ તૃપ્ત કરવી ! જાણે કે તે વસ્તુ જોઇ નથી, માટે ખાઓ, પીવો ને વાપરી લીયો; ફરી આવી લહેજત નહિ આવે, એવું માની આપણા યુવાન બંધુઓ તો શું પણ જેઓને જરારૂપિ પીશાચણીએ વશ કરેલ છે એવા વૃદ્ધો પણ આ વસ્તુના સ્વાદમાં અંજાઇ જઇ ભોગવે છે. અફસોસ ! અતિ ખેદજનક છે જે અસંખ્ય જીવોનો નાશ કરતાં લગારે વિચાર આવતો નથી અને પોતાનું મન રંજન

કરવા અર્થે મહા અનર્થનું કારણ સેવી દુર્ગતિનું ભાજન થવારૂપ અકાર્ય સેવે છે; પણ હવે મમતા દાસીનો છેડો મૂકવો જોઇએ. નહિતર તેજ. લહેજતના વિપાકો ભોગવતાં હાય! હાય! કોઈ છોડાવો! કોઇ બચાવો! એવા ત્રાસજનક પોકારો પાડતાં પણ કોઈ પણ મુકાવવાને સમર્થ નહિ થાય, તેથી હવે વિનય પૂર્વક પ્રાર્થના કરીને કહેવાનું છે જે સ્વપરના હિતાર્થે તે ચીજ આદ્રા નક્ષત્રથી વર્જવી ને તેમાં કોઇ પણ પ્રકારનો આગાર રાખવો નહિ.

ચોમાસામાં (અસાડ શુદ ૧૫ થી કાર્તિક શુદ ૧૫ સુધી) ત્રસ જીવો પડવાના કારણે વર્જવા યોગ્ય વનસ્પતિઓ

ભીંડા— કંટોલા— કારેલાં— તુરીઆં—	બીજી ઋતુમાં પણ જીવ થાય છે પણ ચોમાસામાં વિશેષે કરીને ઇયળો પ્રમુખ જીવની ઉત્પત્તિ થાય છે. અને કારેલાં પ્રમુખ તો બાહ્યથી (ઉપરથી) જરાપણ સડેલું દેખાતું ન હોય તેને પણ સમારતાં અંદર ઇયળો કેટલીક વખત જોવામાં આવે છે; ઉપયોગ રાખીયે તોપણ આ

જીવોની હિંસા થઈ જાય તેથી ચોમા-
સામાં ખાસ વર્જવી.

કારેલાં તુરીયાં પ્રમુખનો ઉપરનો ભાગ ખડબચડા ખાડા જેવો હોવાથી તેમાં કુંથુંઓ પ્રમુખ ત્રસ જીવો ભરાઇ રહે છે તેથી તેવી વનસ્પતિઓ પ્રથમ પુંજણીથી પુંજીનેજ યત્ના પૂ-ર્વક સમારવી જોઇએ અને દરેક વનસ્પતિનું શાક શુદ્ધ કરીને વાપરવું યુક્ત છે.

" ચાલુ વપરાવામાં આવતી વનસ્પતિઓ."

શાકમાં વપરાતી		કાચાં પાકાં ફળ તરીકે વપરાતી
૧ કાકડી મૂળ પાન વિના		તરબુચ
૨ કારેલાં	,,	લીંબું મીઠું
૩ કંટોલાં	,,	પોપૈયું
૪ ગલકાં		સક્કરજન
૫ ગુવારની ફળી	,,	પીચીજ
૬ કાચાં ગુંદા[1]		ચીકુ
૭ લીલા ચણા		કેરીની જાત
૮ ચીભડાં (આરીયાં) મૂળ પાન વિના		જમરુખ (પેર)
૯ ચોળા		અનેનાસ
૧૦ ટમેટાં		કોઠ ફળ
૧૧ ટીંડોરાં (ધોળા)		કેળાં

૧ કાચાં ગુંદા ભાંગીને તેના ઠળીયા તરતજ રાખમાં પરઠવી દેવા નહિતર માંખીઓ તેને ખાવાનો પદાર્થ સમજી તેના ઉપર બેસે છે તેથી તેની પાંખો ચીકાશને લીધે ચોંટી જવાથી ઉડી શકતી નથી ને મરી જાય છે તેથી ખાસ ઉપયોગ રાખવો.

૧૨ કાળાં	દાડમ
૧૩ ડોડી	આમળાં
૧૪ તળીયું-ભુજીયું (સકરટેટી)	નારંગી (સંતરાં)
૧૫ તુરીઆં	નાળીયેર (કાચાં-પાકાં)
૧૬ તુંબેસ	પપનસ
૧૭ દાતણ (બાવળ, બોરડી, ઝીલ, આવળ)	દ્રાક્ષ (લીલી)
૧૮ દૂધીયું	બીજોરાં
૧૯ પરવર	
૨૦ પાંદડી-પાપડી-પાપડા.	
૨૧ ફળશી	
૨૨ ભીંડાં	
૨૩ મરચાં	
૨૪ મરવા	
૨૫ મોઘરી	
૨૬ લીંબું ખાટું	
૨૭ વટાણાં	
૨૮ આલકુલ	

આ ઉપર લખેલી જે વનસ્પતિઓ છે, તેમાંથી પણ યથાશક્તિ ત્યાગ કરવો અને જે બારે માસ પ્રાય મળી શક્તી કે ઉપયોગમાં લેવાતી વનસ્પતિ હોય, જેમકે કેળાંતે શિવાય દરેક લીલોતરીઓ જે રાખવી હોય તે પણ અમુક કાળ ખાવી બાકી ત્યાગ; જેમકે કાર્તિક માસમાં અમુક અમુકજ ખાવી, તેમ બારે માસ આશ્રયી રાખી લેવાથી બાકીના કાળમાં વિરતિપણાનું ફળ મળે છે. કારણ કેરી શિયાળા પછી મળીશકે તેથી ફાગણ કે ચૈત્રથી

આદ્રા નક્ષત્ર સુધી ખપે બાકી ત્યાગ; તેમ અતિ સંક્ષેપ પૂર્વક નિયમ લેવાથી બહુ લાભનું કારણ છે; તથા નિયમ લીધા ત્યાંથી દર વર્ષે અમુક અમુક વનસ્પતિનો સર્વથા ત્યાગ કરવાનો પણ નિયમ કરવો. જેમકે ૧૯૬૪ માં અમુક અમુક લીલોતરીનો નિયમ લીધો; ત્યારેજ એવો નિયમ લેવો કે ૧૯૬૫ થી મારે નોલકોલ, મોવરી, પપનસ, ચીકુ પીચીજનો સર્વથા ત્યાગ; ૧૯૬૬ થી ડાળાં, લીલાં તીખા, મરવા પ્રમુખનો સર્વથા ત્યાગ તેમ આગળના વર્ષોનો પણ યથાશક્તિ નિયમ કરવો. જેથી તેના તે વખતે અમુક વખત પછી ત્યાગ કર્યાના ભાવ થવાથી તેને તે વખતથી અભયદાન દીધાનું ફળ મળી ચુકે. આ પ્રમાણે નિયમ કરવાથી અનેક વનસ્પતિઓના જીવને અભયદાન આપ્યાનું ફળ મળે. અને જ્યાં સુધી નિયમ નથી કર્યો ત્યાં સુધી કાંઇ ફળ મળતું નથી. વળી શ્રાવકે છ અઠ્ઠાઇઓમાં[1] વનસ્પતિનો જરૂર ત્યાગ કરવો; તથા જઘન્યથી પાંચ પર્વી તિથિઓ તે શુકલ પંચમી, બે અષ્ટમી અને બે ચતુર્દશીમાં અને ઉત્કૃષ્ટ બારપર્વી

---

૧ ચૈત્રી તથા આસોની બે અઠ્ઠાઇઓ શાશ્વતી છે, તે ચૈત્ર શુદ ૭ થી ૧૫ સુધી અને આશો શુદ ૭ થી ૧૫ સુધીની જાણવી

ત્રણ ચોમાસાની ત્રણ અઠ્ઠાઇ તે એક કાર્તિક શુદ ૭ થી ૧૫, બીજી ફાગણ શુદ ૭ થી ૧૫ અને ત્રીજી અશાડ શુદ ૭ થી ૧૫ એમ ત્રણ અઠ્ઠાઇ જાણવી.

પર્યુષણ પર્વની અઠ્ઠાઇ શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા શુદ ૪ સુધી, એમ ૭ અઠ્ઠાઇ કહી છે તે દિવસોમાં સચિત્તનો ત્યાગ, વનસ્પતિનો ત્યાગ, બ્રહ્મચર્ય, અમારિ, તપ, જિનપૂજા, ગુરૂવંદન, વ્યાખ્યાનશ્રવણ, સામાયક, પૌષધ, અતિથિસંવિભાગાદિક નિયમો અવસ્ય વિશેષે કરીને કરવાં જોઇએ.

તીથીઓ તે બે બીજ, બે પાંચમ, બે અષ્ટમી, બે ચતુર્દશી, અમાવાસ્યા અને પુર્ણિમા તથા મધ્યમ થકી સાત આઠ કે દશ પર્વ તિથિઓમાં અવશ્ય લીલોતરીનો ત્યાગ કરવોજ જોઇએ; તે તિથિઓને વિષે એક પાકાં કેળાં ઉપયોગમાં કેટલાએક લે છે કારણ તે અચિત્ત છે; તો તે શિવાય અવશ્ય બાકીની સઘળી વનસ્પતિના ત્યાગનો નિયમ ગ્રહણ કરવો જોઇએ.

વળી સામાન્ય રીતે કહ્યું છે કે અજાણ્યુ ફળ, નહિ શોધેલું શાક પત્ર, સોપારી પ્રમુખ આખાં ફળ, ગાંધીના હાટનાં ચુર્ણો, ચટણી, મલીન ઘી અને પરીક્ષા વગરના માણસે લાવેલા બીજાં પદાર્થો ખાવાથી માંસભક્ષણ તુલ્ય દોષ પ્રાપ્ત થાય છે. તેમાં પણ સોપારી ચોમાસામાં આજની ભાંગેલી આજેજ ખવાય બીજે દિવસે લીલફુગ થવાના કારણથી તે ન ખવાય; તેમજ એલચી જયારે વાપરવી હોય ત્યારે ફોલીને સમ્યક્ પ્રકારે તપાસીનેજ વાપરવી યુક્ત છે. ચોમાસામાં પીપરીમૂળના ગંઠોડા, સૂંઠ પ્રમુખ, લીલફુગ કુંથુઆદિકની ઉત્પત્તિ થવાના કારણે ન ખાવા. ચુનાની ફાકમાં રાખવાથી સડતા નથી. દવા પ્રમુખમાં વાપરવું હોય તો તે સમ્યક્ પ્રકારે શોધીને વાપરવું યુક્ત છે.

સચિત્ત ત્યાગી, દ્વાદશ વ્રતધારી તથા ચૌદ નિયમ ધારનારને સચિત્ત સંબંધી ધ્યાનનાં લેવા યોગ્ય કેટલીક બાબતનો ખુલાસો.

સચિત્તનો સર્વથા ત્યાગ કર્યો હોય તેણે કઈ કઇ ચીજો સર્વથા કે જે સચિત્ત છે તે વર્જવી તથા કઇ કઈ કેવી રીતે

અચિત્ત કરી હોય તે કેટલા કાળમાન સુધી વાપરી શકાય, તે બતાવે છે.

૧. ધાન્યો જેવાં કે ઘઉં, બાજરો પ્રમુખ સચિત્ત કહેવાય છે જે અમુક વખત પછી અચિત્ત થાય છે તેનું વર્ણન શ્રાદ્ધ-વિધિ પ્રમુખ ગ્રંથોથી જાણી લેવું. મેથી પણ ધાન્ય છે તે ઉપયોગ રાખવો. એટલે ધાન્યોનો લોટ થયા પછી કયારે તે અચિત્ત થાય છે વગેરે આગળ લખાઈ ગયું છે. તેથી જ્યાં સુધી સચિત્ત છે ત્યાં સુધી વપરાય નહિ ચણા પ્રમુખની દાળ અચિત્ત છે તેથી તેનો આટો અચિત્તજ છે.

૨. પોંખ, ઓળા વગેરે વર્જનીય છે તેથી તેમજ મિશ્ર (સચિત્ત અને અચિત્ત) હોવાથી વપરાય નહિ.

૩. અભક્ષ્ય વસ્તુઓ સચિત્ત છે તે પણ વર્જવીજ જોઇએ.

૪. શેકેલ ચણા, ધાણી પ્રમુખ રેતીમાં ભુંજેલ હોય તો બરોબર અચિત્ત થાય અન્યથા તે વપરાય નહિ.

૫. ધાણા, જીરૂં, સુવા, અજમો પ્રમુખ ખાંડેલું હોય કે અગ્નિ શસ્ત્ર લાગવાથી અચિત્ત થાય તે વપરાય પણ એમને એમ વાપરી ન શકાય. તથા છાશ કરંબાદિકમાં નાખેલ સચિત્ત જીરૂ પ્રાસુક થતું નથી.

(હીરપ્રશ્ને)

૬. વરીયાળી પણ સચિત્તમાંજ કહેવાય છે કેમકે જે ચીજો વાવ્યા થકી ઉગે છે તે સચિત્ત કહેવાય છે તેથી સુકી વરીયાળી પણ શેકેલી હોય તોજ વાપરવી.

૭. મીઠું (લવણ–નિમક) સચિત્ત છે, "ભૂમિકાયમાં લખ્યા મુજબ તે અચિત્ત થાય, તો તે મુજબ અચિત્ત કરેલું મીઠું વાપરી શકાય."

૮. સૈંધવ જે રાતો આવે છે તે સચિત્ત છે. ફક્ત સફેદ સૈંધવ અચિત્ત છે.

૯. ચાક, ખડી પ્રમુખ સચિત્ત છે. ચાક જો કે ખાવામાં નથી આવતો પણ દાંતનું મંજન બનાવવામાં વપરાય છે તો પ્રથમ કહ્યા મુજબ અચિત્ત કરીને બનાવેલ હોય તો વાપરી શકાય. કેમ્ફર ચૅાક વગેરે પણ જે આવે છે તે કેમ બનાવતા હશે તે કહી શકાય નહિ જેથી સચિત્તના ત્યાગીએ આવી સંશયવાળી વસ્તુ વાપરવી નહિ.

૧૦. ચલિત રસવાળી વસ્તુઓ જે "ચલિતરસ" ની સૂચનાઓ લખી છે તે વિગેરે મહા સચિત્ત છે એટલે તે અભક્ષ્યજ છે કારણ તેમાં તો બેઇંદ્રિય જીવની ઉત્પત્તિ થાય છે તેથી તે ચીજો નજ ખવાય. તેવીજ રીતે બોળ અથાણાંનું સમજવું. અહિં લખવાનો આશય એટલોજ છે કે તે વસ્તુઓ પણ સચિત્ત અથવા મહા સચિત્ત એટલે અભક્ષ્ય છે, જેથી ભક્ષ્ય સચિત્તનો ત્યાગ હોય તેને અભક્ષ્ય સચિત્તનો પ્રથમ ત્યાગ થયો અને હોવો જોઇએ.

૧૧ પાણી ત્રણ ઉકાળાવાળુંજ અચિત્ત છે જેથી બરોબર ન થયું હોય તેનો ઉપયોગ રાખવો. વળી તે જ્યારે ત્રાંસ વગેરેમાં ઠારવામાં આવે છે ત્યારે તેની ઉપર બારીક કપડાનું ઢાંકણ જોઇએ નહિતર તેમાં માખી પ્રમુખ પડવાથી મરી જાય છે તેથી બહુ દોષ લાગે માટે પ્રસંગોપાત આ સૂચના

લખી છે, જે ખાસ ખ્યાલમાં રાખવી. ચોમાસામાં ઉકાળેલા પાણીનો કાળ ત્રણ પહોરનો છે એ ખાસ લક્ષમાં રાખવું.

૧૨. અનેક જાતના સરબતો, સોડા પ્રમુખ, ગુલાબજળ, કેવડાનું જળ ન વાપરવું. તે વાપરવાથી અનેક પ્રકારના દોષ સાથે ગુલાબજળ પ્રમુખમાં જીવ ઉત્પત્તિનો સંભવ હોવાથી તે સર્વે વર્જનીય છે.

૧૩. ઇંગ્રેજી પ્રવાહી દવા મુખ્યપણે વાપરવીજ નહિ. તો પણ અત્યંત રોગાદિક કારણે કેટલાએક વાપરે છે પણ તેમાં અચિત્ત પાણી ખાસ જોઇએ. એનું પ્રાયશ્ચિત્ત સાજા થયાથી લેવું જોઇએ.

૧૪. બરફ, કરા પ્રમુખ સચિત્ત (મૂળ અભક્ષ્ય) છે તેથી ન જ વપરાય.

૧૫. લીલાં દાતણ બાવળ પ્રમુખ હરકોઇ જાતના સચિત્ત છે તેથી તેનો સર્વથા ત્યાગ હોવો જોઇએ.

૧૬. નાગરવેલનાં પાન, લીંબડા, તુળશી, એલચી પ્રમુખના પાન સચિત્ત હોવાથી નજ વપરાય પણ લીંબડાના પાન કઢી પ્રમુખમાં નાંખેલ હોય કે નાગરવેલનું પાન ઘીપ્રમુખ ઉનું કરવામાં નાંખ્યું હોય તો તે ચીજ અચિત્ત થયેથી વપરાય છે.

૧૭. લીંબડા, આંબા પ્રમુખના મહોર તથા ગુલાબ પ્રમુખનાં પુલ સચિત્ત છે તે ન વપરાય. ગુલાબના પુલ મિઠાઇ ઉપર છાંટે છે તે અચિત્ત થયેથી વપરાય.

૧૮. ચટણી જે કોથમીર ફુદીનાની કરે છે તેમાં તે વનસ્પતિ તથા નિમક બન્ને જો કે સચિત્ત છે પણ તે ઘુંટાયાથી તે વનસ્પતિ અને નિમકને અન્યોન્ય એક બીજાનું શસ્ત્ર લાગ-

વાથી બે ઘડી પછી અચિત્ત થાય છે માટે સચિત્ત ત્યાગીએ બે ઘડી બાદ વાપરી શકાય.

૧૮. સંભારા કે અથાણાં (જે ત્રણ દિવસ વાપરી શકાય તે) નું પણ પ્રાયઃ ઉપર મુજબ અન્યોન્યના શસ્ત્ર લાગવાથકી બે ઘડી બાદ વપરાય; પણ ગુવાર પ્રમુખનું 'અથાણું' અચિત્ત થતાં વખત લાગતો હશે કારણ તેની અંદર બીજ છે તેથી મીઠાનું શસ્ત્ર જલદી ન લાગે.

૨૦. દાડમ, જમરૂખ એ ચીજો સચિત્ત છે અને બેઘડી બાદ પણ અચિત્ત ન થાય તેથી તેનો સર્વથા ત્યાગ[1] હોવો જોઇએ. એટલે કે સચિત્ત ન વપરાય પણ જો અચિત્ત અગ્નિ ના શસ્ત્રથી (તેનું શાક કરે છે) કરેલ વપરાય. જમરૂખ ને અગ્નિલાગવાથી પણ બીજ કઠોર રહે છે તેથી મીશ્રતાનો દોષ લાગે.

૨૧. શેલડી તથા શેતુર સચિત્ત છે તેથી તેનો સર્વથા ત્યાગ હોવો જોઇએ. શેલડીનો રસ કાઢયા પછી બે ઘડીએ અચિત્ત થાય.

૨૨. સીતાફળનો સચિત્ત ત્યાગીને અવશ્ય ત્યાગ હોય વળી તે અચિત્ત પણ થવા સંભવ નથી કારણકે તેમાંથી ઠળીયા જુદા પડી શકે નહિ. તેમજ જાંબું, રાયણ, બોર, ખલેલાં, લીલીબદામ, લીલીદ્રાક્ષ પ્રમુખમાંથી ઠળીયા બી કાઢયા વગરજ વપરાય છે તે સર્વે ન વાપરી શકાય.

---

૧ સર્વથા ત્યાગના બે ભેદ છે એક સચિત્ત સર્વથા ત્યાગ બીજો વસ્તુ સર્વથા ત્યાગ એટલે જેને સચિત્ત સર્વથા ત્યાગ છે તેને અગ્નિ પ્રમુખથી અચિત્ત કરેલ વપરાય પણ જેને દાડમ, જમરૂખ વસ્તુનોજ ત્યાગ છે તેને તો સચિત્ત કે અચિત્ત કાંઈ ન વપરાય; આ સ્ફુટ કરવાનુ કારણ એટલુજ કે અર્થનો અનર્થ ન થાય, કેમકે આપણામાં વક્રતા અને જડતાએ બહુ વાસ કર્યો છે; તેથીજ દરેક બાબત સ્વમતિએ ધારણનો નિષેધ છે માટે ગુરુગમથી ધારવુ, નહિતર અનેક પ્રકારે એવા અનર્થ થયા સભળાય છે.

૨૩. કેળાં બી સહિત પાકાં આવે છે તે સચિત્તજ[1] છે એવો નિર્ધાર કરી શકાતો નથી તોપણ તેવાં બીજવાળાં કેળાં કલકત્તાદિક તરફ થાય છે તે વાપરવાં નહિ, સોનેરી કેળાં છાલ ઉતાર્યાથી તરત અચિત્ત છે.

૨૪. પાકાં ચીભડાં, સકરટેટીમાંથી બી એકેએક ઉપયોગ પૂર્વક કાઢ્યા પછી બે ઘડીએ વાપરી શકાય.

૨૫. કાકડીમાંથી બી જુદાં પડી શકે નહિ તેથી તે સચિત્ત ન ખવાય પણ શાક પ્રમુખ અચિત્ત કરેલ વપરાય.

૨૬. કેરીનો રસ કાઢીને ગોટલી કાઢ્યા બાદ બે ઘડીએ લેવાનો વ્યવહાર છે.

૨૭. શ્રીફળ (નાળીયેર) નું પાણી કે ટોપરૂં તેમાંથી બી કાઢ્યા પછી બે ઘડીએ વપરાય. જે ત્રોફા આવે છે જેમાં પાણી હોયછે તે પણ જુદા વાસણમાં કાઢ્યા પછી બે ઘડીએ લેવાય.

૨૮. પાકી આંબલી (જેનું આંબલવાણું કરે છે), ખારેક અને ખજુર (સુકો) માંથી ઠળીયા કાઢ્યા પછી બે ઘડીએ વાપરી શકાય.

૨૯. સોપારી આખી ભાંગ્યા પછી ને બદામ અને અખરોટના મીંજ કાઢ્યા પછી બે ઘડીએ લેવાય. કેટલીક વસ્તુ તરત અચિત્ત પણ થઇ જાય છે પરંતુ આપણે તે જાણી શકીએ નહિ જેથી બે ઘડી બાદ વાપરવું ઉચિત છે.

૩૦. પીસ્તાં તથા જાયફળ તેના છોડામાંથી બહાર કાઢ્યા પછી બે ઘડીએ વપરાય.

૧ તે સ્વદેશમા થયેલા સચિત્ત સંભવે છે અને બહુ દૂર દેશથી આવેલ હોય તે તો અચિત્ત હોઇ શકે છે.

૩૧. કાળી તથા રાતી મોટી દ્રાક્ષ જેમાં બી હોય છે તે બી કાઢયા પછી બે ઘડીએ વપરાય.

૩૨. જરદાળુનો ઠળીયો કાઢયા પછી બે ઘડીએ વાપરી શકાય તેમ તેમાંથી નીકળતા ઠળીઆમાં જે બદામ હોય છે તે પણ ભાંગ્યાં પછી બે ઘડીએ ખવાય.

૩૩. ઝાડ ઉપરથી તુરતનો ઉતારેલ ગુંદર બે ઘડી પછી અચિત્ત થાય.

૩૪. સુકાં અંજીર જેમાં બી ઘણાં હોય છે તે જુદા પડતાં નથી તેથી સચિત્ત ત્યાગીને તે વસ્તુનો સર્વથા ત્યાગ હોવો જોઇએ.

૩૫. સચિત્ત ત્યાગીને કોઇવાર પાણીની જોગવાઇના અભાવે સચિત્ત પાણીમાં સાકર કે રાખ નાખવાથી તે પાણી બે ઘડી પછી અચિત્ત થાય. પણ શ્રીપાલીતાણામાં તળાટી ઉપર જે સાકરનાં પાણી કરે છે તે સાંભળવા મુજબ એઠા પ્યાલા બોળવાથી તેમાં સમૂર્ચ્છિમ જીવની ઉત્પત્તિ થાય છે, તો તેવું જળ કે સાકરનું પાણી સામાન્ય શ્રાવકને પીવું ન જોઇએ, ત્યારે સચિત્ત ત્યાગીને કેમ પીવાય ! તેવીજ રીતે કેટલેક ઠેકાણે ચા કરે છે ત્યાં ડબાડબ થાય છે તે પણ અનુચિત છે.

આ ઉપર લખેલી સચિત્ત આશ્રી સૂચનાઓ સચિત્ત ત્યાગીને ખાસ ઉપયોગી છે વળી બીજાઓને પણ એકાસણાં પ્રમુખના પચ્ચખ્ખાણમાં સચિત્તનો ત્યાગ હોય છે તેથી સમજવાની જરૂર છે. જે બાબત ઉપયોગમાં આવી તે દર્શાવી છે તે શિવાય ગુરૂગમથી સ્ફુટ રીતે સમજવું જોઇએ.

ઉપર મુજબ સમજી વિચારી તદનુસાર વર્તવા ખાસ ઉપયોગ રાખવો. બાવીશ અભક્ષ્યનો શ્રીજિનેશ્વર ભગવંતે નિષેધ

કર્યો છે તે તથા બીજી અભક્ષ્ય અનાચરણીયનો ત્યાગ કરવો તથા વનસ્પતિ પ્રમુખનો જરૂર નિયમ કરવો. નિયમ-પ્રતિજ્ઞા કરવાથીજ વિરતિપણુ થાય છે અને વિર્રતિનું ફળ ઘણુ મોટું છે. વળી કહ્યુ છે કે "જ્ઞાનસ્ય ફલં વિરતિઃ" જ્ઞાન [ભણ્યા-જાણપણા] નું ફળ વિરતિ છે, અને જો તેમ ન થાય તો ફક્ત જ્ઞાન (જાણવા) માત્રથી શુ. તે તો જ્યારે રહેણીમાં આવે ત્યારે સારભૂત છે. ચિદાનંદજી મહારાજે પણ કહ્યું છે જે:-

શુક રામકો નામ બખાણે, નાવિ પરમારથ તસ જાણે;
યાવિધ ભણી વેદ સુણાવે, પણ અકલ કલા નવિ પાવે ॥
કથણી કથૈ સબકોઇ, રહણી અતિ દુર્લભ હોઇ ॥ ૧ ॥
ષટ ત્રીશ પ્રકારે રસોઇ, મુખ ગણતાં તૃપ્તિ ન હોઇ;
શિશુ નામ નહિ તસ લેવે, રસ સ્વાદત સુખ અતિ લેવે ॥
॥ કથણી ॥ ૨ ॥

જબ રહણીકા ઘર પાવે, કથણી તબ ગિણતી આવે;
અબ ચિદાનંદ ઇમ જોઇ, રહણીકી સેજ રહે સોઇ ॥
॥ કથણી ॥ ૩॥

ભાવાર્થ એવો છે કે કથણી જ્યારે રહણી રૂપે થાય ત્યારેજ તેનો ઉત્તમ રસ પ્રાપ્ત થાય છે અન્યથા છત્રીશ પ્રકારની રસોઇના નામ માત્ર ગણવાથી ક્ષુધા શાંત થતી નથી તેવીજ રીતે જ્ઞાન સંપાદન કરીને તે યથાપ્રકારે અમલમાં મૂકવું જોઇએ. તે વિરતિવંત ક્રિયારૂચી જીવ શુકલપક્ષી કહેવાય. મન, વચન, કાયાના વ્યાપાર ચાલતા ન હોય તોપણ અવિરતિથી નિગો-

દ્રિયા વિગેરે જીવોની માફક ઘણો કર્મબંધ થાય છે. કહ્યું છે કે "જે ભવ્યપ્રાણિ ભાવથી વિરતિનો (દેશ અથવા સર્વથી) અંગીકાર કરે છે તેઓની વિરતિ કરવાને અસમર્થ એવા દેવતા ઘણી પ્રશંસા કરે છે. એકેંદ્રિય જીવો કવલાહાર બિલકુલ કરતા નથી તોપણ તેમને ઉપવાસનું ફળ મળતું નથી એ અવિરતિનું કારણ જાણવું. એકેંદ્રિય જીવો મન વચન ને કાયાથી સાવદ્ય વ્યાપાર કરતા નથી તોપણ તેમને ઉત્કૃષ્ટથી અનંતા કાળ સુધી તે કાયામા રહેવું પડે છે, અને જો પરભવે વિરતિ કરી હોત તો તિર્યંચ જીવો આ ભવમાં ચાબુક, અંકુશ, પરોણાની તિક્ષ્ણ આરો ઈત્યાદિના પ્રહાર તથા વધ, બંધન, મારણ, પરવશપણું ઈત્યાદિ સેંકડો દુઃખ ન પામત! હે સુજ્ઞો! અવિરતિપણાથી મહાદુખો પરવશપણે તિર્યંચ નારકી વિગરે ભવોમાં ભોગવવા પડેછે તેથી વિરતિને અગીકાર કરો! નજીવા કષ્ટથી પાળી શકાય તેવા નિયમો અતિ ફળને આપનારા થાય છે અને તે કષ્ટ—દુખ (અજ્ઞાનીને બાહ્યથી ભાસે છે) નથી પણ પરિણામે સુખના હેતુ હોવાથી (નિયમો) મહા સુખજ છે જેથી સકામ નિર્જરા થાય છે, અને જો તે નહિ અંગીકાર કરીએ તો પરભવે તિર્યંચ તથા નારકીઓમા પરમાધામી વિગેરે ક્રૂર જનોથી મહા આકરી વેદનાઓ પમાડાતી પરવશપણે ભોગવવી પડશે! જેથી વિશેષ હવે શું? પણ ટુંકામા પ્રાણાન્ત કષ્ટે પણ તીર્થંકર મહારાજે નિષેધેલી વસ્તુઓનું ભક્ષણ કરવું નહિ અને તેમા પણ અમુક શેરની છુટ—આગાર વિગેરે શિથિલપણાનો ત્યાગ કરી બાવીશ અભક્ષ્યનો સર્વથા ત્યાગ અને બીજા પણ અનાચરણીય—અભક્ષ્યનો પણ અવશ્ય ત્યાગનો નિયમ કરવો.

હવે નિયમ (પ્રતિજ્ઞા–વ્રત) કેમ અંગિકાર કરવો તથા પાળવો ? તે જણાવે છે–વ્રતને અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર એમ ચાર પ્રકારે દોષ લાગે છે.જેમ કે કોઇએ ચોવિહાર(ચાર આહારનો ત્યાગ) કર્યો હોય અને અતિ તૃષા લાગે ત્યારે પાણી પીવાની માત્ર ઇચ્છા કરે તે અતિક્રમ, જે સ્થાનકે હોય તે સ્થાનકથી પાણી પીવાના સ્થળે જાય તો વ્યતિક્રમ દોષ લાગે; પાણી પીવા માટે પાણીના વાસણમાંથી પ્યાલો ભરી મુખ આગળ ધરે પણ પીયે નહિ ત્યાં સુધી અતિચાર લાગે અને જ્યારે તે નિઠરપણે પાણી પીયે ત્યારે તેણે અનાચાર (મહા દોષ–પાપ) સેવ્યો કહેવાય, ત્યારે તો તેને પરભવની .પણ બીક ન રહી પણ જ્યારે પરમાધામીઓ ઉના ધગધગતા સીસાના રસ બળાત્કારે તેને પાય છે ત્યારે તે અત્યંત ત્રાસજનક વેદના ભોગવે છે અને તેમાંથી છુટવા પ્રયાસ કરે છે પણ કરેલા કર્મ ભોગવ્યા વગર તે બિચારો કયાંથી મુક્ત થાય ? એમ સમજી અતિક્રમ દોષ પણ ન લાગે તેવા ભવભીરૂ થઇ વ્રત પાળવું. ધન્ય છે વ્રત પાળવામાં દઢ એવા સિંહ ઋષિને કે જેણે દિશિનો અંગીકાર કરેલો નિયમ અતિ વિકટ સ્થિતિમાં પણ ભંગ નહિ કરતાં અનશન કરી એક માસમા કેવળજ્ઞાન ઉપાર્જી મોક્ષગતિ મેળવી ! શરીર (પુદ્દગલ) કે જેનો સ્વભાવ સડન, પડન અને વિધ્વંસ થવાનો છે, તેથી તેના ઉપર મોહ ન કરતાં ઉભયલોકમાં સુખનું ભાજન એવું જે વ્રત તેને પ્રાણ કરતા પણ વધારે પ્રિય ગણવું. અગ્નિમાં પ્રવેશ કરવો સારો પણ અંગીકાર કરેલા વ્રતનો કદિ ભંગ ન કરવો. (Sacrifice money,even life

rather than principle) માટે સત્ય પ્રતિજ્ઞાવંત થવું. મુમુક્ષુ કિંબહુના ?"

શ્રાવકે ગૃહમાં દશ ઠેકાણે ચંદરવા અવશ્ય બાંધવા જોઇએ.

૧ ચૂલા ઉપર, ૨ પાણીયારા ઉપર, ૩ ભોજન કરવાના સ્થાન ઉપર, ૪ ઘંટી ઉપર, ૫ ખાણીયાપર, ૬ વલોવણું (છાશ કરવાના સ્થાન) ઉપર, ૭ સુવાના બિછાનાપર, ૮ ન્હાવાને ઠેકાણે, ૯ સામાયક પ્રમુખ ધર્મ ક્રિયા કરવાના સ્થાને (પોષધશાળામાં) અને ૧૦ દેરાસરમાં.

એ રીતે દશ ચંદરૂવા બાંધવા જેમાંના પ્રથમના છ ચંદરૂવા ભોજન આશ્રી છે તેજ કહી આપે છે કે ભોજનના સંબંધમાં બહુ જયણા પૂર્વક વર્તવાની આવશ્યકતા છે તથા શારીરિક તન્દુરસ્તિનો ઘણો લાભ છે અને શરીરનું જો આરોગ્યપણું હોય તો સારી રીતે ધર્મસાધન વગેરે કરી શકાય, તેથી હવે વિશેષ સ્ફુટ કરવા જેવું નથી.

વળી સાત ગરણાં રાખવા જોઇએ.—

૧ પાણી ગળવાનું, ૨ ઘી ગરણી; ૩. તેલ ગરણી, ૪ દૂધ ગળવાનું; ૫ છાશ ગળવાનું; ૬ ઉકાળેલું અચિત્ત પાણી ગળવાનું; ૭ આટો ચાળવાનું (આંક).

એ મુજબ સાત ગરણાં જરૂર રાખવાં; તેથી કીડી, કંસારી, મચ્છર, માંખી વગેરે ત્રસ જીવના પુદ્દગલો હોયતો ગળવાથી નીકળી જાય છે. પાણી અને આટો ગળવાથી ત્રસ જીવનુ રક્ષણુ થાય છે. પાણી માટે મજબૂત પાણકોરાનું કે તેવું ઘટ્ટ ગરણું રાખવું. આ પ્રમાણે કરનારા ભવ્ય પ્રાણિઓને પ્રત્યક્ષ તેનો લાભ અનુભવાય છે. પાણી પહોરે પહોરે ગળવું જોઇએ, તે સંબંધમાં કુમારપાળ મહારાજનું સુચરિત્ર વારંવાર મનન કરવું તથા તદ-

નુસાર જેટલું બને તેટલું વર્તન રાખવું યોગ્ય છે. એવા આત્માર્થી પરમાર્થી પુરૂષોની બલિહારી છે ! તેજ ધન્યવંત છે, તેજ પુણ્યવંત છે, તેજ મહંત છે, તેજ પરમ સુખી છે વળી તેજ ઉત્તમ ભાગ્યશાળી છે કે જેના હૃદયપટને વિશે દયા–જયણારૂપી ચિત્રામણ ચિત્રાઇ રહેલું છે. જૈનશાસન જયવંતુ વર્તો !

" હવે કેવા ભાજનમાં તથા કેવી રીતે ભોજન કરવું તે સંક્ષેપથી કહીએ છીએ "–જે દોષો રાત્રી ભોજનમાં છે તેવાજ દોષો અંધારાવાળી જગ્યામાં ખાવા પીવાથી લાગે અને તે તે દોષ સાંકડા મોઢાના ભાજન (જેમાં નજર પહોંચે નહિ એવા શીશોઇ લોટાઆદિ) વાપરવાથી લાગે છે.

સમયને અનુસરીને કાંસાના અથવા કલઈવાળા તાંબા પીતળના વાસણ સામાન્ય પ્રકારે ઠીક ગણાય છે પણ અત્યારે આફ્તની દુનિયાનો વેગ વિચિત્ર પ્રકારનો થતો જાય છે, કોણ જાણે કેવા પ્રકારનો પવન ભરાયો છે તે સમજી શકાતું નથી કે આપણા પૂજ્ય વડીલશ્રીઓની પદ્ધતિઓ ઉપર તિરસ્કારની દૃષ્ટિએ જોતાં, તે ઉવેખીને હવે ટીન (ઈનેમલ) લોઢાના વાસણોનો આદર કરતા જાય છે કે જે વાસણો કોઇ પણ જૈન અગર હિંદુ બંધુએ વાપરવા ઉચિત નથી; મુંબઇ સમાચાર વગેરે ઉપરથી જાણવામાં આવેલ છે જે તેને ગ્લેજ કરવામા ઇડાનો રસ વપરાય છે અને જીવતા બળદોને મારી તેના આંતરડાઓનો પ્રવાહી ભાગ પણ વાપરે છે તેથી તે ખરેખર ત્રાસજનક છે, માટે તે વાસણનો શીઘ્ર ત્યાગ કરવો જોઇએ. આવી પ્રથમ સસ્તી સુશોભિત ચીજો પરિણામે બહુ મોંઘી ને નકામી થઇ પડે છે, અને આ પ્રમાણે આપણે આવી ચીજો વાપરવાથી અલ્પ વખતમાં કેવી નિર્ધન

અવસ્થાએ. પણ પહોંચ્યા છીએ કે જે વસ્તુ ખરીદ કર્યા પછી વપરાયે તેની કાંઇ પણ કિંમત ઉપજી શકે નહિ અને કાંસા કે ત્રાંબા પીતળના વાસણોની પુટચા પછી પણ ગમે ત્યારે તેના(મૂળ કિંમતના) અડધા ભાગના કે તેથી વિશેષ પણ નાણું અવશ્ય ઉપજે છે. અહો ! આપણા વડીલો-અગમ બુદ્ધિવતો વ્યવહાર અને ધર્મ કાર્યમાં કેવા કુશળ હતા અને હવે આપણે કેવાં થયા જે તેમના વચનોનો અનાદર કરી સ્વેચ્છાએ વર્તી પોતાને ડાહ્યા માની પૂર્વોપાર્જિત અગણિત મૂડી ગુમાવી બેઠા છીએ, અને શાણી સરકાર કે જેઓ આપણું કાસુ ખરીદીને તેના પૈસા સિક્કાઓ પાડે છે, હવે તો આપણને "વિનાશકાળે વિપરીત બુદ્ધિ" અનુસાર આપણું 'સારૂં' સુવર્ણ જેવુ છે તેને લોઢું માનીને તે વેચી જે લોઢું છે તેને સુવર્ણ સમ માની હર્ષથી (તેના કેટલાક મિથ્યા ફાયદાઓ કલ્પી) ગ્રહીએ છીએ. પણ કેવી દયાજનક સ્થિતિમા આપણે પોતાને જોઇએ છીએ, તે આપણાજ કર્મનો દોષ છે. ખરે હજુ પણ આપણે ચેતશુ નહિ તો તેથી પણ વધારે, ખરાબ અવસ્થાએ પહોંચશું, માટે હે સુજ્ઞ બધુઓ ચેતો ! એવા મલિન વાસણોનો ત્યાગ કરીને કાંસા અથવા પીતળના ભાજનમાજ આહાર કરો પીતળના રસોઇ તથા ભોજન કરવાના સર્વ વાસણને અવશ્ય કલઇ હોવીજ જોઇએ. તેમજ પત્રાવળા તથા પડીઆને આશ્રી ત્રસ સ્થાવર જીવો હોય છે તેથી તેવા કે કેળ પ્રમુખના પાનમા પણ ભોજન ન કરવુ અન્ય દર્શનીને ત્યા ખાસ ઉપયોગ રાખવો દિવસ છતા પણ અધારામાં જમવુ નહિ. માટે દિવસે જ્યાં સારૂ અજવાળું આવતું હોય ત્યાં પહોળા સ્વચ્છ વાસણમા ભક્ષ્યાભક્ષ્યનો વિવેક પૂર્વક વિચરા

કરી સ્થિર ચિત્તે તથા પ્રાય મૌનપણેજ ભોજન કરવું. એઠે મોઢે વાત કરવાથી એક તો જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય, બીજું વાતોમાં ધ્યાન જવાથી ભોજનમાં માખી પ્રમુખ ત્રસ જીવ પડવાથી તે જીવનો પ્રાણ જાય, વળી માખી ખાવામાં આવી જાય તો વમન થાય, વળી અન્ન વખાણવું વખોડવું કહેવાથી દોષ લાગે માટે મૌનપણે જમવું; કદાચ બોલવાની જરૂર જણાય તો પાણીથી મુખ શુદ્ધિ કરીને બોલવું. ભોજનમાં કોઇપણ સજીવ કે નિર્જીવનું કલેવર આવી ન જાય તેમ સ્થિરચિત્ત રાખી ચક્ષુવડે બરાબર તપાસ કરી ઉપયોગ પૂર્વક હિત મિત (પથ્ય અને પ્રમાણોપેત) ભોજન કરવું[1] ભોજન કરતી વેળાનું પંચીયું (ધોતીયુ) જુદું હોવું જોઇએ, તથા હાથ પગની શુદ્ધિ કરવી યુક્ત છે, તેમાં પણ જેઓ નિત્ય પ્રભુની પૂજા કરનારા છે તેણે રાખવડે બરાબર હસ્તશુદ્ધિ કરવી; કારણ કે કેસરના ડાઘ હોય કે ઘીવાળા હાથ હોય તેથી જો બરોબર શુદ્ધિ ન થાય તો કેસર કે ઘીનો સૂક્ષ્મ અંશ પેટમાં જવાથી દેવદ્રવ્યના[2] ભક્ષણનો મહા દોષ લાગે, માટે શુદ્ધિ બરાબર કરવી. (પ્રસંગોપાત લખવાનું જે કોઇ વખતે હાથ ધોવામા જે સચિત્ત માટી વપરાય છે તેથી બહુ દોષ લાગે માટે રાખ પ્રમુખ સાધનથી હસ્તશુદ્ધિ કરવી સારી છે.) અગાશીમાં

---

૧ આપણા દેશમાં જે ભેગા બેસીને જમવાની પ્રવૃત્તિ છે તે યુક્ત નથી કેમકે કોઇને રોગાદિ ખસ, ખરજ, ગુમડાદિ હોય તેથી ભેગા જમનારને ચેપ લાગે વળી એક બીજાનુ એઠું ખાવુ તે પણ ઠીક નથી એઠવાડ ઘણો વધી પડે, જીવોત્પત્તિ બહુ થાય વગેરે ઘણા દોષો છે

૨ દેવદ્રવ્ય જ્ઞાનદ્રવ્ય પ્રમુખનુ ભક્ષણ કરનારનુ અન્ન પાણી કદિ લેવુ નહિ.

કે માથે ઢાંકણુ ન હોય તેવા ઉઘાડા સ્થાનમાં પણુ આહાર ક-રવો નહિ. ઘી, ગોળ, દૂધ, દહિં, છાશ, દાળ, શાક, પાણી પ્રમુખના ભાજન મુદ્દલ ક્ષણવાર પણુ ઉઘાડા ન મૂકવાં. શ્રાવકે પ્રથમ તો જોઈએ તે કરતાં ઓછુંજ ભોજન લેવું અથવા જરુર જેટલુંજ લેવું અને એઠું મુદ્દલ ન મૂકતાં થાળી વાટકા પ્રમુખ ધોઇને પીઇ જવાં જોઈએ; થાળી ધોઇને પીવાથી આયંબીલનું ફળ મળે છે. આવી રીતે નિત્ય પ્રથમ શુદ્ધમાન આંહાર[૧] નિગ્રંથ મુનિમહારાજને વહોરાવ્યા બાદ ઉપયોગ પૂર્વક ભોજન કરવાથી તે અમૃત સમાન ફળ આપે, નહિતર તેના વિષસમાન ફળો અવશ્ય ચાખવાં પડે, તે નિઃસંદેહ જાણવું. એમ સર્દ્હિ ભવ્ય બંધુઓ ! અષ્ટપ્રવચન માતાને હૃદયમાં સ્થાન આપી આ મનુષ્ય જન્મનું સાર્થક કરો ! જેથી અષ્ટકર્મનું વિદારણુ કરી અલ્પ ભવોમાં શિવ-સંપદા-સુખડાં પામીએ !

---

૧ શુદ્ધમાન આહારમા પ્રથમ તો ન્યાયોપાર્જિત દ્રવ્યનુ ભોજન જોઇએ. અન્યાયથી મેળવેલ ધનનો આહાર તુચ્છ છે તેથી નીતિને ન્યાય પૂર્વક વ્યાપારાદિકમાંથી મેળવેનુ ધન હોય તેનુજ ઉત્તમ અને શુદ્ધ ભોજન છે, તેવો તથા શ્રાવકથી લાગતા દોષો ટાળીને જે નિર્દોષ આહાર વહોરાવવો તેજ શુદ્ધમાન આહાર છે. તેવીજ રીતે ન્યાયોપાર્જિત અલ્પ મૂડીમા પુણિયા શ્રાવક એક દિવસ પોતે ઉપવાસ કરતા અને બીજે દિવસ તેની સ્ત્રી ઉપવાસ કરતી અને તેમ કરીને દરરોજ એક સાધર્મી ભાઇની ભક્તિ કરતા હતા. આપણે પણ તેવીજ રીતે ન્યાયપૂર્વક દ્રવ્ય મેળવવુ ઉચિત છે. નહિતર કુડકપટ કરી અન્યાય માર્ગેથી મેળવેલ દ્રવ્ય અહીં મૂકીજઇ હાય દ્રવ્ય ! હાય દ્રવ્ય ! કરતા મૃત્યુ પામી તેના ફળ ભોગવવા પડશે અન્યાય અનીતિ જયાં ત્યાં સર્વત્ર પ્રસરી રહી છે. કોઇ વિરલા ન્યાયમાર્ગે ચાલનારા હશે તેનુ અનુ-કરણુ થાય તો ઉત્તમ છે.

જમેલાં એઠાં તથા રસોઇનાં ભાજનો કલાકોના કલાકો પડયા રહેવાથી તેમાં ત્રસ જીવો પડી તેના પ્રિય પ્રાણ ખુવે છે તથા એઠાં વાસણોમાં બે ઘડી લગભગમાં સંમૂછિમ જીવોની ઉત્પત્તિ થાય છે જેથી તુરતજ ઉટકી નાંખવા કે નોકર પાસે ઉટકાવવાં. પાણી ગળાવવું, ચૂલો સંધ્રુકવો, શાકપાન સમારવું, ઇંધણ (લાકડાં) છાણાં પુંજવા વગેરે કામ નોકર કે રસોયાને વિશ્વાસે મૂકવાથી અનેક જીવોની નિત્ય હાનિ થઇ જાય તેથી ગૃહિણી (સ્ત્રી)એ જાતે જે કરવા જેવું હોય તે બની શકે તો પ્રમાદ મૂકી પોતે કરવું અને જે નોકર પાસે કરાવવું હોય તે પણ બને ત્યાં સુધી પાસે ઉભા રહી જયણા પૂર્વક કરાવવું અને નોકરોને પણ શિખામણ આપી જેમ યત્નાથી પ્રવર્તાય તેમજ વર્તવુ ઉચિત છે. સુજ્ઞેષુ કિંબહુના ?

" સુજ્ઞ બ્હેનોને ખાસ ધ્યાનમા લેવાજોગ સૂચનાઓ. "

જેમ રાજ્યમાં મંત્રીનું પ્રધાનપણું છે, તેમ ગૃહ મધ્યે સ્ત્રીનું પ્રધાનપણું છે; અને તેથી સ્ત્રીઓએ આ " અભક્ષ્ય અનંતકાય " નું વર્ણન મનનપૂર્વક વાંચવા-વર્તવાની આવશ્યકતા છે. સુજ્ઞ શ્રાવિકાઓ ! તમેજ ગૃહરુપી રાજ્ય સુધારવા ધારી શકો તો બને, નહિતર પુરુષથી બનવું મુશ્કેલ છે, કેમકે પુરૂષ આખો દિવસ તેના વ્યાપાર ધંધાથી વીંટાયેલોજ પ્રાય હોય તેથી નીચે લખેલ સૂચનાઓ ધ્યાનમાં લઇ તે પ્રમાણે વર્તન રાખશો તો તમે સ્વ તથા પરના કલ્યાણના કારણિક થશો.

૧. સૂર્યના કિરણ ફુટયાં પહેલાં ચૂલાનો આરંભ કરવો નહિ. પ્રથમ સર્વ જગ્યાએથી કાજો લીધા બાદ તમામ કામનો આરંભ કરવો.

૨. સવારમાં પહેલાં પુજણીથી દરરોજ દરેક ઠામ-વાસણ ચૂલો વગેરે યત્નાથી પુંજવાં અને તે જીવોને કોરી જગ્યાએ મૂકવા કે જ્યાં મનુષ્ય જનાવર પ્રમુખની હાલચાલ ન હોય. લાકડાં, [1]છાણાં, કોયલા, સગડી વગેરે રસોઇનાં સાધનો બરોબર પુંજયા પછી ઉપયોગમા લેવા, તેમાં પણ ચોમાસાની ઋતુમાં બે ત્રણ વખત ખૂબ સંભાળથી પુંજવાં કારણ કે ચોમાસામાં જીવની બહુ ઉત્પત્તિ થાય છે. લાકડામાં કોઇ જાતમાં અંદર મોટા જીવ થાય છે જે અંદરથી લાકડું કોરી કોરીને લોટ જેવો ભુકો કાઢે છે. તો તે ઉપરથી લાકડામાં તેવા જીવની ઉત્પાત્ત છે એમ જરૂર જાણવું. વળી તે ખંખેરતાં કરતાં પણ નીકળી શકતા નથી અને તેથી તે જીવો અગ્નિમાં બળી ભસ્મ થાય છે, તો તેવાં લાકડાં એકકોરે મુકીદેવા અને તે બાબત બહુ ઉપયોગ રાખવો.

૪ રસોડાના ઠામ વાસણ તથા મશાલો, ઘી, તેલ, દૂધ, દહિં, રોટલા, રોટલીના તથા પાણી એઠવાડ વગેરેનાં વાસણો ઉઘાડા મુદ્દલ રાખવાં નહિ. એઠવાડ બે ઘડી પહેલા જાનવરને પાઇ દેવો' કે તાપ પડતો હોય તેવી જગ્યામા છાટી દેવો વગેરે યોગ્ય વ્યવસ્થા કરવી, નહિતર તેમા અસંખ્ય સમૂર્ચ્છિમ જીવ ઉપજે.

૫. મીઠું, મરચું, વગેરે મશાલો રાખવાના વાટલા (લાકડાના ખાનાં વાળા) બહુ સ્વચ્છ રાખવા અને વાટલાઓમા રાખવા કરતાં પણ મજબૂત બુચવાળી શીશીઓમા રાખવા યુક્ત છે કારણકે ચોમાસામા હવા લાગવાથી મરચામા તદ્વર્ણી લાલ સૂક્ષ્મ ઇયળો પડે છે તથા કુંથુંઆ, લીલફુગ પ્રમુખ થાય છે

---

૧ છાણા ભાગી નાખીને વાપરવા, ચોમાસામા છાણા કે નાળીયેરીના છાલાં બાળવા નહિ કેમકે તેમા બહુ ત્રસ જીવો થઇ જાય છે.

અને વાટલાઓમાં ત્રસ જીવ પણ ચડી જાય છે; જે પૂછી રસો-ઇમાં ઉતાવળે જોયા તપાસ્યા વગર વાપરવાથી આવા પ્રાણી-ઓનો વિનાશ થઇ જાય છે. મશાલા દાળ શાકમાં, સાકર ચીની પ્રમુખ ચા દૂધમાં, ઘી તેલ પ્રમુખ દાળ શાક કે રોટલીમાં વાપરતાં પહેલાં ખૂબ બારિકીથી તપાસ કરવો કે તેમાં સજીવ કે નિર્જીવનું કલેવર તો નથી; નહિતર અલ્પ પ્રમાદે મોટો અનર્થ અહર્નિશ થાય છે.

૬. સાંજે સૂર્યાસ્ત પહેલાં ચૂલો ઠારી નાખવો તે પણ સચિત્ત (કાચું) પાણી છાટીને ઠારવો નહિ, કારણ તેથી અગ્નિ તથા પાણીના જીવોને અતિતીવ્ર કિલામના થઇ તેનો નાશ થાય છે. વાશી મુદ્દલ ન રાખવુ; નાનાં છોકરાંઓ હોય તો સવારમાં તાજું કરી આપવુ, જેથી શારીરિક અને ધાર્મિક એમ બે મોટા લાભ છે. નાના બચ્ચાઓને પ્રથમથીજ અભક્ષ્ય–અનંતકાય માટે ઉપદેશ કરતા રહેવુ જેથી તેઓ મોટી ઉમ્મરે તેવી ચીજોથી દૂર રહે. કુમળી ડાળી જેમ વાળવી હોય તેમ વળી શકે છે પણ તેજ થડ થઇ ગયા પછી વળે નહિ, તેથી શિશુવયના બાળકોનો સ્વાર્થ સુધારવો કે બગાડવો, તે તેની માતા ઉપર વિશેષ આધાર રાખે છે.

૭. જો તમે શ્રીમંત હશો તો તે પણ પુર્વ પુન્યના ઉ-દયથીજ છો, તો નોકર વગેરેને હુકમ કરી જે કામ કરાવવું તેમાં વિશેષ વિચાર કરવો જે કાર્ય પોતાથી જયણાથી થાય તે નોકર કદિપણ ન કરી શકે. નોકરને શાક સમારવા આપ્યું હોય તો શાકની સાથે બીજા જીવોનું પણ છેદન કરી નાંખે, પાણી ગળે તે પણ ઘડા વિનાનું તથા તેનો સંખારો નીચે

નાંખી દે કે ખારા પાણીનો સંખારો મીઠા પાણીમાં નાંખી આવે કે મીઠા પાણીનો સંખારો ખારા પાણીમાં નાંખી આવે, પાણીના એઠા વાસણ ગોળામાં બોળે; વળી તમે નોકર ઉપર વિશ્વાસ મુકી તમારા જમેલા એઠા વાસણો એમને એમ મૂકી હીંડોળા ઉપર કે સુખશય્યામાં આરામ કરો, પછવાડે બે કલાક સુધી તે વાસણો પડ્યા રહે અને તેમાં ધબોધબ જીવો પડી તરફડીયાં મારી પ્રાણ છોડે, ખરી રીતે શ્રાવકનો એજ ધર્મ છે કે થાળી વગેરે ધોઇને પીઇ જવુ જોઇએ, કારણ તેમાં બે ઘડીમાં અસંખ્ય જીવ ઉપજે; વળી પ્રમાદને લીધે પાણીયારા આગળ ગોળાની આસપાસ લીલ પણ થઇ જાય, આવા અનેક દોષો આપણા પ્રમાદથી થાય છે. જો તમારાથી આવુ કામ થવું અશકય હોય તો નોકર પાસે ઉભા રહી યત્નાથી કરાવવું તે પણ યોગ્ય છે; નહિતર પુણ્યરૂપી મુડી વ્યાજ સુદ્ધાં ખાઇ જાના, ત્યારે પરભવે કયાંથી સુખો મળશે. અજરામર સુખ લેવાનો અવસર આવ્યો છે છતાં શામાટે વિષય–કષાયને વિકથામાં ગરકાવ થઇ જાઓ છો ! પ્રમાદ મૂકો અને મનુષ્યજન્મનું સાર્થક કરો ! દુષ્ટ પ્રમાદજ દુર્ગતિને વિષે લઇ જવામાં મોટો તસ્કર સમાન છે, જેથી ચેતો !

૮ ચાર મહા વિગઇનો અવશ્ય ત્યાગ કરો; આઇસક્રીમ અરક્ વિગેરે ઉપરથી મમતા છોડો, તમારા બાળકોને અફીણ (બાળા ગોળી) ના વ્યસન છોડાવો; કાચી માટી, કાચાં મિઠાનો ત્યાગ કરો–પ્રમાદ મૂકી અચિત્ત મિઠું તૈયાર કરી વાપરો; રાત્રિભોજનનો તમે ત્યાગ કરો જેથી તમારા પુત્ર વગેરે તમારૂં અનુકરણ કરે, તલ, ખસખસનો ત્યાગ કરો, બોળ અથાણા વ-

ગેરેનાં સ્વાદ મૂકો-મૂકાવો (યથાર્થ રીતે જોતાં સ્ત્રીઓજ આવી અનેક ચીજો વિચિત્ર પ્રકારે બનાવી પુરૂષોને રસઇંદ્રિયને આધીન કરે છે), વિદલનો ખાસ ઉપયોગ રાખો કારણ કે તેમાં તમારૂં પ્રધાનપણું છે, કદાચ પુરૂષ વિરતિવંત ન હોય તોપણ તમે તેને આવા દોષમાંથી અટકાવી શકો છો; વેગણ (રીંગણાં) પ્રમુખ શાકનો ભડથો કરવાનો ત્યાગ કરો; ચણીબોર ખાવાનો ત્યાગ કરો; વિકથાનો પણ ત્યાગ કરો " ક્ષણ લાખેણો જાય " જરા વિચારો, ધર્મકાર્યમાં પ્રવૃત્ત થાવ; ચલિત રસ, વાશી માટે બહુ ઉપયોગ રાખો, લોટ, મુરબ્બો, અથાણાં, સેવ, વડી, પાપડ પ્રમુખ, વિગેરે માટે લખેલી હકીકત ખાસ ધ્યાનમાં લીયો ને તે પ્રમાણે વર્તો તથા જેને ઉપયોગ ન હોય તેને નમ્રતાથી કહો-શીખવો. અનંતકાયનો ત્યાગ કરો; આ મનુષ્ય જન્મ સફળ કરવા માટે લીલી હળદર-આદુ, લસણ વગેરે ગમે તે રોગ છતાં પણ મૂકો; આપણો અનાદિનો કર્મરૂપી રોગ ટળશે ત્યારેજ ખરૂં શાશ્વતસુખ પામશું; ફાગણ ચોમાસું બેઠા પહેલાં તેલ આઠ માસ માટે સારા ઠામમાં ભરાવી રાખો; અશાડ ચોમાસામાં ખાંડ, કાજુ, બદામ, પસ્તા, દ્રાક્ષ વગેરેનો ઉપયોગ બંધ કરો; સુકવણી અશાડ ચોમાસા પહેલાં વાપરી નાંખો અને ત્યારથી કાર્તિક ચોમાસા પર્યંત તેનો ત્યાગ કરો, લીલો વાંસ, બીલી, બીલાં, કેરડાં, નાગરવેલના પાનને જલાજલિ આપો; પરદેશી મેંદો, પરસુદીનો લોટ કે રવો બજારમાંથી મંગાવવો બંધ કરો, ભલે જરા તસ્દી લેજો પણ તેથી અનેક જીવોનો આશીર્વાદ મળશે. પાણી ઘીની માફક વાપરો અને મજબુત ગરણાં વતી દિવસમાં બે ત્રણ વખત ગળવા શ્રમ ઉઠાવશો તો પરભવે

પસીનાનાં ટીપાં નહિ પડે અર્થાત્ સુખી થશો ને અનુક્રમે શિવ સંપદાને પણ પામશો. વિશેષ તો તમારા પ્રધાનપણામાં તમેજ વાકેફ હો, તેથી દરેક કાર્ય ઉપયોગ, વિવેક, જયણા પૂર્વક કરો.

૯. તિથીને દિવસે દળવું, ખાંડવુ, ભરડવુ, ધોવું, માથું ગુંથવુ, ન્હાવું, છાણ લેવા જવું, ગાર કરવી વિગેરે કરવું કરાવવું અનુમોદવું નહિ, તથા ત્રણ ચોમાસાની, બે આંબેલની ઓળીની તથા પર્યુષણ પર્વની, એમ છ અઠ્ઠાઇમાં ઉપર મુજબના કોઇ પણ આરંભ ત્રિયોગે (મન, વચન, કાયાએ) કરવા નહિ.

૧૦. **મિથ્યાત્વ લૌકિક પર્વ**-જેમકે દિવાસો, રક્ષાબંધન, શ્રાદ્ધ, નોરતાં, હુતાશની, સંક્રાત, ગણેશચોથ, નાગપાંચમ, રાંધણછઠ, શીલસાતમ (વાશી ખાવું), ગોકળઆઠમ, નોલીનવમી, ભીમઅગીઆરશી, અહવાદશમી, ધનતેરશી, અનંતચૌદશ, અમાવાસ્યા, સોમપ્રદોશ, સોમવતી, બુદ્ધાષ્ટમી, દશેરા, તાબુત, બકરી ઇદ પ્રમુખ પર્વો મિથ્યાત્વના હેતુ તથા અનર્થ કારક છે તેથી તેનો ત્યાગ કરો; આપણે દુધપાક, બાસુદી, લાડુ વગેરે કરીને ખાવાના કયા બીજા દિવસો નથી કે તેજ દિવસે ખાવું કે ઉત્તેજન આપવું ? આવા મિથ્યા આચરણનો ત્યાગ કરી આપણો આચાર શુ છે તે જાણવા-પાળવા ઉજમાળ થાઓ ! ધન્ય છે સુલસા શ્રાવિકાને કે જેનું સમ્યકત્વ અત્યત દ્રઢ હતું જેથી તે શ્રાવિકા આવતી ચોવીસીમા આ ભરતક્ષેત્રમાં પદરમા **શ્રી નિર્મમ** નામના તીર્થંકર થશે.

૧૧. **રડવા કૂટવાના ચાલ**, દશા, અગ્યારમું, બારમું, તેરમું, દાડો, વાસ્તુ, અધરણી, શ્રાદ્ધ, બાળલગ્ન વિગેરે હાનિકારક રિવાજો હવે પડતા મૂકો ! તેથી ફાયદો તો લગારે નથી અને નુકશાન તો પારાવાર થાય છે.

સુજ્ઞ બ્હેનો ! ઉપરની સૂચનાઓ વાંચી વિચારી તે મુજબ વર્તવા ઉજમાળ થશો તો અવશ્ય આપણો સારો ઉદય થશેજ.

ચૌદ સ્થાનકને વીષે ઉપજતા સંમૂર્છિમ મનુષ્ય પંચેંદ્રિય જીવની પ્રમાદ દોષથી સેવાતી હિંસા—તે સંબંધી કરેલો ઉલ્લેખ સમજી વિચારી જેમ બને તેમ ઉપયોગ રાખી તે દોષમાથી મુક્ત થવા માટે યથાશક્તિ વીર્ય ફોરવવું.

૧. જેઓ નાના ગામમાં રહે છે અથવા જેઓને નજીકમાં નદી, તળાવ, દરીયા કિનારો, જંગલ, ક્ષેત્ર, છુટી વાડ વિગેરે ભૂમિઓ હોય તેઓએ જયાં સુધી બને ત્યાં સુધી તેવા સ્થાનકોને વિષે ઝાડા (વડીનીતિ) અર્થે જવું. કેમજે બંધેજ પાયખાનામાં જાય છે ત્યાં પ્રકાશની ખામી, હવાનો અભાવ, દુર્ગંધીના કારણો વિગેરેથી શારીરિક આરોગ્યતાને નુકશાન થાય છે તથા ધાર્મિક રીને તપાસતાં ત્યાં કીડા વગેરે અગણિત જીવોની ઉત્પત્તિ વિનાશ તથા અસંખ્ય સંમૂર્છિમ મનુષ્યપંચેંદ્રિયજીવોની ઉત્પત્તિ વિનાશ થાય છે કોઇ તેવા રોગીના ઝાડા પેશાબપર લઘુનીતિ, વડીનીતિ કરવાથી ભયંકર રોગપણ લાગુ પડી જાય છે. સાથળના મૂળ વગેરેમાં ધાધરના રોગ ઘણાને લાગુ પડે છે. તે વગેરે અનેક શારીરિક અને ધાર્મિક નુકશાન ન થવાને અર્થે છુટમાં જવું તે બહેતર છે. તે પણ કોરી જગ્યાએ જયાં કીડી પ્રમુખનાં દર (સ્થાનો) ન હોય. લીલોતરી, કાદવ, ભેજવાળી જગ્યા ન હોય તેવી ભૂમિને વીષે જવું. તેથી શારીરિક તંદુરસ્તી સારી રહે છે, તથા અનેક જીવોની દયા પળે છે, માટે તે બાબત ખાસ ઉપયોગ રાખવો.

૨. લઘુનીતિ (પેશાબ) કરવો, તે પણ છુટમાં કોરી જ-

ગ્યામાં કે જ્યાં તુરતમાં સુકાઇ જાય ત્યાં કરવો યુક્ત છે. પે-શાબ ઉપર પેશાબ કરવાથી શારીરિક પ્રત્યક્ષ નુકશાન છે. મોરી, ગટર વગેરેમાં પેશાબ કરવાથી અસંખ્ય સંમૂર્છિમ મનુષ્ય પંચેંદ્રિય જીવો તથા કીડા પ્રમુખ ત્રસ જીવોની ઉત્પત્તિ વિનાશ થાય છે, તેથી તેવાં સ્થાનો વર્જવાં. શાસ્ત્રમાં મોરી વગેરે સ્થાનકે પેશાબ કરનારને છઠ્ઠ એટલે બે ઉપવાસનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે ત્યારે પાયખાનામાં ઝાડો પ્રમુખ કરનારને કેટલો બધો દોષ લાગે ? જેથી લઘુનીતિ (પેશાબ), વડીનીતિ (ઝાડો) છુટમાં કોરી જગ્યાએ જ્યાં સૂર્યનો પ્રકાશ પડે ત્યાં કરવા ઉચિત છે.

૩. મુખમાંથી બળખો નાંખતાં, નાકમાંથી લીંટ કાઢતાં, થુંકતાં, વમન (ઉલટી) થતાં, કાનનો મેલ, પરૂ પરઠવતાં યા શરીરના કોઇપણ ભાગમાંથી લોહી, રસી, પ્રમુખ પરઠવતાં, નિ-ર્જીવ સ્થાનકે જ્યાં તરત સુકાઇ જાય, દિવસ હોય તો સૂર્યનો પ્રકાશ પડે, તેવા સ્થાને ઘરથી દુર જઈ પરઠવીને તેના ઉપર રાખ બરાબર નાંખવી. આ બાબતનો ઉપયોગ વિવેકી ધર્મા-ત્માએ જરૂર કરવો યુક્ત છે. વળી આ પ્રમાણે ઉપયોગ ધારે સો દરેક સમજુ માણસ કરી શકે તેમ છે. તેમ ન વર્તતાં અજ-યણાએ પરઠવવાથી તેમાં અસંખ્ય સંમૂર્છિમ પચેંદ્રિય જીવોની ઉત્પત્તિ વિનાશ થાય છે. વળી માંખી, કીડી, મંકોડા પ્રમુખ જીવો તેને ખાવાનો પદાર્થ સમજી ચોટે છે અને તેનો સ્પર્શ થતાં તેની પાખ, અંગ પ્રમુખ બળખા, લીંટ, પ્રમુખની ચીકાશને લીધે ચોટી જવાથી આવા અનેક ત્રસ જીવો પ્રાણ ખુવે છે વગેરે ઘણા દોષો થાય છે તેથી કોરી જગ્યાએ પરઠવીને તુરતજ રાખથી ઢાંકી દેવું. નહીંતર ફક્ત અંતર્મુહૂર્તના કાળમાં

(કાચી બે ઘડીની અંદર) તેમાં સમૂર્છિમ પંચેંદ્રિય જીવો ઉપજે છે, જેથી આ બાબત વિવેકી શ્રાવકે દયાના કોમળ પરિણામ રાખી ઉપયોગ રાખવો જોઇએ.

૪. શરીરે અભ્યંગ (તેલ મર્દન–પીઠી ચોળવી) કરીને સ્નાન કરવું યા તે વગર ફક્ત સ્નાન કરવું હોય તો મોરી, ખાળ વગેરેમાં સ્નાન ન કરવું. કેમકે તે પાણીમાં શરીરના મેલ વગેરેને લીધે તે પાણી જેમને તેમ રહેવાથી અસંખ્ય સંમૂછિમ જીવો ઉત્પન્ન થાય તથા ઘણો વખત યા દીવસો સુધી તે પાણી એક જગ્યામાં રહેવાથી તેમાં બીજા પણ અનેક ત્રસ જીવાદિની ઉત્પત્તિ વિનાશ થાય છે. તેથી જ્યારે સ્નાન કરવું હોય ત્યારે નિર્જીવ જગ્યાએ રેતી પ્રમુખ હોય તેવા સ્થાને, જ્યાં સૂર્યના પ્રકાશથી તુરતમાં સુકાય જાય ત્યાં સ્નાન કરવું ઉચિત છે. વળી શ્રાવકે નદી, તળાવ, કુંડ પ્રમુખમાં કદી સ્નાન કરવું જોઇએ નહીં, તેથી અનેક જીવોની હિંસા થાય છે. વળી પાણીનું પરિમાણ રહેતું નથી. ચૌદ નિયમવાળા શ્રાવકે તો બનતા સુધી નદી પ્રમુખ જળાશયમા ન્હાવું ન જોઈએ. કેટલીક વખત ઝેરી જંતુથી પ્રાણ ખોવાનો વખત આવે છે. અથવા પાણીમાં મુંઝાઇ જવાથી યા તરતાં ન આવડવાથી યા કોઇ તેવા સ્થાનમા પગ પ્રમુખ ખુંચી જવાથી પ્રાણ જાય છે. વગેરે અનેક દોષો હોવાથી તેવા જળાશયોમાં સ્નાન કરવું નહિં. સ્મશાનાદિ જવાના કારણે ઉપયોગી શ્રાવક ધારે તો પાણી ગળીને સ્નાન કરી શકે છે. શ્રાવક અણગલ પાણીથી સ્નાનાદિ કાંઇ કરી શકે નહીં, ત્યારે જળાશયમાં સ્નાન કરવું–ક્રીડા કરવી તે કેટલા દોષનું કારણ છે? આ બાબત વિશેષ વિવેચન ન કરતાં જે વિષયપર આ લખવું છે

તે માટે એટલે સ્નાન મોરી-ખાલ, જળાશયોમાં ન કરતાં ઉપર કહ્યા મુજબ જયણાપૂર્વક કરવું ઉચિત છે.

એટલું ખાસ ધ્યાન રાખવું જે લઘુનીતિ (પેશાબ), વડીનીતિ (ઝાડો) જિનમંદિરથી જઘન્યપણે સો હાથ દૂર કરવું જોઇએ તેમજ નાકનું લીંટ, બળખો પ્રમુખ જિનમંદિરના કમ્પાઉન્ડમાં નજ નાખવાં જોઇએ. ઘણી જગ્યાએ જિનમંદિર પાસે ઓરડી પ્રમુખમાં સ્નાન કરવાની જગ્યાઓ રાખવામાં આવે છે જે પાણી એકંદર ગટર-મોરીમાં જાય છે વળી ત્યાં સ્નાન કરવાની જગ્યાએ કોગળા કરવા, મોં સાફ કરવું, બળખા લીંટ કાઢવાં, સાબુ પ્રમુખથી ન્હાવું વગેરે અનેક દોષો સેવાય છે. તેથી કરીને તે પ્રમાણે આચરણ કરનારાઓને જાણતા છતાં જેઓ આંખઆડા કાન કરી ચલાવે છે તેઓ પણ તેના જોખમદાર છે. આ માટે જેઓથી બને તેઓએ યથાશક્તિ ઉપાય શોધી તે તે દોષો દૂર કરવા, કરાવવા પ્રયાસ કરવો યુક્ત છે.

૫. શાસ્ત્રમાં કહેલ છે જે એઠું ભોજન મુકવું નહીં. કેમકે તેથી તેમાં અંતર્મુહૂર્તમાં અસંખ્ય સંમૂર્છિમ જીવની ઉત્પત્તિ થાય છે તેથી ખાવાની થાળી ધોઇ પીઈ જવી જોઇએ. આ બાબત મોટી જમણવારો-નાતોમાં બહુ અણઉપયોગ જોવામાં આવે છે. વિરતીવંત તથા બીજા પણ વિવેકી શ્રાવક બંધુઓએ એવે પ્રસંગે ઉપયોગ પૂર્વક જરુર જોઇતું ખાવાપીવાનું લેવું; જેથી એઠું વધવાનો પ્રસંગ ન આવે.

૬. તેવીજ રીતે પાણીના સંબંધમાં પણ સમજવાનું છે. પાણી કાઢવાને માટે જુદોજ લોટો રાખવો જોઈએ. એઠાં ભાજનો પાણીના ગોળામાં બોળવાથી પણ પુર્વોક્ત દોષ લાગે છે તેથી

આ બાબત ખાસ ઉપયોગ રાખવો જોઇએ. કાઠીયાવાડ, ગુજ-રાત પ્રમુખ દેશોમાં આ દોષ વધારે પ્રચલિત છે; તેથી તેઓ વધારે ટીકાપાત્ર થાય છે. હવે તો ત્યાંના ભાઇઓ, બેનોએ કંઇક જાગૃત થઈ વધારે વખત કડવી ટીકાના પાત્ર ન થવાય તેમ ચેતી લેવાની પુરી જરુર છે.

છેવટે સમાપ્તિમાં આ ગ્રંથમાં જે કોઇ મતિ મંદતાથી ઉત્સૂત્રતા આદિ દોષ લાગ્યા હોય તેની ક્ષમા ચાહું છું ઇતિ શમ્.

सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणं ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥ १ ॥

સમાપ્ત.

પરમાર્હત શ્રી કુમારપાળ ભૂપાળના બાર વ્રતની સંક્ષિપ્ત નોંધ.

*લેખક—મુનિ પુણ્યવિજયજી.

કેટલાક શ્રાવકો સ્વ અને પરને એમ બન્નેને ઉપકાર કરવાને સમર્થ છે. એવી રીતે તેઓ બન્ને પ્રકારથી કુમારપાલ ભૂપાલની પેઠે સાર વાળા રત્ન સરિખા હોય છે. અત્રે અંતમાં તે શ્રી કુમારપાળ મહારાજે ગ્રહણ કરેલ સમ્યકત્વમૂલ બાર વ્રતનો સંક્ષેપ સાર લખવામા આવે છે. જયારે એક રાજકાર્યભારનો મોટો વહેવાર ચલાવવા છતાં તેમની વ્રતાદિમાં કેવી ઉત્તમ વૃત્તિ હતી ત્યારે આજકાલના શ્રાવકો જે તે રાજાની અપેક્ષાએ એક અંશ માત્ર ઉપાધિવંત હોઇને કેટલે દરજજે પછાત છે તે તેનું તાદૃશ ખ્યાન વાચવાથી આપણી પ્રમાદ દશા પ્રત્યક્ષ તરી આવશે. તેઓ એક રાજા હોવા છતાં (સુકોમળપણાને અંગે) કેવા દૃઢ ચુસ્ત વ્રતધારી હતા ત વિચારો ! ! !

શ્રીકુમારપાલ રાજા સમકિત મૂળ બાર વ્રતોને ધરનારા હતા; સમ્યકત્વ એ એક અપૂર્વ વસ્તુ છે જે સંસારમાં ભ્રમણ કરતા પ્રાણિને ઘણે પ્રયાસે અને ઘણે કાલે પ્રાપ્ત થઇ શકે છે. એવા સમ્યકત્વ વગરની કરણી લુણ વગરના ધાન્યની જેમ તુચ્છ છે. અઢાર દૂષણ રહિત વીતરાગ જિનેશ્વર પ્રભુ તેજ સુદેવ; પંચમહાવ્રતે યુક્ત, સંવેગ રંગરૂપી તરંગમાં ઝીલવાવાળા, શુદ્ધ પ્રરૂપણાના કરનાર તેજ સુગુરૂ, તથા તીર્થંકર મહારાજે

* આ અભક્ષ્ય અનંતકાયની બુકના કર્તા શ્રી જુનાગઢનિવાસી મિ. પ્રાણલાલ મંગળજીએ દીક્ષા લીધી હતી તેનુ નામ મુનિ પુણ્યવિજયજી હતુ જેમણે આ લેખ લખ્યો છે.

ફરમાવેલ આજ્ઞા પૂર્વક અહિંસામય ધર્મ તેજ સુધર્મ; એ ત્રણ તત્ત્વને સદ્દહનાર તથા પ્રાણાન્તે પણ ચલાયમાન નહિ થનાર એવા સમ્યકત્વધારક કુમારપાલ ત્રિકાલ જિન પૂજા કરતા, અષ્ટમી ચતુર્દશીએ પૌષધોપવાસ કરતા, પારણાને દિવસે દૃષ્ટિએ પડેલા સેંકડો ગમે મનુષ્યોને યથાયોગ્ય આજીવિકા આપી સંતુષ્ટ કરતા, સાથે પૌષધ કરનારાઓને પોતાને ઘેર પારણાં કરાવતા, ધનહીન થયેલ દરેક સાધર્મીને હજાર હજાર સોના મહોરો આપતા, એક વર્ષમાં સાધર્મીઓને ક્રોડ સોના મહોરનું દાન દેતા, એ પ્રમાણે ચૌદ વર્ષોમાં ચૌદ ક્રોડ સુવર્ણ મહોરનું સાધર્મીઓને દાન આપ્યું, અઠાણું લાખ દ્રવ્યનું ઉચિત દાન આપ્યું, બહોંતેર લાખ દ્રવ્ય આપી કરજદારોના લખત ફડાવ્યાં, એકવીશ જ્ઞાન ભંડાર લખાવ્યા, નિત્ય શ્રી ત્રિભુવનપાલવિહારમાં સ્નાત્રોત્સવ કરાવ્યો, શ્રીહેમચંદ્રાચાર્યના ચરણકમલોમાં દ્વાદશાવર્ત્ત વંદન કર્યું, પછી અનુક્રમે સર્વ સાધુઓને વંદન કર્યું, પહેલેથી પૌષધાદિવ્રત લેનાર યોગ્ય શ્રાવકને વંદન તથા માનાદિક આપ્યું, અઢાર દેશોમાં અમારિ પડહ વજડાવ્યો, ન્યાય ઘંટા વગડાવી, બીજા ચૌદ દેશોમાં ધનને બળે તથા મિત્રાઇને બળે જીવ રક્ષા કરાવી, ચારસો ચુંમાલીશ નવા જિન મંદિરો કરાવ્યા, સોળસો જીર્ણોદ્ધાર કરાવ્યા અને સાત તીર્થયાત્રા કરી.

પ્રથમ વ્રત.

પ્રથમ વ્રતને વિષે "મારિ" એવો જો અક્ષર મુખથી બોલાય તોપણ ઉપવાસ કરતા. (જ્યારે આજકાલ ક્રોધાદિને વશ બની મારિ નાંખીશ. મરતો નથી ? મરી જા ! પ્રમુખ અનેક તુચ્છ વાકયો સહેજે બોલાય છે; પણ ભાઇ હસતાં બાંધ્યા કર્મ તે રોતાં પણ

છૂટવાં મુશ્કેલ થશે, જેથી વચન શુદ્ધિનો ખાસ ઉપયોગ રાખવો. ગૃહસ્થોમાં અને ખેદની વાત છે જે મુનિપણું અંગીકાર કર્યા છતાં પણ વચનશુદ્ધિનો અવિવેક જોવામાં આવે છે. પ્રથમ તો ઘરને વિષે ઘરના મુખ્ય માણસે નમ્રતાવાળી ભાષા બોલવી જોઇએ જેથી આસપાસના પુત્ર પુત્રાદિ પણ તેવા વિનયવાન વિવેકી બને અને મુનિને વિષે પણ તેના નાયકોએ આ બાબત સ્વયમેવ ખાસ ઉપયોગ રાખવો અને અન્યને અંકુશથી પણું નિવારવા. પણ જ્યારે સાધુપણું અંગીકાર કરી ભાષાસમિતિનો ઉપયોગ ન રાખે અને સારા ગૃહસ્થને પણ ન છાજે તેવા વચનો જેમ તેમ બોલે તો તે અતિ લજ્જાસ્પદ છે; તો મુનિઓએ તથા શ્રાવકોએ કુમારપાલ મહારાજના પ્રથમ વ્રતના નિયમપરથી ધડો લેવો જોઇએ.)

બીજું વ્રત.

બીજા વ્રતમાં ભૂલ આદિકથી અસત્ય બોલતાં આંબેલાદિ તપ કરતા; (જ્યારે વર્તમાન કલિકાલમાં શ્રાવકો કપાળને વિષે પ્રભુ આજ્ઞારૂપ તિલક (નિશાનિ–ચાંડલો) લાંબું ચોડું કરી વ્યાપારાદિકને વિષે કપટ માયા મૃષાવાદપણે આખા દિવસમાં અનેક વાર અસત્ય બોલે છે તે શું ? માર્ગાનુસારિપણાના પાંત્રીશ ગુણ માંહેલો પ્રથમ ગુણ ન્યાયોપાર્જીત દ્રવ્યથી આજીવિકા કરે એવું પ્રભુનું ફરમાન ભૂલી જાય છે! હજુ સમ્યકત્વ, અણુવ્રત અને દેશ વિરતિપણું તો ઘણું દૂર છે. કેમકે જ્યાં મૂળ (બીજ)નું ઠેકાણું નહિ તો શાખા વૃક્ષ ને ફલ કયાંથી સંભવે ? દુકાનો પર ઘરાકોને ઠગવા તથા પોતાની દુકાન છોડી બીજે માલ ન ખરીદે તે માટે વિશ્વાસ પમાડવા ધર્મના સોગન પણ ખાય અને કહે કે છેવટ આ ભાવ પડશે. અને સોગન ખાધા પછી ન્યૂન કહે ! અરે સાચા

પણ ધર્મના સોગન સમકિતિ પ્રાણિ ખાય નહિ ત્યારે કેવળ પાપી પેટને ભરવા માટે અને જે કુટુંબાદિક નર્ક ગતિને વિષે દીવો દેખાડવાવાળું છે તેના અર્થે આ અતિ ખેદજનક છે કે ધર્મના જુઠા સોગન ખાતાં પણ આ બિચારાઓ લેશ માત્ર ડરતા નથી. વળી કોઇ હિતશિક્ષા દેતાં બચાવ અર્થે કહેશે જે 'સાચું નભતું નથી. સાચું બોલીએ તો બ્હેલા ભુખે મરીયે', આવા વક્ર ઉત્તર દેનારાએ જાણવું જોઇએ કે—હાલ પણ અનેક મોટાં શહેરોમાં ઈંગ્લી-શ ફર્મ—ઇંગ્રેજની દુકાનોમાં તથા કેટલાક પારસીઓ અને વિરલા હિંદુઓ જનો પણ એકજ ભાવ રાખે છે (બોર્ડ ઉપર ફક્ત લખેલ એકજ ભાવ એટલુંજ નહિ પણ નાનાથી મોટા દરેકને માટે એકજ ભાવ લેવો.), જેઓ પોતાની સત્યપણાના વિશ્વાસની છાપને અંગે વ્યાપારમાં ઘણો લાભ પ્રાપ્ત કરે છે; તો સત્ય પ્રતિજ્ઞાવંત થવું. શ્રાવકો જ કુડકપટ અસત્યને વિષે કંઠ પ્રમા-ણમાં ડુબી રહ્યા છે એટલુંજ નહિ પણ જૈન મુનિનું લિંગ—વેશ ધારણ કરી અનેક પ્રકારના કલહ કદાગ્રહ પ્રમુખને વશ બની બીજા વ્રતની મર્યાદાનું ઉલ્લંઘન કરનાર થાય છે ત્યારે હવે પો-કાર કયાં કરવો ? જેને માટે ઉપાધ્યાયજી મહારાજ સવાસો ગાથાની સીમંધર સ્વામિની વિનતિ કરતા પ્રથમ ઢાલમાં સાફ લાવ્યા છે.—

> કલહકારી કદાગ્રહ ભર્યા, સ્થાપતા આપણા બોલરે;
> જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલરે.

તેઓ કહે છે જે—કલહના કરવાવાળા, કલેશમાં રાચીમાચી રહેલા અને કદાગ્રહથી ભરપુર છે તે પોતાના વચનની સ્થાપના કરે છે અને પ્રભુના આપ્ત—સત્ય વચનોને આ વર્તમાન કાળમાં ખુલ્લે છોગે નિડરપણે ઓળવે છે. શું કારણ તે કહે છે—

કેઈ નિજ દોષને ગોપવા, રોપવા કેઈ મતકંદરે;
ધર્મની દેશના પાલટે, સત્ય ભાખે નહિ મંદરે.

કોઈ તો પોતાના વ્રતાદિકને વિષે ખંડના–વિરાધનાના દોષોને સંતાડવા અસત્ય બોલે છે કેમકે સત્ય કહે તો પોતાની કીર્તિનો નાશ થાય, લોકમાં તિરસ્કારને પાત્ર થાય, તેવા ભયથી જુઠું બોલે છે; પણ એક ભૂલને માટે પ્રસંગોપાત અનેકવાર તેવું જુઠું બોલવું પડે છે પણ તે બિચારો કર્મવશાત્ શ્રમણ ભગવંતની માશીની જેમ સત્ય કહી શકતો નથી. તે (ભગવંતની માશી) મહાવીર સ્વામિ પ્રત્યે અનેક વખત દીક્ષા આપવા માટે વિનંતિ કરતી હતી જ્યારે ભગવંત "હજુ યોગ્યતા નથી" તે ઉત્તર આપતા. એકદા સમયે કોઈએ આલોયણ પૂછ્યે છતે ભગવંતે એક માખીની હિંસા માટે જબરી આલોયણ બતાવી ત્યારે તે ભગવંતની માશી પોતાનાં ગુહ્ય પૂર્વે કરેલા પાપને માટે અતિ ભયભ્રાંત થઇ છતી સમવસરણમાં બાર પર્ષદાની વચ્ચે આવી પોતાનું પાપ પ્રગટ કરતી હવી જે હે પ્રભો ! હું પાપીણી કે જેણે માથાના કેશ પ્રમાણ અર્થાત્ અનેક પતિ ભોગવ્યા તે દુર્ભાગિણિની શી ગતિ થશે અને તેની શી આલોયણા (દંડ) ? તેજ વખતે ભગવંતે કહ્યું જે તું તે સર્વ પાપથી (સ્પષ્ટપણે અતિ નિંદા પૂર્વક પાપ પ્રકાશવાથી) મુક્ત છે અને હવે તું દીક્ષાને યોગ્ય થઇ છે. ત્યારે તેણે દીક્ષા લઇ આત્મહિત કર્યું. તેવી રીતે પોતાના ગુહ્ય પાપને સ્પષ્ટ પ્રકાશવા તે તો દૂર રહો પણ ગીતાર્થ સન્મુખ તેનું પ્રાયશ્ચિત લેવું તે પણ દુષ્કર છે. આજથી એંશી ની ચોવીશીને વિષે લક્ષ્મણા સાધ્વીએ સશલ્ય પણે જ્ઞાનિને પ્રાયશ્ચિત્ત પૂછી પચાસ વર્ષ પર્યંત ઘોર તપકર્યો છતાં અનેક દુર્ગતિઓમાં ઘણો કાળ રખડી. આખરે શ્રીપદ્મનાભ તીર્થંકરના સમયમાં નિ શલ્ય થઇ મોક્ષે જશે. ત્યારે

પોતાના દુષ્કૃતો આખા જીવિત પર્યંત ગોપવી અનેક અ-સત્ય વચનો બોલનાર પ્રાણિ પાપોની આલોયણ લીધા વગર કેટલા ભવ પર્યંત ભમશે ? વળી કોઇ પોતાના મતરૂપી વૃક્ષનું કંદ રોપવાને અર્થે ધર્મની દેશના પણ ઉલટ પુલટપણે પ્રકાશે છે અરે ! તે બિચારા અજ્ઞાનિઓ લેશ માત્ર સત્ય વચન ન બોલે ત્યારે તેની શી ગતિ ? અને તેવી સ્થિતિ હોઇને વળી આગળ કહે છે જે-

બહુ મુખે બોલ એમ સાંભળી, નવિ ધરે લોક વિશ્વાસરે;
ઢુંઢતા ધર્મ તેણે થયા, ભ્રમર જીમ કમલની વાસરે.

ઉપર મુજબ જુદે જુદે સ્થળે અસત્ય ઉપદેશ સાંભળીને લોકોનો વિશ્વાસ (આસ્થા) ઉઠી જાય છે અને ભ્રમર જેમ કમલની વાસ લેવાને માટે એક ફુલથી બીજે, બીજેથી ત્રીજે એમ ભમે છે તેમ આ કલિકાલમાં અસત્યવાદિ કુગુરૂઓના ફંદમાં ફસાયેલા પ્રાણીઓ ધર્મને અર્થે ઢુંઢે છે-ભમે છે પણ સત્યધર્મ સદ્દવક્તા પંચ મહાવ્રતના ધોરી એવા સુગુરૂ વગર કયાંથી પામી શકે ? તેથી જૈનલિંગ-વેશને અંગીકાર કરી તે મુજબ યથા-તથ્ય સત્ય વચન પ્રકાશવા ઉદ્યમવંત થવું અને કુમારપાળ મં-હારાજ જ્યારે એક ભૂલવશાત્ સહેજ અસત્ય બોલાતું ત્યારે આંબેલાદિ તપ કરતા, તે તો અણુવ્રત (દેશવિરતિ) ધારી હોઇને કેટલા ભવભીરૂ હતા તો ત્રિવિધે ત્રિવિધે અસત્ય ન બોલવાનું વ્રત ગ્રહણ કરી ઉપર કહેલા કોઇ પણ કારણોને અંગે હલાહલ અસત્ય બોલાય તો કેટલો સંસાર વધે ? તો તેવા શ્રાવકનું પણ દૃષ્ટાંત લઇ સત્ય પ્રકાશવા પોતાની ભુલ સુધારવા મુનિપણું ધારણ કરી સત્ય મુનિપણું બતાવવું યુક્ત

છે તેમજ શ્રાવકે વિશ્વાસઘાત પ્રમુખ દોષો વર્જી ન્યાયોપાર્જીત દ્રવ્ય મેળવવા સત્ય બોલવું તથા ઉપરના દૃષ્ટાંત મુજબ સામાન્ય કારણોમાં પણ કદિ અસત્ય બોલવું નહિ. તેને માટે ઇંગ્રેજીમાં કહેવત છે. કે—

"Speak the truth and speak it ever"

સાચું બોલ અને વળી તે (સત્ય) સદા બોલ.

સત્ય વચનપર શાસ્ત્રમાં અનેક દૃષ્ટાંત છે તેનું મનન કરવું.

ત્રીજું વ્રત

ત્રીજા વ્રતમાં મૃત્યુ પામેલાનું દ્રવ્ય લેતા નહિ. (કલિકાળના મહિમા વડે આજકાલ અન્યાયોપાર્જીત દ્રવ્ય એકઠું કરી સ્વપર આત્માને મલિન કરનારા પ્રાણિઓ અનેક ચોરીનાં પાપાચરણો સેવી પોતાને દુર્ગતિમાં જવાનું સંબલ વહોરે છે. જેવા કે વ્યાપાર નોકરી પ્રમુખમાં કૂડાં તોલ, કૂડાં માપ, સારા નરતા માલમાં સેળભેળ, વસ્તુ લઇને પાછી આપવી નહિ, એકના આઠ દશ ગણા દામ કરવા, કુડા લેખ લખવા, લાંચ લેવી–દેવી, ઘરાકને છેતરવા, સારો માલ બતાવી હલકો આપવો, ચોરાઈ વસ્તુ લેવી, દાણચોરી કરવી, જકાત ન આપવી, કોઇ ચીજ શેઠની લાવતાં યા કોઈ કાર્ય પ્રમુખે મોકલતાં ચોરી કરવી, હાથ ચાલાકી કરી ભય દેખાડી અન્યને ઠગવું, ખીસા કાતરવા, હિસાબમાં ઠગવું, ભૂમિપર પડેલી વસ્તુ ઉપાડી લેવી અને જેની હોય તેને ન આપતા યા જાહેરમાં ન મૂકતાં પચાવી પાડવી, તાળું ઉઘાડી ગાંઠ છોડી ચોરી કરવી, રેલવેની મુસાફરીમાં લગેજ ટીકીટ પ્રમુખની અનેક ચોરી અને વિશ્વાસઘાત વિગેરે અનેક ચોરીના ભેદો છે તે આચરવાં, જે અતિ નિંદ્ય છે. આલોક તથા

પરલોકમાં અતિ દુઃખનું કારણ છે તેથી તેવાં અકૃત્યો સર્વથા વર્જવા. કહેલું છે કે "વિવિધ પ્રકારના ઉપાય અને છળ પ્રપંચ કરીને જે બીજાઓને ઠગે છે તે મહા મોહનો મિત્ર બનીને પોતેજ સ્વર્ગ અને મોક્ષના સુખથી ઠગાય છે." ઉપર લખેલાં નહિ કરવા યોગ્ય અકૃત્યો–ચોરીનો ત્યાગ કરવાથી નિર્વાહ થાય નહિ એમ સમજવું નહિ કેમકે નિર્વાહ તો પોતાના પુણ્યને ઉદ્યમથીજ થાય છે. "Honesty is the best policy" પ્રમાણિકપણું તે ઉત્તમ માર્ગ છે. જેના ઉપર હેલાક શ્રેષ્ઠીનું દૃષ્ટાંત વિચારવું કે જે પ્રથમ અન્યાયથી વ્યાપાર કરતા હતા. એક વખત પુત્રની વહુએ કહ્યું કે સસરાજી! તમને અસત્ય વ્યાપાર કરવો યોગ્ય નથી. શેઠે કહ્યું શું કરીએ આ સંસાર એવો જ છે. ત્યારે વહુએ કહ્યુ જે વ્યવહારશુદ્ધિ સર્વ પ્રકારના અર્થ સાધન કરવા સમર્થ છે, તો છ માસ તમે ન્યાયથી વ્યાપાર કરી જુઓ. તે વાત શેઠે માન્ય કરી અને તેમ કરવાથી ગ્રાહકની વૃદ્ધિ થઈ, માલ ઘણો ખપવા લાગ્યો અને છ માસિક હિસાબ કરવાથી એક પલ પ્રમાણ (અઢી તોલા) સુવર્ણનો લાભ થયો. તે વાત પુત્ર વધુને કહેવાથી તેણીએ કહ્યું કે આ ન્યાયોપાર્જીત વિત્તથી કોઈ પણ પ્રકારે હાનિ થાયજ નહિ, એ વાત સાંભળી શેઠે અજાયબ થઇ તે સોના ઉપર લોખંડ જડાવીને તેનું એક શેર તોળવાનું કાટલું કર્યું, તેના ઉપર પોતાના નામની મહોર છાપ મારીને દુકાનમાં તોળવા માટે તે શેર રાખ્યો. તે જેમ તેમ દુકાનમાં રખડતો પડયો રહે તો પણ તેને લઇ જવાની કોઈની બુદ્ધિ થઇ નહિ પછી એ શેરની પરીક્ષા માટે શેઠે તેને એક નાના તળાવમાં નાખી દીધો. બનવા કાળથી તેને એક મત્સ્યે

તેના પર ચીકાશ વિગેરે હોવાથી ગળી લીધો અને થોડાજ વખતમાં તે મત્સ્યને માછીએ પકડી તેને ચીરતા પેટમાંથી શેરીઓ નીકળ્યો તેનાપર હેલાક શેઠનું નામ હોવાથી તે શેઠની દુકાને પાછો આપી ગયો. આથી શેઠને પ્રતિતિ પૂર્ણ થઇ અને "સત્યતાથીજ વેપાર ચલાવવો" એવો નિશ્ચય કર્યો. તેમ કરવાથી અતિ લાભ થયો, મોટો શ્રીમંત વળી રાજમાન્ય થયો, ઉત્તમ શ્રાવકના વ્રત પાળનારો અને સર્વ લોકોમાં પ્રખ્યાત થયો કે આ સત્યજ વેપાર કરે છે. તેનું દૃષ્ટાંત લઇ ઘણા લોકો સત્ય વેપાર કરવાને આદરવંત થયા અને વળી એથી પણ એની એટલી બધી અધિકતા થઇ કે તે હેલાક શેઠનું જે કોઇ નામ દે તેનું ચહાય તેવુ વિઘ્ન દૂર થઇ જાય; એવો સર્વ લોકને નિર્ણય થયો. જેનું નામ હજી સુધી ચાલુજ દેખાય છે. સમુદ્રમાં હોડી–વહાણુ હાંકનાર ખલાસીઓ હલેસાં પાણીમાં ચલાવતાં "હેલાશાહ હેલાશાહ" એવો શબ્દ બોલે છે. તેઓ જેમ તે શેઠના પ્રમાણિકપણાને પ્રભાવે મહા સમુદ્ર ઉલંઘી જાય છે તેમ જે ભવ્યો નીતિ ન્યાયથી વ્યાપાર નોકરી વગેરે કરી માર્ગાનુસારીપણાનો પ્રથમ ગુણ ન્યાયોપાર્જીત વૈભવનું સેવન કરે છે તે અનુક્રમે સમ્યકત્વ, દેશવિરતિ અને સર્વ વિરતિના અધિકારી થઇ સંસારરૂપી મહાસમુદ્રનો પાર પામી નિર્વાણપદને પામે છે.

શ્રાવકોએ ન્યાયોપાર્જીત દ્રવ્યથી આજીવિકા કરવાનો ખાસ ખ્યાલ રાખવો જોઇએ. વળી મુનિઓએ આ બિચારા મુગ્ધ કર્માદાન પ્રમુખના આરંભમય તથા અન્યાય પૂર્વક દ્રવ્ય મેળવનારા શ્રાવકોને પ્રથમ તેજ ઉપદેશ અવાર નવાર આપવાની જરૂર છે. કેમકે જેવા દ્રવ્યનો આહાર તેવો ઓડકાર

તેમજ તેવા અન્યાયથી દ્રવ્ય પ્રાપ્ત કરી તે મુનિઓને આહાર, પાણી (દાનાદિ) વહોરાવે ત્યારે તેમની પણ મન શુદ્ધિ ક્યાંથી થાય ? અન્યોઅન્ય ફરજ બજાવવી યુક્ત છે. પૂર્વે પણ સાંભળીયે છીયે, કે એક શ્રેષ્ઠિએ મંદિરમાંથી દેવે મુકેલ સુગંધી ચોખાને બદલે તેનાથી વિશેષ ગુણા ચોખા મૂકી તે ચોખાની ખીર કરી એક મુનિને વહોરાવવાથી તેમને પ્રબળ પ્રમત્ત ભાવ થયો. તેનું કારણ તપાસતાં પૂર્વોક્ત અન્યાય માલુમ પડયો. બાદ તે મુનિને સર્વ આહારનું વમનાદિ કરાવી શુદ્ધિમાં આણ્યા. આ ઉપરથી અન્યાયથી પ્રાપ્ત કરેલ દ્રવ્ય શ્રાવકોને તેમજ મુનિઓને પણ તે અશુદ્ધતાનું કારણ હોઇ કેટલું અનર્થકારક છે તેથી પ્રથમ જ ન્યાયોપાર્જીત દ્રવ્યથી આજીવિકા કરવાનું દ્રઢ ધ્યાન રાખવું. મુનિઓ પણ સ્વવર્તનમા કટિબદ્ધ થઇ નિસ્પૃહપણે ઉપદેશ આપવા ઉદ્યમવંત થાય તો આ પ્રકારે અનીતિ અને અન્યાયે પ્રાપ્ત કરાતી આજીવિકામાંથી શ્રાવકોને મુક્ત કરી શકે. ક્યારે એવો ઉત્તમ સોનેરી અવસર આવશે કે રામ, હરિશ્ચંદ્ર, વિક્રમ અને કુમારપાલ મહારાજાના રાજ્યની જેમ ન્યાય વૈભવ સત્યતા પ્રમાણિકતા પ્રમુખનું સામ્રાજ્ય વર્તે ? Be honest, Speak the truth, Leave off immoriality. (પ્રમાણિકપણું ભજો, સત્ય વદો, અનીતિ ત્યજો !) ત્યારે કુમારપાળ મહારાજની જેમ પરમાર્હતપણાનું બિરૂદ પ્રાપ્ત થશે.)

ચતુર્થ વ્રત.

ચતુર્થ વ્રતમાં કુમારપાળ મહારાજાએ ધર્મ પામ્યા પછી પરણવાનું નિયમ કર્યું. ચાતુર્માસમાં મન વચન અને કાયા એમ

ત્રણ પ્રકારે શીલ–બ્રહ્મચર્ય પાળતા–મનથી શીલ ભાંગતે છતે ક્ષપણુક (ઉપવાસ) કરતા, વચનથી ભાંગતે છતે આયંબિલ કરતા અને કાયાથી ભાંગતે છતે એકાશન કરતા. પરસ્ત્રી પ્રત્યે સહોદરનું બિરૂદ ધારણ કરતા, ભોપલ દેવી વિગેરે આઠે રાણીના મૃત્યુ બાદ પ્રધાનાદિકોએ ઘણું કહ્યા છતાં પણ પરણવાના નિયમનો તેમણે ભંગ કર્યો નહિ. આરાત્રિક (આરતિ) માટે સાથે રાખવા ભોપલદેવી રાણીની સુવર્ણની મૂર્તિ કરાવી. શ્રી ગુરૂમહારાજે વાસક્ષેપ પૂર્વક તેમને રાજર્ષિનું બિરૂદ આપ્યું.

ઉપર મુજબ કુમારપાળ મહારાજા ચતુર્થ વ્રતને વિષે ત્રિવિધે સખ્ત પ્રતિજ્ઞા પૂર્વક શિયલનું પાલન કરતા. પરસ્ત્રી તો જેમને સદા મા બ્હેન તુલ્ય જ હતી. જ્યારે આજ કાલ પરદારા લંપટ મનુષ્યો ઠેર ઠેર શ્વાનની જેમ ભટકતા ફરે છે. તેથી ખરેખર શ્વાન (કુતરો) જેમ હાડકાંને ચુસતાં આનંદ માની લીયે છે (પોતાના મુખમાં હાડકું લાગવાથી લોહિ નીકળે છે તેને ચાટે છે પણ તેથી જરા પણ તૃપ્તિ થતી નથી) તેમ પોતાની વીર્ય શક્તિનો નાશ પ્રત્યક્ષ થવા ઉપરાંત અનેક મહારોગને વશ થતાં પણ મૈથુનને વિષે લીન થઇ જાય છે. પરસ્ત્રીની ઇચ્છા મનથી પણ કરનાર રાવણની જેમ નર્ક ગતિ પામે છે ત્યારે મન વચન અને કાયાથી પરસ્ત્રી ગમન કરનારનું તો શું કહેવું. સ્વદારા સંતોષી સુશ્રાવક સુદર્શન શેઠની ધૈર્યતાને સહસ્રવાર ધન્ય છે કે જેને અભયા રાણીએ અનેક પ્રકારે અનુકૂલ ઉપસર્ગ કરતા છતાં પણ તેઓ મનથી કિંચિત્ ડગ્યા નહિ. વળી જંબુસ્વામિ કે જેણે આઠ કન્યા સાથે પાણિ ગ્રહણ કર્યા છતાં પણ વિષયને વિષતુલ્ય સમજી આઠે સ્ત્રીને પણ પ્રતિબોધી

પ્રાત કાળે ચારિત્ર અંગીકાર કર્યું. સર્વથી આશ્ચર્યજનક શ્રી સ્થૂલિભદ્ર સ્વામિનું ચરિત્ર છે કે જેણે કોશ્યા વેશ્યાને ત્યાં બાર વર્ષ પર્યંત રહ્યા છતાં પણ ચારિત્ર લઇને તેજ કોશ્યાને ત્યાં ચાતુર્માસ રહી ષટ્રસ ભોજન કરતાં, કોશ્યાના અનુકુલ ઉપસર્ગ પ્રમુખ છતાં કામરાજાનો પરાજય કર્યો. શાસ્ત્રને વિષે અનેક દૃષ્ટાંતો છે તેનો ધડો લઇ શ્રાવકોએ બને તો સર્વથા મૈથુનત્યાગ છેવટ સ્વદારાસંતોષી અવશ્ય થવું જોઇએ. તેમાં પણ પર્યુષણાદિક છ અઠ્ઠાઇઓ, કલ્યાણકના દિવસો અને બારતિથિના દિવસને વિષે સર્વથા મૈથુનનો ત્યાગ કરવો જોઇએ. વળી ઉત્તમ શ્રાવક તથા શ્રાવિકાએ આ સંસારના પ્રત્યક્ષ વૈરાગ્યજનક નાટકનો વિચાર કરી કામને ઉત્તેજક, પૈસાનું પાણી કરનાર તથા ઉજાગરાથી શરીરને હાનિકારક અને વખતનો ગેર ઉપયોગ કરવાવાળા નાટક પ્રમુખનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ. કારણ કે પ્રાય ઘણા જનો નાટકમા મન અને વચનથી પરવશ થઈ મહાકર્મ બાધે છે. ચતુર્થ વ્રત પાળવાના ઇચ્છકોએ રસનેંદ્રિયને બરાબર વશ રાખવી જોઇએ બને ત્યાં સુધી અચિત્ત જલ વાપરવું, માદક પદાર્થોથી દૂર રહેવું, ચક્ષુ ઇંદ્રિયને મર્કટની જેમ જ્યાં ત્યાં દોડવા ન દેતાં વશ રાખવી, ચાલતાં પણ પ્રાયઃ નીચી દૃષ્ટિ પૂર્વક ચાલવું, નવ વાડોનું સ્વરૂપ સમજી બરાબર પાળવી, એકાંતમાં પરસ્ત્રી સાથે તો શું પણ સ્વમાતા કે બ્હેન સાથે પણ રહેવું નહિ–વાત કરવી નહિ, તંબોળનો અવશ્ય ત્યાગ કરવો અને પૂર્વે થએલા મહા શિયલવંત પુરૂષોનાં ચરિત્રો વિચારી મનથી પણ અબ્રહ્મનો ત્યાગ કરવો. પંચ મહાવ્રત ધારક મુનિઓ તથા સાધ્વીઓએ ચતુર્થ વ્રતના રક્ષણ માટે

ખાસ લક્ષ રાખવું યુક્ત છે. મુનિએ સાધ્વી તથા શ્રાવિકા પ્રમુખનો પરિચય તથા સાધ્વીઓએ મુનિ તથા શ્રાવક પ્રમુખનો પરિચય રાખવો યુક્ત નથી. નવવાડોનું બરોબર પાલન કરવું. જેઓ આ મહાવ્રતનું ખંડન કરી જૈન મુનિનું લિંગ ધારણ કરી અનેક અનાચાર સેવે તે મહા પાપી શાસનની કેવલ હીલના કરાવે છે જો પોતે વ્રત પાલવાને અસમર્થ થયો હોય તો તેણે વેશને છોડી દેવો યુક્ત છે. પૂર્વે પણ આર્દ્રકુમાર તથા નંદીષેણ મુનિને (ભોગાવળી કર્મ અવશ્ય છતે) તેવો પ્રસંગ પડતાં વેશને છોડી દીધો છે. કેમ કે ગધેડાની ઉપર હાથિની અંબાડી કદિ શોભે નહિ. મનથી પણ અબ્રહ્મનો વિચાર થતાં રહનેમિની જેમ પ્રતિબોધ પામી વિષયથી વિરમી લાગેલ દોષનું પ્રાયશ્ચિત્ત અંગીકાર કરી શુદ્ધ થઇ ચારિત્રનું પાલન કરવું જોઇએ. તેમ નહિ કરતાં જે વેશધારીઓ પ્રત્યક્ષપણે અનાચારનું સેવન કરે છે તે મહા કર્મ બાંધી દુર્ગતિના દાસ થવાના. કુમારપાળ મહારાજના વ્રતની દૃઢતાનું દૃષ્ટાંત લઇ હઇડે સાન લાવી વિષયથી વિરમવું યુક્ત છે.

પાચમું વ્રત.

છ ક્રોડ સુવર્ણ મહોર, આઠ ક્રોડ રૂપા મહોર, દશ સો (હજાર) તોલા મોટી કિમતના મણિરત્નો વિગેરે, બત્રીશ હજાર મણ ઘી, બત્રીશ હજાર મણ તેલ, ત્રણ લાખ મણ ચાવલ તથા ચણા, જુવાર અને મગ આદિક ધાન્યોના દરેકના પાંચ લાખ મુડા, ઘરહાટ સભા વહાણ ગાડી પાલખી ઇત્યાદિ, અગ્યારસો હસ્તિઓ; પચાસ હજાર રથો, અગ્યાર લાખ ઘોડા. અઢાર લાખ સુભટો

એવી રીતે સર્વ સૈન્યનો મેલાપક હતો. ઇત્યાદિ. (શ્રાવકે ઉપર મુજબ કુમારપાલ મહારાજના પરિગ્રહનું પરિમાણ જાણી જેમ બને તેમ અલ્પ પરિગ્રહ રાખવો. કેમકે પરિગ્રહ તે પાપનું મૂળ છે, પુણિયા શ્રાવકની જેમ સંતોષવૃત્તિ ધારણ કરવી પરિગ્રહ રૂપી ગ્રહથી સર્વ જગત્ પ્રાયઃ ગ્રસાયેલું છે. મુનિપણું ધારણ કરી પરિગ્રહ, ધન, કંચન, સ્ત્રી પ્રમુખને વિષે મૂર્છા ધારણ કરે છે, તેઓ શ્રાવકથી થતા દાન ધર્મથી ભ્રષ્ટ થાય છે અને પંચ મહાવ્રતથી વિમુખ થઇ અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થાય છે, તેવા વેશ વિડંબક, લંપટી, છત્ર ધારણ કરનાર–કરાવનાર, પાલખી મીયાનાને વિષે આરૂઢ થનાર, રેલ પ્રમુખ વાહનને વિષે મુસાફરી કરી પોતાને સત્ય માર્ગપાલક કહેવરાવનાર, પગમાં બુટ મોજાં ચાખુંડી પ્રમુખ ધારણ કરનાર, તંબોલ–પાન ચાવનાર, હાથમાં (ફેશનેબલ) સુશોભિત લાકડી છત્રી રાખનાર, રાત્રિ ભોજન કરનાર, યતણિઓ રાખનાર, જિન માર્ગના ઉલટ પુલટ પ્રકાશક, સચિત્ત પાણી વાપરનાર, આરંભાદિ કરનાર અને કરાવનાર, ગાદી તકીયાના માલેક, ભક્ષ્યાભક્ષ્ય પેયાપેયનો વિચાર નહિ રાખનાર, પીળા કપડા પહેરવામાત્રે સંવેગી મનાવનાર–લોકોને ઠગનાર, દેવદ્રવ્ય જ્ઞાનદ્રવ્યનું ભક્ષણ કરનાર, જિન મંદિરનું ઉપરીપણું ધરાવનાર, ઉપાશ્રયના માલિક થઇ બેસનાર, પોતાની માનતા–પૂજા કરાવનાર, પોતાનાં પગલા યા મૂર્તિ સ્થાપન કરનાર–કરાવનાર, ગુણ નહિ છતાં શ્રીપૂજ્ય, પંન્યાસ, આચાર્ય, ઉપાધ્યાય, ભટ્ટારક, પ્રમુખ પદ્વી ધારણ કરી ફરનાર, મંત્ર જંત્ર દોરા ધાગા કરનાર, ગૃહસ્થ પ્રમુખને ઔષધાદિ આપનાર–બતાવનાર, પ્રતિક્રમણાદિ ક્રિયાથી વિમુખ

રહેનાર, સ્નાન-દાતણુ દેહ શુદ્ધિ કરનાર, જાતિકુલ પ્રમુખથી આ
જીવિકા ચલાવનાર, માયાધારી, ગૃહસ્થના કાર્ય કરનાર. (ઈત્યાદિ)

યતિ નામ ધરાવે છે તેઓને ઉત્તરાધ્યયનજીમાં પાગ શ્રમણુ કહી બોલાવ્યા છે. તેવા અનેક કુગુરૂઓના ફંદમાં અવિવેકી એવા અનેક શ્રાવક શ્રાવિકા ફસાયેલા જોવામાં આવે છે; તો તેવા પરિગ્રહવંતથી સદા દૂર રહેવુ, તેઓનું મુખ પણુ જોવુ અકલ્યાણુકારી છે, તેવા કુગુરૂઓને કોઇ પ્રકારે ઉત્તેજન આપવુ નહિ. સામાન્યપણે પરિગ્રહ રાખનાર રત્નાકર પચ્ચીશીના કર્તા **રત્નાકર** સુરિને એક શ્રાવકે પરિગ્રહનું સ્વરૂપ પૂછતાં ગુરૂ મહારાજે ઘણું સ્પષ્ટપણે સ્વરૂપ સમજાવ્યા છતાં ઘણા દિવસો સુધી શ્રાવક કહે જે બરોબર સમજાતું નથી. ગુરૂ મહારાજે વિચાર્યું કે ન સમજવાનું કાંઇ પણ ગભીર કારણુ હોવુ જોઇએ. તે બાબત પોતાને વિચારતાં સમજાયુ જે હું મારી પાસે પરિગ્રહ ધરાવુ છુ તેથીજ તે શ્રાવક એ પ્રકારે કહે છે, એવું ધારી પોતે સર્વ પરિગ્રહ ત્યાગી નિસ્પૃહી બની બીજે દિવસે પાટ ઉપર જેવામાં મહારાજ બિરાજે છે કે તુરતજ શ્રાવકે નમ્રપણે હસ્ત જોડી કહ્યું કે હે કૃપાનાથ ! હવે હું યથાર્થ સ્વરૂપ સમજયો, એમ કહી પોતે ગુરૂ મહારાજની સ્તુતિ કરી. આ પ્રમાણે પૂર્વે શ્રાવકો પણ સ્થિર કરનાર હતા અને મુનિઓ પણ પોતાની ભૂલ સ્વીકારી સન્માર્ગનું સેવન કરવા તત્પર થતા. પરિગ્રહપર મૂર્છા રાખનાર મુનિએ પણ પરિગ્રહનો ત્યાગ સર્વથા કરવો ઉચિત છે અને શ્રાવક શ્રાવિકાએ પણ યથોચિત પરિમાણુ કરવું. મીલ, જીન, પ્રેસ પ્રમુખ કર્માદાનના વ્યાપારો ખરેખર દુર્ગતિનું કારણુ સમજી ન

કરવા. કલિકાળમાં તેનું પ્રબળ વધતું જ જાય છે તો ભવભીરૂએ વિચાર કરવો.)

છઠ્ઠું વ્રત.

વર્ષાકાળમાં શ્રી પાટણના સીમાડાની બહાર ગમન કરવાનો નિષેધ હતો.

કુમારપાલ મહારાજની જેમ કૃષ્ણ વાસુદેવ પણ ચાતુર્માસને વિષે દ્વારિકાની બાહાર ગમન કરતા નહિ, તેમ શ્રાવકોએ અવશ્ય કરી છઠ્ઠા વ્રતને વિષે અતિ સક્ષેપ કરવો. અઢાર દેશનું સર્વોપરિપણું ધરાવનાર કુમારપાળ અને ત્રણ ખંડના ધણી શ્રીકૃષ્ણ વાસુદેવ જેવા અનેક પ્રકારની રાજકીય ખટપટ હોવા છતાં ચાતુર્માસને વિષે કેવી નિવૃત્તિ મેળવતા, આવી નિવૃત્તિ પ્રાપ્ત કરીને પણ સામાયક, પૌષધ, પ્રતિક્રમણ, વ્યાખ્યાનશ્રવણ અને પ્રભુ ભક્તિ વગેરેમાં તેઓ પ્રાયઃ લીન રહેતા. વળી ચાતુર્માસને વિષે વર્ષાના કારણે લીલફુગ વગેરે વનસ્પતિ થવાથી તથા અનેક ત્રસ જીવ ઉત્પન્ન થવાથી ભવભીરૂ શ્રાવકે અવશ્ય દિશી પરિમાણ કરવુ જોઇએ. ચાતુર્માસને વિષે કુમારપાળ મહારાજપર પરસૈન્ય આવતાં છતાં પણ તેમણે વ્રતનું પાલન કર્યું હતું. વળી પૂર્વે સિંહ શ્રેષ્ટિએ પણ દિશી પરિમાણના નિયમને અંગે પાદપોપગમન નામનું અનશન કરી અંતે એક માસે કેવલજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધિ પદ મેળવ્યું હતું પણ વ્રતનો ભંગ કર્યો નહિ તેની જેમ શ્રાવકે લીધેલા વ્રતનું પાલન કરવું જોઇએ. શેષાકાળ તથા યાવજ્જીવ માટે બને ત્યાં સુધી દિશી પરિમાણ કરવું જોઇએ. અનાર્ય દેશોમાં જવાથી પ્રાયઃ બુદ્ધિની ભ્રષ્ટતા

થવા પામે છે, ભક્ષ્યાભક્ષ્ય પેયાપેયનો વિચાર રહેતો નથી, ફેશન (મોજશોખની પ્રીશીયારી) માં ફસાઈ જવાય છે, બહુધા ઇંદ્રિઓ કાબુમાં નહિ રહેવાથી વિષયી–લંપટી બની જાય છે અને તેના લીધે કેટલાએક તો મહા રોગોને વશ પડી દેશમાં આવતાં થોડા અરસામાં પરલોકગમન કરી જાય છે અને અંતે કાઇ ધર્મસંબલ પામી શકતા નથી. આર્ય દેશપણું મહાપુણ્ય યોગે પામી શકાય છે પણ જે પ્રાણિઓ આજીવિકા માટે યા કર્મને વશ થઇ મોજશોખ કે માન પાનની ખાતર દુર દેશોમાં ભ્રમણ કરી જીવિત પાયમાલ કરે છે તેઓએ કુમારપાળ મહારાજનો ધડો લેવો જોઇએ.

સાતમું વ્રત.

કુમારપાળ મહારાજને મદ્ય, માસ, મધ, માખણ, બહુ બીજ, પાચ જાતિના ઉદુંબર ફલ, અભક્ષ્ય, અનતકાય, ઘેવર આદિકનો નિયમ હતો. દેવ પાસે નહિ ધરેલા વસ્ત્ર ફલ તથા આહાર આદિકનો ત્યાગ હતો ધર્યા પછી બાકીનું વાપરતા. એક પાન રૂપી સચિત્ત અને તેના પણ એક દિવસમા આઠ બીડા ખપતા, રાત્રિએ ચારે પ્રકારના આહારનો નિષેધ હતો, વર્ષાકાળમાં એક ઘીની વિગય છુટી હતી. શાડ્વલ (લીલોતરી) શાકનો ત્યાગ હતો, નિત્ય એકાશન કરતા, પર્વને દિવસે મૈથુન, વિગય તથા સચિત્તનો ત્યાગ હતો

શ્રાવકોએ કુમારપાળ મહારાજની જેમ બાવીશ અભક્ષ્ય અનંતકાય (જેનું વિવરણ વિસ્તારથી અગાઉ લખવામાં આવેલ છે.) નો સમજપૂર્વક ત્યાગ કરવો. વસ્ત્રનો ઉપયોગ માટે યા વ્યાપારાર્થે

નિયમ કરવો. ફલ વનસ્પતિનો નિયમ યાવજ્જીવ માટે ગ્રહણ કરવો. સચિત્તનો બને તો સર્વથા યા યથાશક્તિ ત્યાગ કરવો. પન્નર કર્માદાનના વ્યાપારનો અવશ્ય ત્યાગ કરવો. આ બાબત શાસ્ત્રકાર જ્યારે ભાર દઇ ત્યાગ કરવા ઉપદિશે છે ત્યારે આજકાલ અનેક શ્રીમંત ગણાતા શ્રાવકો મીલ, જીન, પ્રેસ, ફેકટરીઓ, અને માઈન્સ (ખાણો)ના મહા આરંભદાયક વ્યાપારોમા મશગુલ થઈ રહ્યા છે. જે મીલ પ્રમુખના આરંભનું વર્ણન કરતાં એક ગ્રંથ થવા પામે, આમ ત્રાસદાયક રીતે અનેક જીવોનો વિનાશ થતાં પણ આ મીલ પ્રમુખના માલેકોના મગજપર અસર થતી નથી; તેનું કારણ કલિકાળનો કેર અને તેથી તદ્દન નિ:શૂક પરિણામ થવાથી તેઓને સ્વપ્ને પણ તેથી મુક્ત થવાનો વિચાર ન આવે. આખી જીંદગી નિષ્ફળ કરી, અનેક પાપની પોટલી શિરપર બાંધી, પોતે એકલોજ દુર્ગતિમાં કડવા ફળ ચાખશે. ભવભીરૂએ તેથી વિરમવું જોઇએ આ મહા આરંભદાયક મીલ વગેરેના શેરો લેવા કે તેના પાર્ટનર (ભાગીદાર) થવુ યા દલાલી કરવી વગેરેથી આત્માર્થીજનોએ દૂર રહેવું. જમીનદારોને પણ અનેક આરંભો કરવા કરાવવા પડે છે તેથી નિર્દોષ વ્યાપારથી આજીવિકા ચલાવવી યુક્ત છે એકાશનાદિ વ્રત નિત્ય કરવા, પર્વને દિવસે તથા કલ્યાણકાદિ અઠ્ઠાઇના દિવસોને વિષે મૈથુનનો અવશ્ય ત્યાગ કરવો તથા બીજા પણ આરંભો વર્જવા.

આઠમું વ્રત

કુમારપાળ મહારાજે સાતે વ્યસનોને દેશમાંથી સમુદ્રમાં ફેકયાં.

શ્રાવકોને સાત વ્યસનનો અવશ્ય ત્યાગ હોવો જોઇએ તેમજ અપધ્યાન-મનનું આહટ દોહટ ચિંતવવુ; પાપોપદેશ-પાપનો ઉપદેશ વિના સ્વાર્થે દેવો; હિંસપ્રદાન-જેનાથી હિંસા થાય તેવી ચીજો વગર સ્વાર્થે લેવી દેવી (જેમકે ઘંટી, ખાણીયા, છરી, સૂડી, કોદાળી, કોશ, અગ્નિ દીવાસળી, અનેક પ્રકારના હથિયાર, અધિકરણો); પ્રમાદાચરણ-પ્રમાદના આચરણ એટલે વિકથા -મદ પ્રમુખ કરવું તે; ઉપર લખેલ ચારે પ્રકારનો ત્યાગ કરવો, જુગટું રમવું નહિ, હોડ પણ કરવો નહિ, પશુ પંખી ક્રીડા અર્થે પાંજરે ન રાખવાં, હોળી પ્રમુખ જોવાં નહિ, નાટક નાચ ઘોડાની શરત પ્રમુખ જોવાં નહિ, ફાંસી દે ત્યાં જવું નહિ, ઝાડ વનસ્પતિ વગર કામે ન તોડવાં, ગંજીફો ચોંપાટ પાસાની રમત પ્રમુખનો ત્યાગ કરવો, દીવાળીપ્રમુખ પ્રસંગે દારૂખાનું ફોડવું નહિ, વાંદરા, ભવાયા, નટ, મદારી, તાબુત, હવન, અન્ય દેવ દેવલાનાં દર્શન, ગરબી, સરઘસ, મેળા, વરઘોડા, હાથી પાડાના યુદ્ધો, રાત્રિની ગમતો જેમકે સંગીતશ્રવણ, ચાપાર્ટીની મીજલસમાં જવું વગેરેનો ત્યાગ કરવો કેમકે તેથી અનર્થના કારણો, વખતનો ગેર વ્યય, મિથ્યાત્વની વૃદ્ધિ પ્રમુખ અનેક દોષો થાય છે.

નવમું વ્રત.

નવમા વ્રતમાં કુમારપાલ ભૂપાલને બન્ને વખત સામાયિક કરવુ તથા તે કરતે છતે શ્રી હેમચંદ્રાચાર્ય વિના બીજાઓ સાથે બોલવાનો તેને ત્યાગ હતો. હમેશાં યોગશાસ્ત્રના બાર પ્રકાશ તથા વીતરાગ સ્તત્રના વીશ પ્રકાશનો પાઠ કરતા

આ કુમારપાલ મહારાજની જેમ તથા પુણિયા શ્રાવકની જેમ શ્રાવકે સામાયકને વિશે જયારે જયારે અવકાશ મળે ત્યારે

ત્યારે ઉદ્યમી થવું જોઇએ. છેવટ બે વખત પ્રતિક્રમણ સામાયક, અવશ્ય કરવાનો નિયમ હોવો જોઇએ. આજકાલ વિકથામાં કલાકના કલાકો નીકળી જાય, પ્રમાદ નિદ્રા યા નાટક ચેટકમાં પહોરના પહોર ચાલ્યા જાય પણ ફક્ત બે ઘડીના સામાયિકની ફુરસદ ન મળે તે જીવોની હીન પુણ્યાઇ સમજવી. સમજુને વિવેકી શ્રાવકે અવશ્ય સામાયિક કરવાનો ખપ કરવો જોઇએ. વળી સામાયિકમાં થતા બત્રીશ દોષોને જાણી તેને વર્જવા જોઇએ. પણ સામાયિક લઈ બે ઘડીનો કાળ જેમ તેમ પૂર્ણ કરવો યા નિદ્રા લેવી કે નકામી પરચુરણ વાતોમાં વખત કાઢવો યા વાદ વિવાદની વાતો કહાડી ચર્ચા ઉઠાવવી તે યુક્ત નથી. જુઓ કે કુમારપાલ મહારાજ સામાયકમાં ગુરૂમહારાજ શિવાય અન્ય સાથે બોલતા પણ નહિ તે કેટલો અભ્યાસ કરતા તેજ તેમંનો આદર-વિવેક દર્શાવી આપે છે. તો સામાયિક અંગીકાર કરી નિત્ય જ્ઞાનાભ્યાસ વધારવો, તત્ત્વની વાતો સમજવી તથા સમભાવમાં વર્તવું.

દશમું વ્રત.

દશમા વ્રતમાં ચોમાસામા રણસંગ્રામ ન કરવો. ગીઝનીનો સુલતાન આવતે છતે પણ નિયમથી ચલાયમાન થયા નહોતા.

શ્રાવકે દશમાવ્રતને વિષે ચૌદ નિયમનો અતિસંક્ષેપ કરવો. તે દિવસે વર્તમાન પ્રવૃત્તિને અનુસારે ઉપાશ્રયને વિષે દશ સામાયક કરવાં અને યથાશક્તિ ઉપવાસ એકાસણું કરવું, ધર્મ ધ્યાનમાં પ્રવર્તવું. આ દશમું વ્રત મૈથુનના ત્યાગી તથા રાત્રે કામકાજની જેઓને ઉપાધિ નથી તેઓને સંધ્યાથી લઇ પ્રાતઃકાળ પયત ચાર પહોરનું દેશાવકાશિક જયારે ધારે ત્યારે

બની શકે તેવું છે. ઉપાશ્રયની જોગવાઇ છતે ત્યાંજ યા સ્વગૃહને વિષે સંધ્યાયે પ્રતિક્રમણ સાથે ચાર પહોર યા એક બે ત્રણ પહોર (જેવી સ્થિરતા) ના દેશાવગાશિકનો નિયમ કરી અને તેટલા સામાયિક કરવા. એક યા બે વખત પ્રતિક્રમણ કરવાં. બાકીનો વખત સંવરભાવમાં વર્તવુ. ધર્મકથા શિવાય વિકથા તથા સાંસારિક કાર્ય કે ખટપટનો ત્યાગ કરવો. વિવેકી શ્રાવક આ વ્રતનો અવકાશ મળે ત્યારે લાભ લઇ શકે તેવું છે તેથી તેનો જરૂર ખપ કરવો.

અગ્યારમું વ્રત

કુમારપાલ મહારાજ પૌષધોપવસ કરતે છતે રાત્રિએ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા હતા, તે વખતે પગે મંકોડો ચોટ્યો. માણસો તેને ઉખેડવા લાગ્યા, પરંતુ ક્રોધથી તે ચોટીજ રહ્યો. તે વખતે તે મંકોડો મરી જવાની શંકાથી પોતાના પગની ચામડી સહિત તેને દૂર કર્યો, પારણાને દિવસે સઘળા પોસાતીઓને ભોજન કરાવતા.

શ્રાવકોએ આ મહાન્ સુકોમલ કુમારપાલ મહારાજના વ્રતની દૃઢતાનો વિચાર કરવો કે એક મંકોડાની દયા માટે પોતાના પગની ચામડી છેદી નંખાવી, તેવા વીર પુરૂષોની બલિહારી છે. પૌષધોપવાસ જ્યારે જ્યારે બની શકે ત્યારે ત્યારે કરી આત્માને ધર્મની પુષ્ટિ કરવી યુક્ત છે.

બારમું વ્રત.

અતિથિ સંવિભાગ—દુખી એવા સાધર્મી શ્રાવકોનો બહોંતેર લાખ દ્રવ્યનો કર મૂકી દીધો.

મુનિમહારાજને (પ્રથમ તથા અંતિમ તીર્થંકર મહારાજના) રાજ્યપિંડ કલ્પે નહિ તેથી ભરત ચક્રવર્તિની જેમ કુમારપાલ મહારાજે સીદાતા એવા અનેક સાધર્મિ બંધુનો ઉદ્ધાર કર્યો. શ્રાવકે બની શકે તો નિત્ય ગુરૂ મહારાજની છતી જોગવાઇએ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમથી પ્રતિલાભી પછી પોતે ભોજન કરવું ઉચિત છે, છેવટ પૌષધોપવાસને પારણે મુનિમહારાજને નિમંત્રણા કરી દરેક વસ્તુ વહોરવા માટે વિનંતિ કરવી, તેમાંથી જે વસ્તુ મુનિમહારાજના સત્પાત્રને વિષે પડે, તે વસ્તુથી અતિથી સંવિભાગને દિવસે એકાશન કરે યા યથાશક્તિ બીયાસણુ પ્રમુખ કરે. વર્તમાન કાળમાં લગ્ન પ્રસંગોમાં યા બારમું તેરમું કરવામાં યા મોજશોખમાં હજારો લાખોના પાણી થાય છે પણ સીદાતા પોતાના સ્વધર્મી બંધુને ઉચિત સહાય કરવામાં કે આજીવિકાદિકથી જોડવામાં ઘણી ખામી જોવામાં આવે છે. તેવી રીતે નોકારશી ટોળી વગેરે જમાડી હજારો રૂપીઆ ખર્ચવામાં આવે છે (નોકારશી સ્વામીવત્સલ કરવા યોગ્ય છે) છતાં અનેક સીદાતા શ્રાવક વર્ગ અને શ્રાવિકા વર્ગની કફોડી સ્થિતીનો ખ્યાલ બાજુપર રહે છે. સીદાતા બંધુઓનો ઉદ્ધાર કરવો તે ઉત્તમ પ્રકારનો સ્વામિવત્સલજ સમજવો. કેટલાક લજ્જાવડે પોતાની મંદસ્થિતી જાહેર ન કરી શકે તેવા અનેક શ્રાવક શ્રાવિકા બારિકીથી તપાસ કરવામાં આવે તો માલુમ પડે. તેથી

આ બાબત લક્ષમાં લેવા યોગ્ય છે. વળી શ્રાવકના નિત્ય અભંગ (ઉઘાડાં) દ્વાર કહ્યા છે કેમકે બંધ બારણા હોવાથી ઉત્તમ પાત્ર એવા મુનિરાજ આવે તો તે પાછા વળી જાય અને દુઃખી ભિક્ષુક અપંગ વગેરે આવે તે નિરાશ થઇને ચાલ્યા જાય; તેથી તીર્થંકર મહારાજાએ અનુકંપાદાનનો નિષેધ કર્યો નથી, તો સ્વશક્તિ અનુસાર ભીખારી વગેરે જે દયાને પાત્ર છે, તેને દાન આપવું. અરે ! દાન આપવું તો દૂર રહ્યું પણ અજ્ઞાનવશાત્ કેટલીક વેળા તેવા બિચારાને ગાળો દેવામાં આવે છે યા હાંકી કાઢવામાં આવે છે તે કેટલી મૂર્ખતા ! તેથી કેવા કર્મનો બંધ પડે ? શક્તિ હોય તો આપવું અન્યથા મિષ્ટ વચને ઉત્તર આપવો પણ અપશબ્દ બોલવા યા પ્રહારાદિ કરવા નહિ. જ્યારે એક માણસ ગરીબ ભિક્ષુક સ્થિતીમાં મૂકાય છે ત્યારે તેના દુઃખનો ખ્યાલ તેનેજ આવી શકે તેથી તેતો ક્ષુધાથી કે તૃષાથી પીડિત થઈ વારંવાર માગ્યા કરે પરંતુ સજ્જન પુરૂષે વિચાર કરવો જોઇએ કે હું આવી નિર્ધન સ્થિતીમાં હોઉં તો કેમ કરૂં, તેથી સદા કુમળું હૃદય રાખવું અને દીન ક્ષીણનો પણ ઉદ્ધાર કરવો. જે પુરૂષ શ્રીમંતાઇનો ગર્વ ધરાવી દીન-દુખી જનોનો તિરસ્કાર કરશે તે અવશ્ય પરભવે અધમ સ્થિતી પામશે. લક્ષ્મિ આજ છે ને કાલ નથી એવું ધારી વિક્રમ, કુમારપાળ, વસ્તુપાલ, તેજપાલ પ્રમુખની જેમ અનેક પ્રકારના સતકાર્યોમાં લક્ષ્મી વાપરવી.

વળી પણ શ્રીકુમારપાળ મહારાજે શ્રીહેમચંદ્રાચાર્ય મહારાજની ધર્મશાળાની મુહપત્તિ પડિલેહનાર ધાર્મિકને પાંચશેં ઘોડા તથા બાર ગામનું અધિપતિપણું આપ્યું તથા સઘળી

મુહપત્તિ પડિલેહનારાઓને કુલ્લે પાંચશે ગામનું દાન આપ્યું. એવી રીતે વિવેકીમાં શિરોમણિ સરખા તે કુમારપાળ રાજાના બીજા પણ અનેક પ્રકારના પુણ્ય માર્ગો હતા તેમાંથી અહિં કેટલાક લખી શકાય ? એવી રીતે ઉત્તમ ધર્મક્રિયાથી તેણે ફક્ત પોતાના બાકી બે ભવો રહેવારૂપ કાર્ય સિદ્ધ કર્યું (આવતી ઉત્સર્પિણીમાં પદ્મનાભ મહારાજના ગણધર થઇ તે ભવે સિદ્ધિ પામશે); તેમજ સાધર્મીઓને યોગ્ય દાન, માન, ધર્મની સહાયતા, કરોનું છોડવું, દુખીઓના ઉદ્ધારાદિ તથા અઢાર દેશોમાં અમારી (અહિંસા) પ્રવર્તનાદિકથી તેનો પરોપકાર પ્રગટજ દેખાય છે.

અત્રે કુમારપાલ મહારાજના સમ્યક્ત્વ મૂલ બારવ્રતાદિકનું કિંચિત્ વર્ણન કર્યું છે તેનો હેતુ માત્ર એજ છે જે અઢાર દેશનું રાજ્ય પાળતા છતાં પણ શ્રાવકના વ્રતને વિષે તેઓશ્રી કેટલે દરજ્જે ગયા છે કે જેનું અનુકરણ કરવું તે તો દૂર રહ્યું પણ તેની ભાવના વિચારી આપણે કેટલા પછાત છઇએ અને હજુ આપણે કેટલા પ્રયાસની જરૂર છે, તેવી શુભ ભાવના પ્રાપ્ત કરવા નિમિત્તે પ્રસંગોપાત આ વિષય ઉમેર્યો છે. આણંદ કામદેવાદિક શ્રાવકો કે જેની સ્વયં મહાવીર સ્વામિએ પ્રશંસા કરી છે. વળી જેઓએ શ્રાવકની પડિમા વહન કરી કે જે પડિમાને વિષે નિરવદ્ય આહાર લેવો પડે છે તે ઉત્સર્ગ માર્ગ સમજવો. જો તેવા પ્રકારની શક્તિ ન હોય તો સચિત્ત ત્યાગી હોય, આખર જો તે પણ ન કરી શકે તો બાવીશ અભક્ષ્ય અનંતકાયનો તો જરૂર ત્યાગ કરે. અત્રે લક્ષમાં રાખવું જોઇએ કે અભક્ષ્યાદિનો અમુક નિયમ કર્યો તેથી સંતોષ પામવાનો નથી પણ

આણંદ કામદેવ તથા તથા કુમારપાલ મહારાજ વગેરેની જેમ શ્રાવકના દ્વાદશવ્રત અંગીકાર કરી અનુક્રમે પંચમહાવ્રતની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો યુક્ત છે. શાસ્ત્રકાર મહારાજ પ્રથમ તો સર્વ વિરતિપણાનોજ ઉપદેશ કરે છે પણ જ્યારે શ્રાવક અસમર્થ તથા ઉત્સાહ રહિત જણાય છે ત્યારે પછી દેશવિરતિ પ્રમુખનો ઉપદેશ આપે છે.

તા. ક-પૃષ્ટ ૯૪ ની ૨૧ મી કલમમાં શેરડીનો રસ બે ઘડી પછી અચિત્ત છે એમ લખ્યું છે પણ તેનો કાળ જણાવ્યો નથી તો શ્રી **લઘુપ્રવચનસારોદ્ધાર**માં તેનો કાળ બે પહોરનો કહેલો છે, તે પછી અભક્ષ્ય છે. આ બાબત સ્પુટ કરવાનું કારણ એ છે કે-વરસી તપને પારણે કેટલાક અજાણ લોકો આવો કાળાતીત રસ વાપરે છે તો તેમણે ઉપયોગ રાખવા જરૂર છે.

છપાયેલ પુસ્તકોનું લિસ્ટ.

જૈન હિતબોધ	૦-૪-૦
જૈન હિતબોધ હિંદી	૦-૬-૦
જૈન હિતોપદેશ ભાગ ૧	૦-૪-૦
જૈન હિતોપદેશ ભાગ ૨-૩	૦-૬-૦
જૈન હિતોપદેશ ભાગ૧હિંદી	૦-૪-૦
જૈન હિતોપદેશ ભાગ ૨-૩ શાસ્ત્રી	૦-૮-૦
જૈન તત્વ પ્રવેશિકા	૦-૨-૦
બ્રહ્મચર્ય વ્રત	૦-૩-૦
જૈન વાચનમાળા	૦-૦-૯
અભક્ષ્ય અનંતકાય વિચાર	૦-૨-૬
ઉપદેશમાળા પ્રકરણ ભાષાંતર	૦-૪-૦
દેવસીરાઇ પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી (હેતુવિધી, શબ્દાર્થ, ભાવાર્થ, ઉપયોગી વિષયો સાથે)	૦-૩-૬
સામાયકસૂત્ર સાર્થ સંસ્કૃત અવચૂરિ સાથે	૦-૨-૬
શ્રદ્ધાશુદ્ધિ ઉપાય	૦-૧-૦
પ્રશમરતિ	૦-૪-૦
પુષ્પમાલા પ્રકરણ	૦-૪-૦
શાન્તસુધારસ ભાવના અને પ્રશ્નોત્તરમાળા	૦-૪-૦
પંચ પ્રતિક્રમણ સૂત્ર મૂળ શાસ્ત્રી	૦-૪-૬
પ્રશ્નોત્તર રત્નચિંતામણી અને અઢારહ દૂષણ નિવારક હિંદી	૦-૧૨-૦
ભાષ્યત્રયમ્ ગુજરાતી ભાવાર્થ અને વિવેચન સાથે	૦-૪-૦
ભાષ્યત્રયમ્ સાર્થ શાસ્ત્રી	૦-૬-૦
સ્તુતિસંગ્રહ (સંસ્કૃત મૂળ અવચૂરિ સાથે)	૦-૬-૦
વીતરાગસ્તોત્ર ભાષાંતર સાથે	૦-૧-૦
સમાધિવિચાર	૦-૦-૯
સ્તોત્રરત્નાકરસટીકપ્રથમભાગ	૦-૭-૦
સ્તોત્ર રત્નાકર સટીક દ્વિતીય ભાગ	૦-૯-૦
પંચ પ્રતિક્રમણ સૂત્રાર્થ સાવચૂરિક (અનેક ઉપયોગી બાબતોથી ભરપુર)	૦-૧૦-૦
પર્યુષણ મહાપર્વ માહાત્મ્ય	૦-૭-૦
કુલક સંગ્રહ ભાવાર્થ સાથે	૦-૧-૦

સદ્ગ્રન્થોના પ્રચાર અર્થે જૈન પ્રજાને

બે બોલ.

દિવ્ય પ્રતિભાવંત સત્પુરૂષોના હૃદયમાંથી વહેતા જ્ઞાનામૃતના ઝરણાંઓના સંગ્રહગ્રન્થો જગતનું અનેકધા હિત સાધે છે, તેમ હૃદયોમાં શાન્તિ રેડે છે અને મરવા પડેલી દિવ્ય ભાવનાઓને પુનર્જીવન આપે છે. જ્ઞાનીઓના સ્થૂલ દેહના વિરહે તેમના અક્ષરદેહનો સમાગમ પણ અત્યંત ઉપકારક નિવડે છે. એવા પુરૂષોના અક્ષરદેહરૂપ ગ્રન્થો એ દેશ પ્રજા અને ધર્મનો અમુલ્ય મિલકત છે. તેને સંભાળ ભરેલી રીતે જાળવી રાખવા સર્વત્ર વિસ્તારવા અને તેના પરથી યોગતાનુસાર અનુવાદ કરવા, એ દેશ પ્રજા અને ધર્મની ઉત્તમ સેવા બજાવવારૂપ છે.

પોતાના વ્હાલાઓના પુણ્યાર્થે કે સ્મરણાર્થે વિધિવાદ, અર્થવાદ કે કથાઓના ગ્રન્થો છપાવી તેને વિના મુલ્યે કે અલ્પ મુલ્યે ગામોગામ અને ઘરોઘર ફેલાવવાની જરૂર છે. એ જરૂરને કાંઇક અંશે પુરી પાડવાને અમોએ ધનવાન અને ઉદાર સજ્જન શ્રી પુરૂષોની દ્રવ્યાદિ સ્હાયવડે આચાર અને તત્વના ન્હાના મ્હોટા ગ્રન્થો છપાવી પ્રજામાં હજારોની સંખ્યામાં ફેલાવ્યા છે. હજુ પણ અમારો એજ ઉદ્દેશ છે.

જે જે સજ્જન શ્રી પુરૂષોને પોતાના કે પોતાના વ્હાલાઓના પુણ્યાર્થે સ્મરણાર્થે કે માત્ર પરમાર્થ દાવે એવા ઉત્તમ ગ્રન્થો છપાવી પ્રજામાં વ્હેંચાવવા હોય તેમનું કામ અમો નિસ્પૃહ ભાવે કરી આપવાને તૈયાર છીએ. દરેક કુટુંબ તરફથી ન્હાનું કે મ્હોટું એક પણ ઉત્તમ પુસ્તક સર્વત્ર છુટથી ફેલાવી જગતમાં પોતાની હૈયાતી સફળ કરવી જોઇયે. મદદગારોએ નીચેના શીરનામે પત્ર વ્યવહાર કરવો.

લી. સેવક વેણીચંદ સુરચંદ.

સેક્રેટરી–શ્રી જૈન શ્રેયસ્કર મંડળ.

મ્હેસાણા.